# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

## મરકઝે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા માસિક


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-ડિસેમ્બર-૨૦૦૫**

શવ્વાલ-ઝીલ કઅદ

**હિજરી સન : ૧૪૨૬**

**વર્ષ : ૦૨ અંક : ૧૨, સળંગ અંક : ૨૪**

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



★ પત્ર વ્યવહારનુ સરનામું ★

**બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧**

Email User ID : islamic@sancharnet.in


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ રિફઅતે મુસ્તફાઈ પર અર્શ કી અક્લ દંગ હૈ ★

રિફઅતે મુસ્તફાઈ પર અર્શ કી અક્લ દંગ હૈ
ઉનકી હર એક અદા મેં ક્યા મહબૂબિયત કા રંગ હૈ

વલ્લૈ લૂ વદ્દૂહા સે હૈં આક઼ા કે ઝુલ્ફો રુખ મુરાદ
દિલ નૂર જિસ્મ નૂર હૈ નૂરાની અંગ અંગ હૈ

કૈસી હૈ સૈરે લામકાં, જો થા નિહાં હુવા અયાં
રૂહુલ અમી સે પૂછીએ કૈસે કા આજ સંગ હૈ

આગાઝ સે અખીર તક કુર્આં હૈ નઅતે મુસ્તફા
મહ઼બૂબ કે બયાન કા કૈસા અનોખા ઢંગ હૈ

ઈન્કારે ઈલ્મે મુસ્તફા ઘુટ્ટીમેં હૈ તેરી પળા
નજ્દી તેરા ઠીકાના ક્યા તૂ તો કટી પતંગ હૈ

ગુસ્તાખે મુસ્તફા હૈ તૂ ચલ રે વહાબી દૂર હો
ફિટકાર તેરી શક્લ પર, દિલ પે ભી તેરી ઝંગ હૈ

મહબૂબે કિબ્રિયા કી ઝાત વાજિબે એહતેરામ હૈ
તૌહીન ઉનકી જો કરે ઉસસે હમારી જંગ હૈ

**"નઝમી"** કિયે હી જાએગા મીલાદે મુસ્તફા બયાં
ઉસકો કભી ન છેળના સુન્ની બળા દબંગ હૈ

**"નઝમી"** કો નાર કી તરફ લે ચલે જબ મલાએકા
આક઼ા કહે કે છોળ દો યે તો મેરા મલંગ હૈ


★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**


**નોંધ :** ગ્રાહક નંબર.................... આપનું લવાજમ તા. ..............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ, દયાદરા, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

# બરકાતે ખ્વાજા (માસિક) ડિસેમ્બર-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : ૧૨ ★ સળંગ અંક : ૨૪



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ : રસૂલુલ્લાહ ﷺ ના જન્મ સ્થળની કાલ, આજ અને આવતી કાલ ?!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૩ |
| ૦૩. | પાયચાવાળીને નમાઝ પઢવી કેવી ? | **કાર્યાલય** | ૧૫ |
| ૦૪. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૬ |
| ૦૫. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૮ |
| ૦૬. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૦ |
| ૦૭. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૨૨ |
| ૦૮. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૫ |
| ૦૯. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૭ |
| ૧૦. | જેહાદ વિશે ઈસ્લામી દષ્ટિકોણ | **રજૂકર્તા** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૮ |
| ૧૧. | બુઝુર્ગોની ઈબાદત | **રજૂકર્તા** : મુહમ્મદ તૌફીક અહમદ ઉષ્માન રઝવી વ્હોરા | ૩૧ |
| ૧૨. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરજાનાબેન અલી પટેલ (દયાદરા) | ૩૩ |
| ૧૩. | મનઘડત તથા બનાવટી રિવાયતો | **રજૂકર્તા** :મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવા | ૩૫ |
| ૧૪. | મુસ્લિમો પર પશ્ચિમી ગુનાહિત હવાની ખરાબ અસરો અને તેનો ઈલાજ | **રજૂકર્તા** : મલેક સઈદ અશરફ ભાલેજવાળા<br>*(લેખ હરીફાઈમાં પ્રથમ આવનાર લેખ)* | ૪૨ |
| ૧૫. | ''ઈમામ અહમદ રઝાખાં'' જેવા..... | **રજૂકર્તા** : અલી મુહમ્મદ અહમદ બાબી—પોરબંદર | ૪૫ |
| ૧૬. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૪૬ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૭ |
| ૧૮. | બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ.... | **કાર્યાલય** | ૪૮ |


**નોંધ : સ્થળ સંકોચને કારણે લેખમાળા "ઔરતોની હિકાયતો", તથા "અઝવાજે મુતહ્હરાત"નો આ અંકમાં સમાવેશ કર્યો નથી, આવતા અંકથી રાબેતા મુજબ ચાલશે. (ઈન્શાઅલ્લાહ !)**

નજ્દી વહાબી બેઅદબોની બદ્‌નિયતીનું નિશાન બનેલ

# રસૂલુલ્લાહ ﷺ ના જન્મ સ્થળની કાલ, આજ અને આવતી કાલ ?!

જંગી ટોપ......

"યા રસૂલલ્લાહ ! અલ મદદ !"ના પોકારને શિર્ક કહેનાર વર્તમાનકાળની ઈસાઈ–યહૂદી મિત્ર સઊદી નજ્દી હુકૂમતે "યા અંગ્રેજ ! અલમદદ !"ના પોકાર સાથે અંગ્રેજને કોઈ રીતે મચક ન આપનાર "સુન્ની તુર્કી ઉષ્માનિયા હુકૂમત" સામે બગાવત કરીને ઈ.સ. ૧૯૨૦થી સઊદી અરબ પર તેમજ મક્કા શરીફ તથા મદીના શરીફની પવિત્ર ભૂમી પર જુલ્મી રીતે કબ્જો જમાવ્યો અને સાદાત, ઉલમા તથા મુસલમાનોની કત્લેઆમ ચલાવી જેનો ઈતિહાસ ભૂંસાય નથી ગયો. ત્યારથી લઈને આજ સુધી વહાબી નજ્દીઓ ઈસ્લામના મહાન બુઝુર્ગોના, અહલે બયત, અજવાઝે મુતહ્‌હરાતનાં પવિત્ર મઝારોને તથા યાદગાર મસ્જિદો તથા એવાં સ્થળોની નિશાનીઓ પર બુલડોઝરો ફેરવતા રહ્યા છે. ૧૪૦૦ વરસથી સહાબા, તાબઈન, બુઝુર્ગો તથા સહીહુલ અકીદા આમ મુસ્લિમો જે સ્થળોની અદબ કરતા આવ્યા તેનો નજ્દી વહાબીઓએ સત્તા પામ્યા બાદ ખૂબ બેઅદબીપૂર્વક સફાયો બોલાવી દીધો.

નબી કરીમ ﷺ ની વિલાદત (જન્મ)નું સ્થળ કે જેની ખૂબ જ તાઝીમપૂર્વક તુર્કી સુન્ની ઉષ્માનિયા હુકૂમત સુધી સર્વ આગલા મુસ્લિમો અદબ કરતા આવ્યા, ત્યાં તુર્કીઓના સમય સુધી ગુંબદવાળુ મકાન હતું અને જ્યાં અદબપૂર્વક મેહફિલો થતી હતી ત્યાં સઊદી નજ્દીઓએ સત્તા પામતાં લાયબ્રેરી ઉભી કરી, ગુંબદને નષ્ટ કરી દીધો. અને એ મકાન લગભગ બંધ હાલતમાં રહેતું હતું. પણ હાલમાં એ જગાને નષ્ટ કરીને ત્યાં ફાઈવ સ્ટાર હોટલ બનાવવાના પ્લાનો રચાઈ રહ્યા છે.

## હુઝૂરનું જન્મ સ્થાન અલ્લાહની નિશાનીઓમાંથી છે

દોસ્તો ! સફા તથા મરવાને એટલા માટે કુર્આને અલ્લાહની નિશાની દર્શાવી કે ત્યાં એક નબીની પત્ની તથા નબીની માંના કદમો પડયા, મકામે ઈબ્રાહીમ એક નબીના કદમોના કારણે અલ્લાહની નિશાનીમાંથી છે અને તાઝીમની જગા છે, ગારે હિરા, ગૌરે ષૌર, મિના, અરફાત, મુઝદલ્ફા વગેરે અલ્લાહની નિશાનીઓ એટલા માટે છે કે ત્યાં નબીઓના પવિત્ર કદમો પડયા, હજરે અસ્વદની તાઝીમ એટલે છે કે તેને નબી પાક ﷺએ બોસો આપ્યો. તો સૈયદુલ અંબિયાની વિલાદતે પાક જે સ્થળે થઈ જ્યાં જિબ્રઈલ તથા અન્ય ફરિશ્તાઓની આવન જાવન થતી રહી, જ્યાં પૈગંબરે પ૩ વરસ મુકામ કર્યો, તે સ્થળ કોઈ તાઝીમના લાયક ન રહ્યું ?! નહીં, નહીં, એ પણ અલ્લાહની નિશાનીઓમાંથી જ છે એ દુશ્મને પણ કબૂલવું જ પડશે ! અને એટલે જ તો વહાબી અગાઉની સર્વ હુકૂમતો એની તા'ઝીમ કરતી રહી છે. આવો ! યકીન ન આવતું હોય તો ઈતિહાસનાં પાનાં ઉલ્ટાવીએ. ઈતિહાસના આયનામાં સત્યના પોકારને સાંભળો !

ઈસ્લામની પ્રથમ જલ્વાગાહ હિજાઝ મુકદસ જ્યારથી વહાબી નજદીયોની સત્તા હેઠળ આવ્યું છે ત્યારથી દોલત તથા સંપત્તિનાં ઉભરાતાં ઝરણાઓ છતાં હિજાઝની હુકૂમતનો પ્રભાવ અને શાનો શૌકત જમીન નીચે દફન થઈને રહી ગઈ છે. નાજાઈઝ ઐશો ઈશ્રત અને ઐયાશી તથા ફહ્હાશીની બોલબાલા છે. સઊદી સત્તાધારીઓનાં દિલો દિમાગ અમેરિકા તથા બ્રિટનને ગીરો મૂકાઈ ગયાં છે. **અખાતી યુદ્ધ પછી આજ સુધી ત્યાં (સઊદીમાં) અમેરિકી લશ્કરીઓ સુવ્વરનું માસ ખાવામાં, શરાબપાન અને વ્યભિચારમાં વ્યસ્ત છે જેને જગત આખુ જાણે છે. પણ એ સત્તાધારીઓના માથાંઓમાં ન તો આંખો છે જે હક્કને જોઈ શકે અને ન તેમના સીનામાં એ દિલ છે જે એહસાસ કરી શકે. આ સર્વ અંધેર કેવળ એટલા માટે છે કે તેમના અકીદા તથા ખયાલોના વર્તુળમાંથી ઈશ્કે રસૂલનો ભાગ જ નજદીઓએ કાઢી નાખ્યો છે.** જ્યારે કે હક્ક તથા સદાકતની દીવાનગીનું જુનૂન અને અડગતા તથા પુખ્તગીના આશ્ચર્યજનક વલવલા તથા ઉમંગનું વાસ્તવિક કેન્દ્ર કેવળ અને કેવળ ઈશ્કે રસૂલ હતું. જરા થોડીક પળો રોકાઈને સઊદી સત્તાકાળ અગાઉના હિજાઝ મુકદસ પર એક દ્દષ્ટિ ફેંકો કે, **એ જ મક્કા મુકર્રમા જ્યાં આજે ઈદે મીલાદુન્નબી ﷺ નો ચિરાંગાં ગુલ થઈ ચૂક્યો છે એ જ સ્થળે કેવા શાહી ઠાઠની સાથે જશ્ને મીલાદુન્નબીનું આયોજન થતું હતું.** વર્તમાન પત્ર "અલ્ કિબ્લા" મક્કા મુકર્રમાના હવાલાથી મક્કા મુકર્રમામાં જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺનો એક રિપોર્ટ રજૂ કરીએ છીએ :–

## મક્કા શરીફમાં હુઝૂરના જન્મ સ્થળે જશ્ને મીલાદુન્નબી ﷺ

"૧૧મી રબીઉલ અવ્વલના રોજ મક્કા મુકર્રમાની દરો દીવાર બરાબર એ સમયે તોપોની ધડાકામય અવાજોથી ગુંજી ઉઠી જ્યારે કે હરમ શરીફના મોઅઝ્ઝિને અસ્રની નમાઝના માટે અલ્લાહુ અકબરની સદા બુલંદ કરી. સર્વ લોકો આપસમાં એકબીજાને મુબારકબાદ આપવા લાગ્યા. મગરિબની નમાઝ એક મોટા મજમા સાથે શરીફ હુસૈને હનફી મુસલ્લા પર અદા કરી. નમાઝથી ફારિગ થયા બાદ સૌ પ્રથમ કાઝીયુલ કઝાએ દસ્તૂર પ્રમાણે શરીફને ઈદે મીલાદની મુબારકબાદ આપી. પછી **તમામ વઝીરો અને સલ્તનતના સભ્યો એક આમ મજમાની સાથે જેમાં અન્ય શહેરોના અમીરો પણ સામેલ હતા. નબી કરીમ ﷺ ના વિલાદતના સ્થળની તરફ રવાના થયા. આ શાનદાર મજમો ખૂબ જ આયોજન અને શાનો શૌકત સાથે મૌલુદુન્નબીની તરફ રવાના થયો.** સુલ્તાનના મહેલથી મૌલુદુન્નબી સુધી માર્ગમાં બંને બાજુ ઉચ્ચ કક્ષાની રોશનીની વ્યવસ્થા હતી અને ખાસ કરીને મૌલુદુન્નબી તો પોતાની રંગબેરંગી રોશનીમાં રશ્કે જન્નત બનેલ હતો. ઝાઈરિનોનો આ મજમો ત્યાં પહોંચીને અદબપૂર્વક ઉભો થઈ ગયો અને એક શખ્સે અતિશય અસરકારક તરીકાથી સીરતે અહમદિયહ્ ﷺ બયાન કરી. જેને તમામ હાજરજનો ખૂબ જ ખુશૂઅ તથા ખુઝૂઅ (તલ્લીનતાપૂર્વક) સાંભળતા રહ્યા અને એક સન્નાટો હતો જે તમામ મેહફિલ પર છવાયેલો હતો. આ બરકતવંત મકામની મહાનતા કોઈ હરકત કરવાની પણ ઈજાઝત નથી આપતી. અને આ યૌમે સઈદ (મુબારક દિવસ)ની ખુશી દરેક શખ્સને બેહાલ કરી ચૂકી હતી.

ત્યારબાદ શૈખ ફવાદ નાઈબ વિદેશ પ્રધાને એક શાનદાર તકરીર કરી જેમાં માનવ જગતની મહાન ક્રાંતિના ઉપર પ્રકાશ વેર્યો જેનો સબબ હુઝૂર ﷺ ની ઝાત હતી.

છેવટે કાબિલ મુકર્રિરે એક નઅતિયા કસીદો પઢયો જેને સાંભળીને શ્રોતાઓ ખૂબ જ ખુશ થયા. તેનાથી ફારિગ થઈને સૌએ જન્મ સ્થળની એક પછી એક ઝિયારત કરી પછી પાછા ફરીને હરમ શરીફમાં ઈશાની નમાઝ અદા કરી. નમાઝથી ફારિગ થયા બાદ સૌ હરામ શરીફના એક હોલમાં નિશ્ચિત વાર્ષિક બયાન મીલાદ વિશેનું સાંભળવા માટે એકત્રિત થઈ ગયા. અહીં પણ મુકર્રિરે ખૂબ જ મધુર રીતે નબી કરીમ ﷺ ના અખ્લાક તથા ગુણો પર ખૂબીઓ પર બયાન કર્યુ.

**ઈદે મીલાદની ખુશીમાં તમામ કચેરીઓ, ઓફીસો અને મદ્રસા (સ્કૂલો) પણ બારમી રબીઉલ અવ્વલે એક દિવસના માટે બંધ રાખવામાં આવ્યા. અને આ રીતે એ ખુશી અને આનંદનો દિવસ પૂર્ણ થઈ ગયો."** *(બહવાલા માહનામા "તરીકત" લાહોર, માર્ચ ઈ.સ. ૧૯૧૭, પેજ : ૨૧, ૨૨, ૨૩, ઈફતેરાકે બયનુલ મુસ્લિમીન કે અસ્બાબમાંથી સાભાર)*

આ હતી મૌલદુન્નબી (હુઝૂરના જન્મ સ્થળ)ની અદબ તથા રોનક ! ઈમાનવાળાઓ ભેગા થઈને જશ્ને મીલાદ મનાવતા હતા. એવી આ પવિત્ર જગાને બેદઅબી કરી તેનું નામો નિશાન મિટાવવા તૈયાર થયેલા નજદીઓનો મુસ્લિમો તો વિરોધ કરે જ પણ એક ગૈર મુસ્લિમ અંગ્રેજી અખ્બારના પ્રત્યાઘાત પણ વાંચો (જેનો અનુવાદ કરીને **"જનાબ ઈસ્માઈલ વલી ઈસા સાલેહ દયાદરવી"**એ અમને મોકલેલ છે.) :–

## મક્કા શહેરમાં તોડફોડનું તાંડવ !!

**સઊદી કટ્ટરવાદીઓ તેમની જ ધાર્મિક સંસ્કૃતિનો નાશ કરી રહેલ છે !! :–**

ઐતિહાસિક મક્કા શહેર ઈસ્લામનું ક્રેડલ ઉદ્‌ગમસ્થાન તદન વાહિયાત અસમજ રીતે ધાર્મિક કટ્ટરવાદીઓ, જાહિલો દ્વારા દફન થઈ રહેલ છે.

આ પવિત્ર શહેરનો લગભગ તમામ સમૃદ્ધ અને વૈવિધ્યસભર ઐતિહાસિક વારસો નષ્ટ થઈ ચૂક્યો છે. વોશિંગ્ટન સ્થિત ગલ્ફ ઈન્સ્ટીટયુટના રિપોર્ટ અનુસાર છેલ્લા બે દશકામાં લગભગ ૯૫% સદીઓ જૂની ઈમારતો જમીનબોસ કરી નાખવામાં આવેલ છે અને હવે તાજેતરમાં મુહમ્મદ પૈગંબર ﷺનું મૂળ જન્મસ્થાન પણ બુલડોઝરોના નિશાના પર આવી ચૂકેલ છે જેમાં કટ્ટરવાદી સઊદી સત્તાવાળાઓની નજરમાં પણ તેમને તેમનો સંપ્રદાય આ રીતે પોતાની જ સંસ્કૃતિને મિટાવી દેવા ફરજ પાડે છે...!

આ તે જ તેલ સમુદ્ધ સનાતનવાદીઓ છે જેમણે તાલિબાનોને પણ ખૂબ પાળયા પોષ્યા છે, ઈ.સ. ૨૦૦૦માં બુદ્ધ પ્રતિમાનો નાશ કરવા તૈયારી બતાવી તે સમયે ખૂબ જ મોટું પીઠબળ તેમને પૂરું પાડયું હતું. હવે એ સંપ્રદાય જે દરેક પ્રકારની મૂર્તિપૂજા કે અનેક દેવદેવીઓની પૂજાનો વિરોધી છે તેમણે હુકમ બહાર પાડેલ છે કે તેમના મૃત રાજાને પણ સઊદીના રણમાં અજ્ઞાત જગ્યાએ દફનાવી દેવામાં આવે ! ડો. શામી અંગાવી જે સઊદી અરબના ઈસ્લામિક આર્કિટેકચરના એક મશહૂર સ્પોશ્યાલિસ્ટ છે

તેમણે ઈન્ડીપેન્ડન્ટને સંબોધતાં કહ્યું કે, ''અસલ મક્કાને આખરી સલામ છે ! આપણે જે કાંઈ નિહાળી રહેલ છે તે મક્કા અને મદીનાના આખરી દિવસો છે.''

ડો. અંગાવી જેમણે ઈસ્લામિક શહેરોની જાળવણી કાજે જીવન સમર્પિત કરી દીધેલ છે તેમનું કહેવું છે કે, ''ફક્ત વીસ જ એવી જગ્યાઓ છે જે ૧૪૦૦ વર્ષ પહેલાંના નબીના સમયગાળા સાથે સંકળાયેલ છે અને હવે તે બાકીની જગ્યાઓ પણ ગમે ત્યારે બુલડોઝરના વિકરાળ પંજાઓનો શિકાર બની જશે. **મક્કા અને મદીનાની મૂળ તવારિખનો અને તેના ભવિષ્યનો આ અંત હશે !''**

ડો. અંગાવી સ્પષ્ટપણે માને છે બાકીની તમામ તવારિખી ઈમારતોનું પણ લાંબુ આયુષ્ય નથી જ. તેમના કહેવા મુજબ કીંગ ફહદે હુકમ કર્યો હતો કે નબીના પ્રપોત્ર અલી ઓરૈદનું મકાન પણ પવિત્ર સ્થળ કે યાત્રીઓનું આકર્ષણ બને તે પહેલાં જ જમીનદોસ્ત કરી દો. તોડફોડની આ નિરાશાજનક અને જંગલિયત ભરેલી રીતરસમથી ડો. અંગાવી પણ ઘણી ઈમારતો નિશાનીઓ જે હઝરત ઈબ્રાહીમ عليه السلام ના જમાનાથી સંબંધિત છે તે બાબતે મૌન રહેલ છે. સઊદી હુકૂમત વહાબીઝમ સાથે ઈ.સ. ૧૭૪૪ના મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ અને મુહમ્મદ બિન સઊદ વચ્ચે થયેલ કરારના સમયથી જ સંબંધિત છે. સઊદી સત્તાવાળાઓ અને વહાબી ઝનૂનીઓ નવી ઈમારતોના પાયામાં સલંગ્ન હશે, એક તરફ સઊદી સત્તાવાળાઓ પાસે દૌલત અને સત્તા હશે અને બીજી તરફ કટ્ટરવાદી વહાબીઓને આ જ સત્તાવાળાઓનું પૂરું સમર્થન મળતું રહેશે એટલે આવનારા સમયમાં આ સંપ્રદાયને મોટું પ્રેરકબળ સાંપડશે પણ તેના આઘાતજનક પરિણામો વિ□માં જોવા મળશે. શિયા અને સુન્નીઓના સંપૂર્ણ છેદમાં માનનારા આ કટ્ટરવાદીઓ ૧૧ સપ્ટેમ્બરના અમેરિકામાં થયેલા હુમલા તેમજ અન્ય શ્રેણીબદ્ધ ઘાતકી કૃત્યોમાં સંડોવાયલા ઓસામા બિન લાદેનના નવા ચહેરાઓ જ હશે. ડો. અંગાવી ચેતવણી આપે છે કે, ''મક્કાની માનવીય તવારીખ તો લુપ્ત થઈ ચૂકી છે પરંતુ હવે તો કુદરત સહજ નિર્મિત મક્કા પણ લુપ્ત થવાના આરે છે.'' નજીકના ભવિષ્યમાં હજયાત્રીઓની સંખ્યામાં પાંચ ગણો વધારો થશે એમ સઊદી સત્તાવાળાઓ માને છે અને અત્યારે જે વ્યવસ્થા, રહેઠાણો, હોટલો છે તે તદ્દન અપૂરતી છે. માટે નવી હોટલો, રહેઠાણો અને સેવાઓની ખૂબ જ જરૂર ઊભી થશે એમ સઊદી રીઅલ એસ્ટેટના વડાનું મંતવ્ય છે. પરંતુ હજ્જ યાત્રીઓની સુવિધાના પ્રશ્ને સા. ઈન્સ્ટીટયુટના અલ અહમદ સંમત નથી. તેઓ તો સ્પષ્ટપણે માને છે કે, **''આ બાબતમાં હજ્જ યાત્રીઓને સુવિધા આપવાનો આશય છે જ નથી ! જો એવું જ હોત તો અત્યાર સુધીમાં મક્કા મદીના વચ્ચે રેલ્વે લાઈન પ્રસ્થાપિત થઈ ચૂકી હોત. તવારિખી ઈમારતો કે જગ્યાઓનો નાશ માત્ર પૈસા રળવાના આશય માટે જ થાય છે.''** જબલ ઓમર સ્કીમ નામની સંસ્થા નવા ડેવલપમેન્ટ પ્રોગ્રામના સેન્ટરમાં છે જેનો આશય બે પચાસ માળની હોટલો અને સાત પાંત્રીસ માળના એપાર્ટમેન્ટ બનાવવાનો છે જે હરમ શરીફની તદ્દન નજીકના વિસ્તારમાં જ હશે.

દુનિયામાં આજ સુધી સૌથી વધુ કોઈ શહેરના મુલાકાતીઓ, યાત્રીઓ હોય તો તે નિઃશંકપણે આજે પણ મક્કા શહેર જ છે જ્યાં એક અતિભવ્ય હરમ શરીફ મસ્જિદ છે અને એ જ શહેરની નજીક મદીના પણ છે જ્યાં પૈગંબરની કબર પણ છે, ત્યાં પણ દર વરસે લાખોની સંખ્યામાં હજયાત્રીઓ

હજ્જ અને ઉમરાહની રસ્મ અદા કરવા આવનારા હાજરી આપે છે.

આ વિચારવિહીન તોડફોડ પાછળનું પ્રેરકબળ બીજું કોઈ નહીં પણ ''વહાબિયત'' છે જેને સઊદી જાહેલ સત્તાવાળાઓ કડકપણે અનુસરી રહ્યા છે અને આ એ જ વિચારધારા છે જે અલ સઊદીના અમીરોએ ૧૯૨૦ના દાયકામાં અપનાવી લીધેલ છે જ્યારે આ સ્થળો પર તેમણે વિજય મેળવી લીધો હતો. ઝનૂની વહાબીઓની ચૂસ્ત માન્યતા છે કે તવારિખી અને મઝહબી ઈમારતો, મકાનો કે જગ્યાઓ ક્યાંક ફરીથી મૂર્તિપૂજાને જીવંત ન કરી દે, આ જ સંપ્રદાયના કડક વલણ હેઠળ જ સાઊદીના મૃત રાજાને પણ સાઊદીના રણમાં અજ્ઞાત જગ્યાએ દફનાવી દેવાની રૂઢીચુસ્તતા દાખવેલ છે. ડો. અંગાવીનું સ્પષ્ટ મંતવ્ય છે કે આ ભાંગફોડના મૂળમાં વહાબી વિચારધારા જ કામ કરી રહેલ છે જેમને સતત ડર છે કે મૂર્તિપૂજા ફરીથી અસ્તિત્વમાં ન આવી જાય, તદ્‌ઉપરાંત **આ વહાબીઓને પૈગંબર સાથે સંબંધિત કોઈ પણ વસ્તુ સાથે સખત અરૂચિ તથા અણગમો છે. આથી હવે મુહમ્મદ પૈગંબર સાહબનું જન્મસ્થળ આ લોકોની આંખમાં કણાંની માફક ખૂંચે છે.** અને હવે એ જ એમની નજરમાં વસી ચૂકેલ છે. પચાસ વર્ષ અગાઉ સાઊદી રાજા અબ્દુલ અલ અઝીઝના સમયગાળા દરમ્યાન રીડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ તે સમયના આર્કીટેકચરના સમજાવ્યા મુજબ આ જગ્યાને સલામત રીતે સાચવી રાખવામાં આવી હતી. પરંતુ એ ફરીથી એ જ જગ્યા તેના અસ્તિત્વ સામે ઝઝૂમી રહેલ છે.

ડો. અંગાવી એક પ્રતિષ્ઠિત વેપારીના વંશજ છે જેમણે મક્કા મદીનાની તવારિખી જગ્યાઓ, ઈમારતોની સાચવણી માટે બે દાયકા પૂર્વે હિજાઝ રીસર્ચ સેન્ટર સ્થાપેલું હતું. પરંતુ હવે એમ ભાસે છે કે તેમના તમામ પ્રયત્નો ઉપર પણ બુરી રીતે પાણી ફરી વળશે. તેમને પૂરી ભીતિ છે કે ગમે ત્યારે બુલડોઝરોનો કાફલો આવશે અને પૈગંબર સાહબના જન્મસ્થળને પણ રાતમાં જ નષ્ટ પ્રાય કરી દેશે. આવું મંતવ્ય તેમના એકલાનું નથી પરંતુ ગલ્ફ ઈન્સ્ટીટયુટના ઈન્ડિપેનડન્ટના સમાચાર ગ્રુપે પણ ૧૯૯૪માં સાઊદીમાં સીનીયર કાઉન્સીલ ઓફ રિલીજીયસ સ્કોલર દ્વારા બહાર પાડેલ ફતવાનું પ્રકાશન કરેલ છે જે ફતવામાં કહેવામાં આવેલ છે કે ''તવારિખી ઈમારતો અથવા જગ્યાઓ મૂર્તિપૂજાને ફરીથી જીવંત કરી શકે છે...''

સાઊદી ઈન્સ્ટીટયુટના વડા અલી અહમદ કહે છે કે **''ઈસ્લામિક નિશાનીઓનું (વહાબી હુકૂમતમાં) ખંડન તવારિખમાં સૌથી મોટા પાયે થયું છે અને તે કુર્આનની બેહુરમતીથી પણ વધુ ખરાબ છે....!''** ડો. અંગાવી ઉમેરે છે કે, **''મક્કા શહેર એ તો ઈસ્લામિક દુનિયાનું પ્રતિબિંબ હોવું જોઈએ, નહીં કે એક કોંક્રિટ જંગલ !...''**

*–(સૌજન્ય : ડેનિયલ હોડેન, ધી ઈન્ડિપેન્ડન્ટ (રિપબ્લીક ઓફ આર્યલેન્ડ) તા. ૬/૮/૨૦૦૫)*

## આ તોડફોડની નિયતમાં રસૂલ દુશ્મની જ કાર્યરત છે

આ હતો અંગ્રેજી અખ્બાર ડેનિયલ હોડેન, ધી ઈન્ડિપેન્ડન્ટનો રિપોર્ટ. એમાં છે કે એ કારણે સઊદી વહાબીઓએ નબી ﷺથી તથા સહાબાથી સંબંધિત યાદગારોને નષ્ટ કરવાનું બીડુ ઝડપ્યું કે એમને ડર છે કે, ''ક્યાંક મૂર્તિપૂજા ફરીથી અસ્તિત્વમાં ન આવી જાય !'' તો અમારો પ્રશ્ન છે કે હજરે

અસ્વદને ૧૪૦૦ વરસથી હાજીઓ તા'ઝીમપૂર્વક ચૂમે છે, તેને પણ ન ચૂમવા દેવામાં આવે ! અને જે તવાફ કા'બા શરીફનો કરવામાં આવે તે તો ૨૪ કલાક અને બારે માસ ચાલુ રહે છે તો તે પણ ન કરવા દેવામાં આવે ! એનાથી કેમ રોક્તા નથી ?! એ ચીજો પણ ગૈરુલ્લાહ જ છે ! મકામે ઈબ્રાહીમ શું છે ? તેની પાસે તો નમાઝ પઢવાનો હુકમ કુર્આનથી છે, તો તેને પણ રોકી જુઓ ! જ્યારે હજરે અસ્વદને ચૂમવામાં, તવાફે કા'બામાં, મકામે ઈબ્રાહીમ પાસે નમાઝ પઢવાથી અને તેની તા'ઝીમ કરવાથી મૂર્તિપૂજામાં પડવાનો ભય નથી તો પછી હુઝૂર ﷺના વિલાદતના સ્થળની ઝિયારતમાં, તેની તા'ઝીમમાં ક્યાંથી એ ભય રહેવાનો ?!

એવું જ જો હોય તો મક્કામાં મસ્જિદે આઈશા જવાના રસ્તા પર **હરમ શરીફ સામે જ મોટા મોટા ફોટાઓવાળા હોર્ડિંગો ઉભા કરેલા છે જેમાં ઈબ્ને સઊદ, શાહ અબ્દુલ અઝીઝ, શાહ ફહદ વગેરેના ફોટાઓ ઊંચે રાખેલા છે, તેનો પણ નાશ કરી દેવામાં આવે કે એમાં એ જ ખતરો છે જે તમે કહો છો, અને શરીઅતની રૂએ પણ એ હરામ છે ! અને ઉઘાડી રીતે બુરી બિદઅત છે !** પણ રસૂલ દુશ્મનીમાં એમની આંખો તથા દિલો એવાં આંધળાં થઈ ગયાં છે કે તેમને એની સુઝ નથી પડતી.

કુર્આને પાકમાં અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ ફર્ઝ ઠરાવવામાં આવી છે, એના માટે હુકમો ઠેરઠેર આવેલા છે. તે અલ્લાહની નિશાનીઓ તથા યાદગારો તથા તબર્રુકો જેની ખાસ નિસ્બત પૈગંબરે ઈસ્લામ મુસ્તફા જાને રહમત ﷺથી છે એમાંથી મૌલુદે રસૂલ (જન્મ સ્થળ) પણ છે જેનો અહીં ખૂબ જ સંક્ષિપ્તમાં ઉલ્લેખ *કન્ઝુલ ઈમાન મંથલી, ડિસેમ્બર–૦૫*ના આધારે કરીએ છીએ. સૌ પ્રથમ એ નિયમ વાંચી લો જેને નબીથી નિસ્બત ધરાવતી ચીજોના બારામાં સ્પષ્ટતા સાથે કાઝી અયાઝ માલિકી (વફાત : હિ. ૫૪૪)એ પોતાની મશ્હૂર તથા મકબૂલ કિતાબ "અશ્શિફા વ તઅરીફિ હુકૂકિલ મુસ્તફા" (ﷺ)માં લખે છે :–

## હુઝૂર ﷺ ના જન્મ સ્થળનું મહત્વ દર્શાવતાં બયાનો

"રસૂલુલ્લાહ ﷺથી સંબંધિત અને આપનાથી નિસ્બત પામેલ દરેક ચીજની તા'ઝીમ તથા અદબ અને **મક્કા મુકર્રમા તથા મદીના મુનવ્વરામાં આપનાથી સંબંધિત મકાનો** તથા નિશાનીઓ (યાદગારો) તથા જે ચીજની પણ આપનાથી નિસ્બત થઈ તથા સ્પર્શ થયો છે, આપની નિસ્બતથી જે ચીજ પણ મશ્હૂર છે તથા ઓળખાય છે, **એમાંથી દરેકની તા'ઝીમ તથા અદબ એ હકીકતમાં આપ (ﷺ)ની જ તા'ઝીમ તથા અદબ છે અને તેમનો એક અંશ છે."** *(શિફા કાઝી અયાઝ, ભાગ–૨, પેજ–૫૬)*

વાષિલા બિન અસ્કઅ رضی اللہ عنہએ બયાન કર્યું કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "બેશક ! અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ઔલાદમાંથી હઝરત ઈસ્માઈલ علیہ السلامને પસંદ કર્યા અને ઈસ્માઈલ علیہ السلامની ઔલાદમાંથી બનૂ કનાનાને અને બનૂ કનાનામાંથી કુરૈશને અને કુરૈશમાંથી બનૂ હાશિમને અને બનૂ હાશિમમાંથી મને પસંદ ફર્માવ્યો." *(રવાહુત્તિર્મિઝી વ સિહાહ)*

અબૂ મુહમ્મદ અબ્દુલ મલિક બિન હિશામ (વફાત : હિ.સ. ૨૧૮)એ મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક

(જન્મ : હિ.સ. ૮૫, વફાત : હિ.સ. ૧૫૧)ની રિવાયતથી લખ્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺની પીર (Monday)ના દિવસે ૧૨–રબીઉલ અવ્વલમાં વિલાદત થઈ." હઝરત આમેના ફર્માવે છે કે જે રાત્રે આપની વિલાદત (જન્મ) થઈ ત્યારે મેં જોયું કે આસ્માનના તારાઓ વર્ષાની જેમ મારા પર વરસનાર છે અને આપના દીદાર માટે આતુર છે. મેં જોયું કે જન્મ બાદ આપે સર મુબારક ઉઠાવ્યું અને આસ્માનની પ્રતિ ચહેરો કરીને દુઆ માટે હાથ ઉઠાવ્યા. પેદાઈશની રીતે કિસ્રાના મહેલના ૧૪ કંગુરાઓ ખરી પડયા અને ઈરાનનો અગ્નિકુંડ જે એક હજાર વરસથી સળગી રહ્યો હતો તેની આગ હોલવાઈ ગઈ." *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ–૧)*

હઝરત આમેના ફર્માવે છે કે, "આપની વિલાદતના સમયે મારા શરીરેથી એક નૂર નીકળ્યું જેને આખા જગતને ઘેરી લીધું ત્યાર બાદ એક અન્ય નૂરની રોશનીમાં શામ (સીરિયા)નું બુસરા શહેર મક્કાથી દેખાવા લાગ્યું." *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ–૧)*

હઝરત આમેના ફર્માવે છે કે આપની વિલાદતના સમયે મારા શરીરથી એક નૂર નીકળ્યું જેનાથી શામ દેશના મહેલો રોશન થઈ ગયા." *(મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ તથા તબકાત ઈબ્ને સઅદ)*

આપની વિલાદતના સમયે કિસ્રાના મહેલના ૧૪ કંગુરા ખરી પડયા. પારસીઓનો અગ્નિકુંડ ઠંડો થઈ ગયો બહીરાએ સાવા (નહેર) સૂકાઈ ગયો અને તેનાં ચર્ચો ગબડી ગયાં." *(બયહકી)*

હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફનાં વાલિદા હઝરત શફા ફર્માવે છે કે જન્મના સમયે જ્યારે રસૂલુલ્લાહ ﷺ મારા હાથો પર આવ્યા તો આપને છીંક આવી, તે વખતે મેં સાંભળ્યું કે કોઈ કહેનાર કહી રહ્યો છે **રહ્‌મકલ્લાહ !** અને મારા માટે પૂર્વ તથા પશ્ચિમની દરેક ચીજ રોશન થઈ ગઈ ત્યાં સુધી કે મેં રોમના મહેલો પણ જોઈ લીધા." *(શિફા શરીફ, ભાગ–૧)*

પોતાના એ જન્મ સ્થળ સાથે રસૂલે અકરમ ﷺની મહોબ્બત તથા તઅલ્લુક હોવો એક પ્રાકૃતિક ભાવના હેઠળ છે. અને એ જ સ્થિતિ સર્વ મુસ્લિમોની પણ છે કે રસૂલે અકરમ ﷺની દરેક પ્રિય ચીજથી મહોબ્બત તથા અકીદત રાખે. આ મૌલુદે રસૂલ (જન્મ સ્થળ) અન્વાર તથા તજલ્લીઓનું સૌ પ્રથમ સ્થાન છે અને અહીંથી જ તે નૂરનું કિરણ ફૂટયું જેનાથી આખી કાઈનાત ઝગમગી ઉઠી.

જન્મ દિવસ હોય કે જન્મ તારીખ હોય કે જન્મ સ્થળ હોય તે સૌનું મહત્વ તથા મહાનતા છે. જેમ કે કુર્આને હકીમ હઝરત યહ્યા તથા હઝરત ઈસા عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُનો ઉલ્લેખ કરતાં ઈર્શાદ ફર્માવે છે કે :–

**(અર્થ)** : "અને સલામતી છે એના પર જે દિવસે તે પેદા થયો." *(સૂરએ મરયમ, આયત–૧૫)*

**(અર્થ)** : "અને તે જ સલામતી મારા પર છે જે દિવસે હું પેદા થયો." *(સૂરએ મરયમ, આયત–૩૩)*

અબૂ કતાદા અન્સારી رضی اللہ عنہએ વર્ણન કર્યું કે, રસૂલુલ્લાહ ﷺને સોમવારના રોઝાના વિશે પૂછવામાં આવ્યું તો આપે ઈર્શાદ ફર્માવ્યો, "તે દિવસે મારો જન્મ થયો, અને તે દિવસે મને મબ્ઊષ કરવામાં આવ્યો, એ દિવસે મારા પર કુર્આન નુઝૂલ થયું." *(સહીહ મુસ્લિમ, કિતાબુસ્સિયામ)*

અનસ બિન માલિક رضی اللہ عنہએ વર્ણન કર્યું કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**(અર્થ)** : ''મારી પાસે (શબે મેઅરાજના) એક ચોપગુ પ્રાણી લાવવામાં આવ્યું જેની જાડાઈ ગધેડા તથા ખચ્ચરની દરમ્યાન હતી. અને તેની ગતિની ઝડપ એવી હતી કે તેની નજરની અંતિમ હદ પર તેનો દરેક કદમ પડતો હતો. હું તેના પર સવાર થયો અને જિબ્રઈલે અમીન પણ મારી સાથે હતા. એ સફર મેં શરૂ કરી તો એક જગાએ જિબ્રઈલે કહ્યું, અહીં ઉતરી જાવ અને નમાઝ પઢો. મેં ત્યાં ઉતરીને નમાઝ પઢી. ત્યાર બાદ હઝરત જિબ્રઈલે પૂછયું કે શું તમે જાણો છો કે તમે ક્યાં નમાઝ પઢી ? પઢી ખૂદ જ કહ્યું કે આપે તયબાહ પાકની ભૂમિમાં નમાઝ પઢી છે જે આપનું દારુલ હિજરત છે. પછી એક જગાએ કહ્યું કે અહીં ઉતરી જાવ અને નમાઝ પઢો. મેં ઉતરીને ત્યાં નમાઝ પઢી. જિબ્રઈલે અમીને ફરી પૂછયું કે તમે જાણો છો કે ક્યાં નમાઝ પઢી છે ? આપે તૂરે સીનામાં નમાઝ પઢી છે જ્યાં અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત મૂસા عليه السلام થી કલામ (વાત) કરી હતી. પછી એક જગાએ કહ્યું કે, અહીં ઉતરો અને નમાઝ પઢો. મેં ઉતરીને નમાઝ પઢી. પછી તેમણે પૂછયું કે આપ જાણો છો કે આપે ક્યાં નમાઝ પઢી ? આપે ''બયતુલ લહમ''માં નમાઝ પઢી છે જ્યાં હઝરત ઈસા عليه السلام નો જન્મ થયો હતો. *(નિસાઈ)*

''બયતુલ લહમ'' જ્યાં હઝરત ઈસા عليه السلام ની વિલાદત (જન્મ) થયો હતો. ત્યાં રસૂલે અકરમ ﷺ એ નમાઝ પઢી તો પછી તે જગા કેટલી તા'ઝીમને પાત્ર તથા પવિત્ર તથા બરકતવંત હશે જ્યાં ખૂદ આપની વિલાદત થઈ તથા રહમતના ફરિશ્તાઓનું જ્યાં ઉતરાણ થતુ રહે છે અને જ્યાં રબ્બાની અલ્તાફ તથા ઈનાયતોની વર્ષા થતી રહે છે ?!

અહીં હું એકવાર ફરી એક એવો ઈમાન અફરોઝ નિયમ નકલ કરું છું જેને કાઝી અયાઝ માલિકી (વફાત : હિ.સ. ૫૪૪)એ ''શિફા શરીફ''માં વર્ણન કરીને સર્વ ઈમાનવાળાઓના જઝબાત તથા એહસાસો તથા ઈમાની તકાઝાઓની ભરપૂર તર્જુમાની તથા પ્રતિનિધિત્વ કર્યું છે :–

''તે સ્થળો તથા પવિત્ર મકાનો જે વહીના નુઝૂલથી સરફરાઝ થયાં અને જ્યાં જિબ્રઈલ તથા મીકાઈલ આવતા જતા રહ્યા અને ફરિશ્તાઓ તથા રૂહુલ અમીન જ્યાંથી બુલંદ થતા રહ્યા અને જે ક્ષેત્રો તથા મેદાનોમાં તકદીસ તથા તસ્બીહના નગ્માઓ ગુંજતા રહ્યા અને જમીનના જે ટુકડાએ સૈયદુલ બશર ﷺ ને પોતાની ગોદમાં લેવાની મહાનતા પ્રાપ્ત કરી અને જ્યાંથી અલ્લાહના દીન અને સુન્નતે રસૂલે અમીનનો પ્રચાર થયો, જ્યાં આયતોની તિલાવત તથા કિરાઅત થઈ, જે મસ્જિદો અને ઈબાદતગાહો છે, જે ફઝાઈલ તથા હસનાત (નેકીઓ)ની જગાઓ છે અને સૈયદુલ મુરસલીન તથા ખાતમુન્નબીય્યિન ﷺ ના રોકાણ તથા રહેવાસથી સરફરાઝ છે, **જ્યાં નબુવ્વતના ઝરણાનો શ્રોત ફૂટયો અને જ્યાંથી નબુવ્વતની ખુશ્બૂ ફેલાઈ અને જે વતનો તથા રહેઠાણોએથી ફય્ઝાને રિસાલત વહેતો થયો અને જે સરઝમીને (ભૂમિએ) સૌ પ્રથમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ નો સ્પર્શ તથા ચૂમવાનો એ'ઝાઝ (સન્માન) પ્રાપ્ત કર્યો તે સર્વ સ્થળો, યાદગારો, તબર્રુકો તથા તેના ક્ષેત્રો, મેદાનોની તા'ઝીમ તથા અદબ થવી જોઈએ, અને તેની ઈત્રમય હવાઓ વડે આપણી જાનનાં નસ્કોરાંને સુગંધમય કરવાં જોઈએ અને તેનાં મકાનો તથા દરો દીવારોને બોસા આપવા જોઈએ.** *(શિફા શરીફ, પેજ–૫૯)*

અલ્લાહની નિશાનીઓ અને આષાર તથા તબુર્રકોની અઝમત તથા મહત્વ દર્શાવવા માટે અને તેની નિસ્બત તથા સંબંધ પ્રત્યે ઈમાનવાળાઓની કેવી ભાવના તથા વર્તણૂંક તથા અમલ હોવો જોઈએ તેના માર્ગદર્શન માટે ઉપરોક્ત લખાણ પૂરતુ છે. મૌલુદે રસૂલ ﷺની સાથે પોતાના નબી ﷺની નિસ્બતથી ઈમાનવાળાઓનો સંબંધ તથા તઅલ્લુક પ્રારંભથી જ જઝબાતી રહ્યો છે અને દરેક દૌરમાં તેને ઈમાનવાળાઓએ અકીદત તથા મહોબ્બતની દષ્ટિએ જોયો અને તેનાથી બરકતો પણ પ્રાપ્ત કરી છે.

જૂલાઈ ૨૦૦૫ના વર્તમાનપત્રોએ એવી ખબર આપી છે કે સઊદી ગવર્નમેન્ટે કાંઈ એવો માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે જેના પર ખુદા નખ્વાસ્તા કદીક અમલ થઈ જાય તો મૌલુદ રસૂલ (રસૂલનું જન્મ સ્થળ) કોઈ હોટલ કે શોપિંગ કોમ્પલેક્ષ અથવા કારપાર્કમાં તબદીલ થઈ શકે છે.

આશ્ચર્ય તથા અફસોસનો મકામ છે કે જે અમાનત તથા વારસાની જગતના મુસ્લિમો લગભગ ૧૫૦૦ વરસથી હિફાઝત કરતા ચાલ્યા આવ્યા છે તેને આલે સઊદની હુકૂમત વિના કોઈ જરૂરત તથા હાજત અને કારણ કે સબબ વિના કેવળ પોતાની પૂરાણી માન્યતા તથા મસ્લક કે અમુક ઊંચી ઊંચી ઈમારતોમાં રહેનારાઓની સુખ સગવડને ખાતર નામોનિશાન નષ્ટ કરવાને આડે છે. જ્યારે કે મક્કા મુકર્રમાની અંદર અથવા તેનાથી સંલગ્ન વિસ્તારમાં ક્યાંય પણ મોટી સહૂલત તથા આસાની સાથે કોઈપણ બીજી ત્રીજી હોટલ તથા શોપિંગ કોમ્પલેક્ષ તથા કારપાર્કિંગ બાંધીને શહેરવાસીઓ તથા હાજીઓ, મુલાકાતીઓની ખિદમત કરી શકાય છે.

મસ્જિદે હરામ કે મસ્જિદે નબવી કે અન્ય કોઈ મસ્જિદને વિસ્તારવાના સમયે કોઈ મકાન કે કોઈ યાદગારને જરૂરતના કારણે સામેલ કરી લેવામાં આવે અથવા સમયચક્ર હેઠળ આપોઆપ કોઈ મકાન કે કોઈ યાદગારનું લુપ્ત થઈ જવું, ખત્મ તથા અદશ્ય થઈ જવું અલગ વાત છે અને આમ જ કોઈ જરૂરત કે હાજત વિના કોઈ એવા ધાર્મિક તથા ઐતિહાસિક સ્થાનને તોડી પાડવું એ એનાથી તદ્દન અલગ વાત છે. એના અનુસંધાનમાં નીચેનું લખાણ વાંચો :–

"રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે નબીએ પોતાની કૌમના જુલ્મો સિતમથી તંગ આવીને હિજરત કરી તેણે મક્કા મુકર્રમાની ભૂમિમાં પનાહ લીધી, અને તેઓ પોતાના વિસાલના દિવસ સુધી ત્યાં જ ઈબાદતમાં વ્યસ્ત રહ્યા." *(શરફુન્નબી, લેખક : ઈમામ અબૂ સઈદ અબ્દુલમલિક બિન ઉષ્માન નીશાપૂરી ઉર્ફે હાકિમ નીશાપૂરી, વફાત : હિ.સ. ૪૦૮)*

રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : નૂહ, હૂદ, શોઐબ, સાલેહ, ઈસ્માઈલ عَلَيْهِمُ السَّلَامની કબરો ઝમઝમના કૂવા અને મકામે ઈબ્રાહીમની દરમ્યાનમાં છે. મને અલ્લાહની કસમ ! છે કે કા'બાની આસપાસ ૩૦૦ અંબિયા દફન થયેલા છે અને રુકને યમાનીથી અસ્વદ સુધી ૭૦ અંબિયાએ કિરામની કબરો છે અને આ તે અંબિયા છે જેમેને તેમની કૌમે જૂઠલાવ્યા હતા અને તેમણે પોતપોતાના ઈલાકાઓએથી નીકળવું પડયું હતું. એ અંબિયાઓ અમ્નો સુકૂનની સાથે પોતાના વિસાલના દિવસ સુધી અહીં અલ્લાહની ઈબાદત કરતા રહ્યા. *(શરફુન્નબી, પ્રેસ : લાહોર, પેજ–૩૪૫)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હઝલી બયાન કરે છે કે મેં હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝની ખિલાફતના દૌરમાં અઝવાજે મુતહ્હરાતના હુજરાઓને શહીદ થતા તથા તેમના હુકમથી અજવાઝે

મુતહ્હરાત (હુઝૂરની પાક બીવીઓ)ના નવ હુજરાઓને મસ્જિદે નબવીનો હિસ્સો બનતાં જોયા. *(પેજ–૪૦૪, શરફુન્નબી)*

વલીદ ઈબ્ને અબ્દુલ મલિકે હુકમ આપ્યો કે ઉમ્મહાતુલ મો'મિનીન (ઉમ્મતની માંઓ એટલે હુઝૂરની પાક બીવીઓ)ના હુજરા મસ્જિદે નબવીને વિસ્તારવા તેમાં સમાવી લેવાયાં આવે અને તેને મસ્જિદનો ભાગ બનાવી દેવામાં આવે. ઈમરાન કહે છે કે મેં એ દિવસથી અધિક મદીનાવાસીઓને કદી ગમગીન નથી જોયા. અતા કહે છે કે હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ કહે છે કે મારી દિલી ખ્વાહિશ હતી કે ઉમ્મહાતુલ મો'મિનીનના હુજરાઓને અસલી હાલતમાં રહેવા દેવામાં આવે જેથી દુનિયાભરના મુસલમાન જેઓ અહીં આવે છે તેઓ પોતાની આંખો વડે જુએ કે નબી ﷺ કયા મકાનોમાં રહેતા હતા. અને આ વાત એ લોકો માટે પણ સબક ગ્રહણ કરવાનો સબબ બને જેઓ દૌલતના નશામાં બેહોશ રહે છે. *(પેજ–૪૦૪, શરફુન્નબી)*

અહીં એ પાસુ પણ લક્ષમાં રાખશો કે મૌલુદે રસૂલ (રસૂલના જન્મ સ્થળ)ની ધાર્મિક હૈસિયતની સાથોસાથ તેની એક પૂરાણી ઐતિહાસિક અહમિયત પણ છે. સઊદી હુકૂમતે હોશ હવાસની સાથે જ કાંઈ ફેંસલો કરવો જોઈએ અને કોઈ ફેંસલો નહીં બલ્કે મૌલુદે રસૂલની રક્ષાની ત્વરીત રીતે તદબીર તથા સંપૂર્ણ વ્યવસ્થા માટે પગલા ભરવાં જોઈએ, નહીં તો તેને ન વિ□ના મુસ્લિમો માફ કરી શકે છે અને ન તો વિ□નો ઈતિહાસ તેની આવી કોઈ વિનાશક તથા ખતરનાક પ્રવૃત્તિને માફ કરી શકે છે.

મૌલુદે રસૂલ (વિલાદતગાહે રસૂલ) સહાબાના યુગથી વર્તમાન યુગ સુધી સર્વ મુસ્લિમો તથા મહોબ્બતવાળાઓના માટે સુકૂનનો સબબ તથા બરકતનો ઝરીયો તથા અકીદતનું મર્કઝ રહ્યું છે. **પહેલી સદી** હિજરીમાં એ મકાન (જન્મ સ્થળ) મૂળ સ્થિતિમાં બાકી રાખવામાં આવ્યું અને સહાબાએ કિરામ તેને હમેશાં મહોબ્બતભરી નજરોએ જોતા રહ્યા. **બીજી સદી** હિજરી તાબઈન તથા તબએ તાબઈનના દૌરમાં એક અલગ અંદાઝમાં તેનું નવેસરથી બાંધકામ થયું અને એ નુફૂસે કુદ્સિયા (પવિત્ર હસ્તીઓ) કાંઈક અધિક આયોજનપૂર્વક તેની ઝિયારત (દીદાર)થી પોતાની આંખોને રોશન કરતા તથા પોતાની મહોબ્બતપૂર્ણ ભાવનાઓને તસ્કીન આપતા રહ્યા, કેમ કે સહાબાએ કિરામ તો પોતાની આંખો વડે રસૂલે અકરમ ﷺ ના જમાલે જહાંઆરાનો વારંવાર નઝારો કરતા રહેતા હતા પરંતુ આ હઝરાત જેઓ કલ્પનાની આંખો વડે રસૂલના રૂએ ઝૈબાના દીદાર કરીને ઈમાનમાં તાજગી ભરતા રહેતા હતા. પછી બાદવાળા દૌરમાં અહલે ઈમાન તથા અહલે મહોબ્બતના એ એહસાસ તથા અમલોમાં ઉમેરો થતો રહ્યો જેમાં મુજતહિદો તથા ફકીહો તથા કઝાત તથા આલિમો સૌ સામેલ હતા કે તેમની પાસે ન તે આંખો હતી જેમને ઝિયારતે રસૂલની સદ્નસીબી હાંસલ હતી અને ન તો એવી આંખો જેમણે રસૂલના સતત દીદારની સદ્નસીબીની મહાનતા પામનારાઓ અથવા તેમની ઝિયારત કરનારાઓની ઝિયારત કરી હતી એટલા માટે મુતાખ્ખેરીન (પાછલાઓ)નો જઝબો તથા એહસાસ અને તેમની આદત તથા કિરદારનો પણ એ જ હાલ રહ્યો કે મૌલૂદે રસૂલ (હુઝૂરના જન્મ સ્થળ)ની ઝિયારત કરવામાં આવે અને તેને મહોબ્બતની નજરે જોવામાં આવે. (જેમ કે આગલાં પૃષ્ઠોમાં એનું વિગતે વર્ણન કર્યું છે) તેની અદબ તથા તા'ઝીમ કરવામાં આવે, તેને સલામત તથા યથાવત રાખવામાં આવે, તેને આવનારી પેઢી સુધી સુરક્ષિત રૂપે પહોંચાડવામાં આવે અને પછી પોતાનો આ મહોબ્બતનો ફરીઝો અંજામ આપીને કાલે કયામતના દિવસે તેને પોતાના માટે નજાતનો તથા મગફેરતનો ઝરીયો બનાવી લેવામાં આવે.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

مَنْ كَانَ عَدُوًّا لِّلّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَرُسُلِهٖ وَجِبْرِيْلَ

وَمِيْكٰلَ فَاِنَّ اللّٰهَ عَدُوٌّ لِّلْكٰفِرِيْنَ ﴿٩٨﴾ وَلَقَدْ اَنْزَلْنَآ اِلَيْكَ اٰيٰتٍ

بَيِّنٰتٍ ۚ وَمَا يَكْفُرُ بِهَآ اِلَّا الْفٰسِقُوْنَ ﴿٩٩﴾ اَوَكُلَّمَا عٰهَدُوْا عَهْدًا

نَّبَذَهٗ فَرِيْقٌ مِّنْهُمْ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿١٠٠﴾ وَلَمَّا جَآءَهُمْ

رَسُوْلٌ مِّنْ عِنْدِ اللّٰهِ مُصَدِّقٌ لِّمَا مَعَهُمْ نَبَذَ فَرِيْقٌ مِّنَ

الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ ۙ كِتٰبَ اللّٰهِ وَرَآءَ ظُهُوْرِهِمْ كَاَنَّهُمْ

لَا يَعْلَمُوْنَ ﴿١٠١﴾ وَاتَّبَعُوْا مَا تَتْلُوا الشَّيٰطِيْنُ عَلٰى مُلْكِ سُلَيْمٰنَ ۚ

وَمَا كَفَرَ سُلَيْمٰنُ وَلٰكِنَّ الشَّيٰطِيْنَ كَفَرُوْا يُعَلِّمُوْنَ النَّاسَ

السِّحْرَ ۗ

**તર્જુમો** : જે કોઈ દુશ્મન હોય અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેના રસૂલો અને જિબ્રઈલ તથા મીકાઈલનો તો અલ્લાહ પણ દુશ્મન છે (તે) કાફિરોનો અને યકીનન ! અમે ઉતારેલ છે તમારા પર રોશન નિશાનીઓ અને કોઈપણ ઈન્કાર નથી કરી શકતું તેમનો સિવાય નાફર્માનોના. શું (એવું નથી) કે જ્યારે કદી પણ તેમણે વાયદો કર્યો તો પછી તોડી નાખ્યો તેને એમનામાંથી એક ગિરોહે બલ્કે તેમની મોટાભાગની સંખ્યા તો (મુદ્દલે) ઈમાન જ નથી લાવી અને જ્યારે આવ્યો તેમની પાસે રસૂલ અલ્લાહ તરફથી એ કિતાબનું સમર્થન કરનાર જે એમની પાસે છે તો ફેંકી દીધી એક જમાઅતે અહલે કિતાબમાંથી[૧૧૨] અલ્લાહની કિતાબને પોતાની પીઠોની પાછળ જાણે કે તેઓ કાંઈ જાણતા જ નથી અને પયરવી કરવા લાગ્યા તેની જે પઢયા કરતા હતા શૈતાન[૧૧૩] સુલેમાનના સત્તાકાળમાં[૧૧૪] જો કે સુલેમાને કોઈ કુફ્ર નથી કર્યું[૧૧૫] બલ્કે શૈતાને જ કુફ્ર કર્યું, શીખવાડયા કરતા હતા[૧૧૬] લોકોને જાદૂ.

## ★ તફસીર ★

**૧૧૨.** જ્યારે સૈયદના મુહમ્મદર્રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને હુઝૂરની સિફતો તથા કમાલો (ખૂબીઓ) જે તૌરાત તથા ઝબૂરમાં મૌજૂદ હતા તેને તેમણે પોતાની આંખો વડે આપની પાક જાતમાં મેહસૂસ કરી લીધી તો ઈમાન લાવવાને બદલે તે જાલિમો (યહૂદી, ઈસાઈઓ)એ પોતાની તે પવિત્ર કિતાબની સ્પષ્ટતાઓને પીઠ પાછળ નાખી દીધી અને તેને પણ માનવાથી ઈન્કાર કરી દીધો. જે કૌમની હઠધર્મીનો આવો હાલ હોય તેનાથી વળી હિદાયતની કોઈ આશા રાખી શકાય છે ?!

**૧૧૩.** આ લાંબી આયતમાં યહૂદીના ઈતિહાસનું એક કાળુ પાનુ રજૂ કરવામાં આવી રહ્યું છે. હકીકત એ છે કે કૌમો પોતાની ઉન્નતિના સમયોમાં હિંમત, મહેનત અને અતિ પરિશ્રમથી પોતાના માટે ઉચ્ચસ્થાન ઉભુ કરે છે અને પડતીના સમયમાં પણ પોતાના પૂર્વજ બુઝુર્ગોથી પ્રાપ્ત કરેલ

ઉચ્ચ સ્થાનોથી ચોંટી રહેવાની આરઝૂ તો તેમનાં દિલોમાં ઉભરાતી રહે છે, પરંતુ તેમની નાહિમ્મતી તથા ભાંગી પડેલા હોંસલા કોઈ ત્યાગ તથા કુર્બાની માટે તેમને ઉઠવા નથી દેતા, ત્યારે તેઓ જાદૂ તથા મંત્રનો સહારો લેવા લાગે છે જેથી પોતાના બુઝુર્ગોની મહાનતાનો તાજ પણ તેમના માથે શોભતો રહે અને તેમણે કાંઈ કરવું પણ ન પડે. યહૂદીઓની પણ પડતીનો યુગ શરૂ થયો તો સાચી ઈજ્જત તથા ઉચ્ચતાઓ સુધી લઈ જનાર સીધો માર્ગ જેનો નિર્દેશ તૌરાતે કર્યો તેના પર ચાલવું તો તેમના માટે મુશ્કેલ થઈ ગયું અને પોતાના જૂઠા વકારને સલામત રાખવા માટે તેમણે જાદૂ વગેરેનો સહારો લેવાનું શરૂ કરી આપ્યું. આ આયતમાં તેમની આ બેરાહરવીનું વર્ણન છે. **تتلو** જો **تلاوہ**થી નીકળેલ છે તો એનો અર્થ પઢવું (વાંચવું) છે. જો **تلو**થી નીકળેલ છે તો એનો અર્થ પયરવી (અનુસરણ) કરવું છે. તેનો એક અર્થ આક્ષેપ મૂકવો પણ છે. આ સ્થિતિમાં આયતનો અર્થ એ થશે કે યહૂદીઓ અનુસરણ કરવા લાગ્યા એ જ ચીજ (જાદૂ)ની જેનો આક્ષેપ શૈતાન હઝરત સુલેમાન عليه الصلوٰة والتسليم પર કર્યા કરતા હતા.

**૧૧૪.** **علیٰ**એ **فی**ના અર્થમાં છે એટલે કે હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم ના હુકૂમતકાળમાં. અને **علیٰ**અને **فی**એકબીજાના અર્થમાં પુષ્કળ પ્રમાણમાં વપરાતાં રહે છે.

**૧૧૫.** બેહતર એ છે કે આયતની આગળ સ્પષ્ટતા પહેલાં સહર (જાદૂ)ની હકીકત વર્ણવી દેવામાં આવે. સાહિબે તાજુલ ઉરૂસ લખે છે : (અર્થ) જાદૂ (સહર)નો અસલી અર્થ છે કોઈ ચીજની હકીકતને બદલી નાખવી. તો જાદૂગર જ્યારે જૂઠને સાચુ કરી બતાવે છે અથવા ચીજ પોતાની હકીકતથી ઉલ્ટી દેખાવા લાગે છે તો જાણે તેણે હકીકતને બદલી નાખી. આ તો છે જાદૂની શાબ્દિક અર્થ મુજબની તેહકીક. હવે એના ઈસ્તેલાહી અર્થ (શરીઅતની રૂએ) પર વિચારણા કરીએ. એવા શબ્દો તથા અમલોને જાણવાને તથા કરવાને જાદૂ કહેવામાં આવે છે જેનાથી માણસને શૈતાની નિકટતા પ્રાપ્ત થઈ જાય છે અને તેઓ તેના આજ્ઞાંક્તિ બની જાય છે અને અમલો તથા શબ્દોની અસરથી કાનો તથા આંખો પર એક એવી કૈફિયત છવાઈ જાય છે જેનાથી અવાજ થાય કાંઈક જૂદો અને સંભાળાય છે કાંઈ જૂદુ. અને ચીજો પોતાની હકીકતથી ઉલ્ટી દેખાવા માંડે છે. અમુકનો ખયાલ એ છે કે ચીજો પોતાની હકીકતની વિરૂધ્ધ કેવળ દેખાતી જ નથી બલ્કે તેમની હકીકત પણ બદલાય જાય છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની નજીક જાદૂગરની સજા એ છે કે તેને કત્લ કરી દેવામાં આવે અને તેની તૌબા કબૂલ કરવામાં ન આવે.

**والمشهورعنه ان الساحريقتل مطلقا------ولايقبل قوله اتوب عنه** –(રૂહુલ મઆની)

**૧૧૬.** યહૂદી તથા ઈસાઈઓ એક તરફ તો હઝરત સુલૈમાન عليه الصلوٰة والتسليم ની રિસાલતનો સ્વીકાર કરતા તથા સત્તાઓનો ઉલ્લેખ ઘણા ફખ્રથી કરતા, અને બીજી બાજુ એ પણ કહેતા કે છેવટની ઉમરમાં સુલૈમાન عليه الصلوٰة والتسليم એ તૌહીદને છોડી આપી અને પોતાની મુશ્રિક પત્નીઓના બાતિલ ખુદાઓની પૂજા કરવા લાગ્યા. જેમ કે બાઈબલમાં એની સ્પષ્ટતા મૌજૂદ છે : ''અને સુલૈમાન બાદશાહ ફિરઔનની પુત્રી સિવાય ઘણી અજનબી સ્ત્રીઓથી.... મહોબ્બત કરવા લાગ્યા.... સુલૈમાન તેમના જ ઈશ્કનો દમ ભરવા લાગ્યા.... અને તેની પત્નીઓએ તેના દિલને ફેરવી દીધું. કેમ કે જ્યારે સુલૈમાન વૃદ્ધ થઈ ગયો તો તેની પત્નીઓએ તેના દિલને ગૈર મઅબૂદો પ્રતિ વાળી દીધો અને તેનું દિલ ખુદાવંદ પોતાના ખુદાની સાથે કામિલ ન રહ્યું.... અને સુલૈમાન ખુદાવંદની સમક્ષ બદી કરી.... અને

ખુદાવંદ સુલૈમાનથી નારાજ થયો, કેમ કે તેનું દિલ ખુદાવંદ ઈસ્રાઈલના ખુદાથી ફરી ગયું હતું." *(પ્રકરણ : ૧૧, આયતો ૧ થી ૯, સલાતીન)* **نعوذ بالله من ذلك**

સુલૈમાન عليه الصلوة والسلام પર તેમણે શિર્કનો ઉઘાડો આક્ષેપ મૂક્યો અને દુનિયા આપને એવા જ સમજતી રહી. ત્યાં સુધી કે અલ્લાહના હબીબ અને સર્વ અંબિયા તથા રસૂલોની ઈજ્જત આબરૂના રક્ષક મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને પોતાના રબનું આ ફર્માન સંભળાવ્યું : **وما كفر سليمان** એટલે સુલૈમાન (عليه الصلوة والسلام) તો જલીલુલ કદર (મહાન) પૈગંબર હતા, તેમને કુફ્ર તથા શિર્કથી શો સંબંધ ?!

કાનો બંધ કરીને યહૂદ તથા નસારાએ દુશ્મનીની રીતે તે સમયે પણ આ હકીકતને ન સ્વીકારી પરંતુ ૧૩૫૦ સદીઓ વહી ગયા પછી તેમણે છેવટે એ જ સ્વીકારવું પડયું જે ખુદાએ બરહકે પોતાના નબી બરહકની તર્જુમાની કરતી ઝબાન વડે કહેવડાવ્યું હતું. જેમ કે ઈન્સાયક્લો પિડિયા બર્ટાનિકા, ભાગ–ર, પેજ–૯૫ર પર મુહક્કિકોના કલમાએ આ લખવું પડયું, "સુલૈમાન عليه الصلوة والسلام એક ખુદાના મુખ્લિસ ઈબાદત કરનાર (પરસ્તાર) હતા." એનાથી પણ વધીને એ કે મસીહી દુનિયાના ફાઝિલોએ ઈન્સાકલોપિડિયા બબલીકામાં ઈન્જીલની આ આયતોના વિશે સ્પષ્ટપણે લખી આપ્યું કે, "એ ગલત છે અને બાદમાં લોકોએ મિલાવી છે, અને હઝરત સુલૈમાન عليه الصلوة والسلام શિર્કની તોહમતથી પાક હતા." *(કોલમ : ૪૬૮૯)* અલ્લાહ તઆલાએ કુર્આન અને હામિલીને કુર્આનની આ સિફતોનું વારંવાર એલાન કર્યુ કે, "તે આગલા અંબિયા તથા રસૂલોની તસ્દીક (સમર્થન) કરવા માટે આવેલા છે. અને આ આક્ષેપો અને તોહમતોથી તેમને પાક કરવા માટે આવેલ છે જે કેવળ ગૈરોએ જ નહીં બલ્કે તેમના પોતાના માનવાવાળાઓએ તેમના પર લગાડી રાખેલી છે. **سبحان من لااله الا هو**

## પાયચાવાળીને નમાઝ પઢવી કેવી ?

કાર્યાલય

**સવાલ** : "ઝયદ" કહે છે કે નમાઝમાં પેન્ટ અથવા લેંગાના પાયચા જો લાંબા હોય તો તેને ઉલ્ટાવીને ઘૂંટીથી ઉપર કરીને નમાઝ પઢવી દુરુસ્ત છે. કેમ કે ઘૂંટીની ઊંચે કપડુ પહેરવું સુન્નત છે તો પ્રશ્ન એ છે કે શું સુન્નત પર અમલ કરવા માટે પાયચા વાળીને નમાઝ પઢવી સુન્નત છે ? બય્યનૂ તુજરૂ *[**પ્રશ્નકર્તા :** મુહમ્મદ સાદિક રઝવી, બેહરામનગર બાંદરા]*

**સવાલ** : કપડુવાળીને નમાઝ પઢવી મકરૂહે તેહરીમી છે. રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે : امرت ان لااكف شعرا ولاثوبا "મને હુકમ થયો કે વાળ અને કપડાં ન સમેટું." *(બુખારી વ મુસ્લિમ)* ગુનિય્યા શરહે મુનિયામાં છે :–

يكره ان يكف ثوبه وهو فى الصلوة بعمل قليل بان يرفعه من بين يديه او من خلفه عند السجوداو يدخل فيها و هو مكفوف كما اذا دخل وهو مشمر ا لكم او الذيل---

ઝૈદનું કહેવું સહીહ નથી. ઘૂંટણોથી ઊંચે પાયચો રાખવો ચોક્કસ સુન્નત છે પણ નમાઝમાં કપડુ વાળવું મકરૂહે તેહરીમી છે. અને નમાઝને કરાહતથી બચાવવું મહત્વનું છે. જેથી એવું કપડુ જ ન પહેરવામાં આવે જે ઘૂંટીથી નીચે લટકે. કેમ કે એવું કરવું જો ઘમંડના કારણે હોય તો હરામ અને નમાઝ મકરૂહે તેહરીમી અને જો ઘમંડના કારણે ન હોય તો નમાઝ મકરૂહે તન્ઝીહી થશે. પરંતુ કપડુ વાળવું ખાસ કરીને પાયચાની મોરી વાળવી તો મકરૂહે તહરીમી છે જેથી પાયચા ચઢાવીને નમાઝ ન પઢે. અલ્લાહ બેહતર જાણનાર છે. *(**હવાલો** : સુન્ની દા'વતે ઈસ્લામી, ત્રિમાસિક, જૂલાઈથી સપ્ટે. ૨૦૦૫, અઝ : હઝરત મુફતી મેહમૂદ અખ્તરુલ કાદરી રઝવી અમજદી, દારુલ ઈફતા–મુંબઈ)*

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્કાત શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

★ હદીષ : ૩૩ ★

## મોટા ગુનાહો તથા નિફાકની નિશાનીઓ[1]

*(પ્રથમ વિભાગ)*

અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ[2] رضى الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે અર્ઝ કરી, હુઝૂર ! ક્યો ગુનોહ[3] અલ્લાહને ત્યાં ખૂબ જ મોટો છે ? ફર્માવ્યું, એ કે તમે અલ્લાહનો શરીક ઠરાવો, જો કે તેણે તમને પેદા કર્યા[4]. અર્ઝ કરી, પછી ક્યો ગુનોહ ? ફર્માવ્યું, એ કે પોતાની ઔલાદ એ ડરથી મારી નાખો કે તે તમારી સાથે ખાય[5]. અર્ઝ કરી, પછી કયો ગુનોહ ? ફર્માવ્યું, એ કે તમારા પડોશીની પત્ની સાથે ઝિના કરો[6]. ત્યારે અલ્લાહે તેના સમર્થનમાં આ આયત ઉતારી : (અર્થ) "અને જેઓ ખુદાની સાથે બીજા મઅબૂદને ન પૂજે અને ન તે જાનને નાહક કત્લ કરે જેને અલ્લાહે હરામ કરી[7] અને ન ઝિના કરે."

અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضى الله عنه ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે અલ્લાહ સાથે શિર્ક, માં બાપની નાફર્માની[8], જાનની કત્લ, જૂઠી કસમ[9], મોટા ગુનાહ છે. એને બુખારીએ હઝરત અનસથી રિવાયત કરી, તેમાં જૂઠી કસમને બદલે "જૂઠી ગવાહી" છે. *(બુખારી, મુસ્લિમ)*

## સમજૂતી

**૧.** ગુનાહે કબીરા (મોટા ગુનોહ) ક્યાં તો તે છે જેની મનાઈ કતઈ દલીલથી સાબિત હોય અથવા તે જેના પર શરીઅતે કાંઈક સજા નિશ્ચિત કરી હોય અથવા તે જેનાથી દીનની તૌહીન થાય. અથવા દરેક ગુનોહ નાના ગુનાહના લેહાઝથી કબીરા છે અથવા જે નાના ગુનાહ પર હમેશગી (આદત બની જાય) કરવામાં આવે અથવા એક જ ગુનોહ એકના માટે સગીરા અને બીજાના માટે કબીરા. حَسَنَاتُ الْاَبْرَارِ سيئاتُ الْمُقَرَّبِيْنَ અથવા જે નાના ગુનાહ પર હમેશગી કરવામાં આવે તે મોટો છે અથવા એકના લેહાઝથી સગીરા બીજાના લેહાઝથી કબીરા. મુસલમાનનું અપમાન ગુનાહે કબીરા છે, ઉલમા તથા મશાઈખની તૌહીન ગુનાહે કબીરા, નબી તથા કુર્આન તથા કા'બાની તૌહીન એ ગુનાહે કબીરા તથા નિફાકની નિશાનીમાં એક રીતે **કુફ્ર** છે.

**૨.** આપની કુન્નિયત અબૂ અબ્દુર્રહ્માન અને ઈબ્ને ઉમ્મ અબ્દ છે. બની હઝીલ કબીલાથી છે, ઈસ્લામમાં પૂરાણા અને જલીલુલકદર સહાબી છે. ઉમર ફારૂકથી પહેલાં ઈસ્લામ લાવ્યા, સાહિબે હિજરતૈન (બે હિજરતવાળા) છે, કે પ્રથમ હબ્શાની તરફ અને પછી મદીના પાકની તરફ હિજરત કરી. બદર અને તમામ ગઝવાતમાં હુઝૂરની સાથે રહ્યા. હુઝૂરના નાલૈન બરદાર (ઉઠાવનાર) તથા સાહિબે અસ્રાર હતા. સફરમાં હુઝૂર ﷺની મિસ્વાક અને પાણી, લોટો આપની પાસે રહેતો હતો. ફારૂકી યુગમાં કૂફાના કાઝી રહ્યા. ઉષ્માની યુગમાં મદીના પાક પાછા આવી ગયા. ૬૦ વરસથી અધિક ઉમર પામી. હિ.સ. ૩૨માં મદીના પાકમાં વફાત પામ્યા અને જન્નતુલ બકીઅમાં દફન થયા. આપ ખુલફાએ રાશિદીન પછી મહાન ફકીહ તથા આલિમ સહાબી છે. હઝરત ઈમામ અબૂ હનીફા મોટા ભાગે આપની જ પયરવી કરે છે.

૩. શરીઅતની રૂએ બુરી ચીજનું નામ ગુનોહ છે. એના ચાર પ્રકારો છે : એક તે જે તૌબા કર્યા વિના માફ ન થાય, જેમ કે કુફ્ર તથા શિર્ક. બીજો તે જે નેક અમલોની બરકતથી માફ થઈ જાય, જેમ કે સગીરા ગુનાહો. ત્રીજો તે જેની તૌબા વિના પણ માફ થવાની ઉમ્મીદ હોય, જેમ કે અલ્લાહના હક્કો, કબીરા ગુનાહ. ચોથો તે કે જેની માફીના માટે તૌબાની સાથે મખ્લૂકને પણ રાજી કરવી પડે, જેમ કે બંદાઓના ગુનાહ. *(મિર્ક઼ાત)*

૪. શિર્ક તથા કુફ્ર તે મહાન કબીરાઓમાંથી છે.

૫. જેમ કે અરબમાં દસ્તૂર હતો કે ગરીબ લોકો ખર્ચના ખૌફથી પુત્રો, પુત્રીઓ બંનેને કત્લ કરી દેતા હતા. કેમ કે એમાં નિર્દોષ જાનોને કત્લ કરવું તથા પોતાના સગાં પર જુલ્મ કરવો અને ખુદાની રઝ્ઝાકિયત પર ભરોસો ન કરવું આમ ત્રણ વાતો ભેગી થાય છે એટલા માટે તેનો દરજો કુફ્ર તથા શિર્ક પછી રાખવામાં આવ્યો.

૬. કે ઝિના ખૂદ કબીરા ગુનોહ છે અને એમાં પડોસીના હક્કને બર્બાદ કરવું પણ છે. કેમ કે દરેક વ્યક્તિ પોતાના પડોસીના પર ભરોસો કરે છે, અને તેના જાન તથા માલ તથા આબરૂની હિફાઝતને પોતાનો ફર્ઝ સમજે છે. યાદ રાખશો કે અહીં કબીરા ગુનાહ કેવળ ચાર વર્ણન કરવામાં આવ્યા છે. જરૂરત અને મોકાના લેહાઝથી અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે ગુનાહે કબીરા ૭૦ છે અને સઈદ ઈબ્ને જુબૈર ફર્માવે છે કે ૭૦૦ છે. –*(મિર્ક઼ાત)* એટલે કે ગુનાહે કબીરાની સંખ્યા ૭૦ થી ૭૦૦ છે.

૭. આ આયતમાં حَرَّمَ اللّٰهُથી મુરાદ મો'મિન, કાફિર, ઝિમ્મી તથા મુસ્તામિન છે. اِلَّا بِالْحَقِّમાં એ જુર્મો તરફ ઈશારો છે જેની સજા કત્લ છે. જેમ કે મુર્તદ થઈ જવું અથવા ઝિના અથવા જુલ્મથી કત્લ, એટલે કે મો'મિન આ ત્રણમાંથી જો કોઈ ગુનોહ કરશે તો કત્લ કરવામાં આવશે.

૮. એટલે કે તેમના હક્કો અદા કરવા અથવા તેમના જાઈઝ હુકમોનો વિરોધ કરવો. માં બાપના હુકમોમાં દાદા, દાદી તથા નાના, નાની પણ છે. આ ક્રમ પરથી જણાયું કે માં બાપની નાફર્માની બદ્તરીન જુર્મ છે કેમ કે શિર્ક પછી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો. એટલા માટે રબે પોતાની ઈબાદતની સાથે માં બાપની ફર્માબરદારીનો ઉલ્લેખ ફર્માવ્યો :–

اَنْ لَّا تَعْبُدُوْٓا اِلَّآ اِيَّاهُ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا۔

૯. غموص તે કસમ છે જે જાણીબુઝીને પાછલા પ્રસંગ પર જૂઠી કસમ ખાવામાં આવે, એમાં ગુનોહ છે, કફ્ફારો નથી. આ કસમ માણસને ગુનાહમાં ડૂબાડી દે છે. એટલા માટે એને غموص કહે છે. જૂઠ તથા જૂઠી કસમ હજારો ગુનાહોની જડ છે એટલા માટે એ ગનુાહે કબીરા છે. યાદ રાખશો કે હુઝૂર ﷺના જવાબો પ્રશ્નકર્તાની હાલતોના આધારે થતા હતા.

બુદ્ધિ હોય તો વિચારો !

## સ્ત્રી આઝાદી તે આનું નામ ?!

મોર્ડન સંસ્કૃતિની અજબની ફિલોસોફી છે કે જો એક સ્ત્રી ઘરમાં પોતાના માટે, પોતાના પતિના માટે, પોતાનાં બાળકો માટે ખાવા તૈયાર કરે છે તો એ જૂનવાણી તથા રૂઢીચુસ્તતા છે ! અને જો તે જ સ્ત્રી વિમાનમાં એર હોસ્ટેસ બનીને સેંકડો માણસોની વાસનામય નજરોનું નિશાન બનીને તેમની સેવા કરે તો તેનું નામ આઝાદી તથા આધુનિકતા છે ! જો સ્ત્રી ઘરમાં રહીને પોતાનાં માં બાપ, બહેન, ભાઈઓને માટે ઘરેલૂ કામ કાજ કરે તો તે કૈદ તથા બેઈજ્જતી છે પરંતુ દુકાનો પર સેલ્સ ગર્લ કે દારૂના અડ્ડા પર બાર ગર્લ બની લોકો સામે મલકાઈને કે નાચીને ગ્રાહકોને ખુશ કરી દે કે ઓફિસોમાં પોતાના બોસની નાઝબરદારી કરે તો એ **"આઝાદી"** તથા **"ઈજ્જત"** છે !!

હે લોકો ! તમારી મતિ ક્યાં જતી રહી ?!

# શિફા શરીફ

شفا شریف

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

રહી આપની વાતચીતની ટેવાયેલી જાણીતી ફસાહતના તમામ શબ્દો અને કાર્યોની નકલ કરવાની વાત તો તેના વિશે લોકોએ ઘણી બધી કિતાબો લખી છે. અને આવા શબ્દો અને અર્થોની કેટલીય કિતાબો તૈયાર થઈ ગઈ છે. તેને જોવામાં આવે તો ફસાહત તેમની બરાબરી કરી શક્તી નથી અને બલાગતમાં મુકાબલાની શક્તિ નથી. દા.ત. કેટલાક મહાન હુકમો તરફ ધ્યાન આપો :–

**૧.** મુસલમાનોના લોહી બરાબર છે. વચન અને શાંતિને પૂરા કરવામાં તેમનો નાનો સરખો પણ પ્રયત્ન કરશે અને અન્યના મુકાબલામાં એક હાથના જેમ.

**૨.** લોકો કાંસકીનાં દાંતાનાં જેમ છે.

**૩.** મનુષ્ય તેના સાથે છે જેને તે પ્રિય રાખે.

**૪.** એ શખ્સના સહવાસમાં ભલાઈ નથી જે તારા માટે તે કાળજી ન રાખે જે પોતાના માટે ધ્યાન રાખે છે.

**૫.** લોકો કાન છે.

**૬.** તે આદમી હલાક થતો નથી જે પોતાની યોગ્યતાને ઓળખે.

**૭.** જેનાથી સલાહ લેવામાં આવે તેના માટે પ્રમાણિક્તા આવશ્યક છે.

**૮.** મનુષ્ય ઘણો જ નેક છે જ્યાં સુધી તે વાતચીત ન કરે.

**૯.** અલ્લાહ તઆલાએ બંદા પર રહમ કર્યો, જેણે સારી વાત કહી ફાયદો પ્રાપ્ત કર્યો અથવા મૌન ધારણ કરીને રક્ષિત રહ્યો.

**૧૦.** ઈસ્લામ લાવ, રક્ષિત બની જાવ.

**૧૧.** ઈસ્લામ લઈ આવ અલ્લાહ તઆલા તમારા બદલાને બમણો કરી આપશે.

**૧૨.** બેશક ! મને સૌથી વધુ પ્યારો અને કિયામતના દિવસે સૌથી વધુ નજીક તે શખ્સ હશે જેની વર્તણૂંક (અખ્લાક) સૌથી સારી હશે.

**૧૩.** વિનમ્ર તે લોકો છે જે લોકોથી મહોબ્બત કરે છે અને લોકો તેનાથી મહોબ્બત કરે છે.

**૧૪.** એક શખ્સ ગઝ્વએ ઓહદમાં માર્યો ગયો અને લોકો તેની બુરાઈઓ કરી રહ્યા હતા ત્યારે આપે ફર્માવ્યું : કદાચ ! તે નકામી વાતો કર્યા કરતો હતો અને કંજૂસીથી કામ લેતો હતો જે તેના કામમાં ન આવ્યું.

**૧૫.** મોં જોઈને વાત કરનાર અલ્લાહ તઆલાના નજીક ઈજ્જતદાર નથી.

અને સરવરે કોનો મકાં ﷺ એ વાદવિવાદ (નકામો વાર્તાલાપ), વધુ સવાલો કરવા, માલ વેડફી નાખવો, જરૂરી વસ્તુઓની સંગ્રહખોરી કરવી, માંની નાફર્માની કરવી અને બાળકીઓને જીવતી દાટી દેવાથી મનાઈ ફર્માવી છે. એ માટે ફર્માવ્યું છે :–

**૧૬.** તું જ્યાં પણ હોય અલ્લાહ તઆલાથી ડર.

**૧૭.** મધ્યમ માર્ગ સારી રીત છે.

**૧૮.** પોતાના મિત્રને ઓછો રાઝદાર બનાવ, એવું ન બને કે તે કોઈ દિવસે તારો દુશ્મન બની જાય.

**૧૯.** જુલ્મ કિયામતમાં અંધાર્યો હશે. અને કેટલીક દુઆઓમાં આપના આ શબ્દો પણ છે :–

**૨૦.** અય અલ્લાહ ! હું તારી એવી રહમતનો સવાલ કરું છું જે મારા દિલને તારો માર્ગ દેખાડે,

મારા માટે જમા કરે મારા દિલની પરેશાનીને દૂર કરે, મારા દિલની સુધારણા કરે, મારા જાહેરને બુલંદ કરે, મારા આમાલને દુરુસ્ત કરે. તેના કારણે મને હિદાયતથી સંબંધિત કરે. તેના સાથે મારી મહોબ્બતને એકઠી કરે અને તેના દ્વારા મને દરેક બુરાઈથી બચાવ. અય અલ્લાહ ! તારાથી સવાલ કરું છું કે મને મૃત્યુમાં સફળતા, શહીદો જેવી મહેમાની, નેક લોકો જેવી જિંદગી અને દુશ્મનોના મુકાબલામાં જીત અર્પિત કર.

આ સિવાય આપના મકાલાત (લેખો), મકામાત, જાણકારી, ખુત્બા, દુઆઓ, સંબોધનો અને કોલો કરાર છે જેને એક જમાઅતથી બીજી જમાઅત રિવાયત કરતી આવી છે. અને તેમાં કોઈપણ મતભેદ નથી કે આપના મહાન હુકમો ફસાહત અને બલાગતને ધ્યાનમાં રાખતાં એટલા હદે ઉચ્ચ (બુલંદ) દરજ્જાના છે કે તેમાં બીજા વાર્તાલાપની તેમના સાથે (અંદાજો લગાડી શકાતો નથી) સરખામણી થઈ શક્તી નથી. અને આપના આ ઉચ્ચ કર્તવ્યનો કોઈનાથી ખૂબ સારી રીતે અંદાજ થઈ શક્તો નથી.

નબીએ કરીમ ﷺના મહાન હુકમોમાં કેટલાક એવા શબ્દો પણ છે જે આપના પહેલા કોઈએ પણ તેનો ઉપયોગ કર્યો ન હતો અને ન કોઈ આવા કલામ પર સમર્થ થઈ શકે છે. દા.ત. જ્યારે યુદ્ધ ક્ષેત્ર ગરમ થઈ જાય અને ઘમસાણ યુદ્ધ ચાલુ હોય તો તેના દ્વારા આપે "ભટ્ટી ગરમ થઈ ગઈ" ફર્માવ્યું છે. જેઓ મેદાને જેહાદમાં જંગ કર્યા સિવાય માર્યા જાય તેના દ્વારા "બદલો સાબિત થઈ ગયો" ફર્માવ્યું.

**૨૧.** મો'મિન એક કાણામાંથી બીજી વખત ડંખ ખાતો નથી.

**૨૨.** ભાગ્યશાળી તે છે જે બીજાઓને જોઈને પાઠ ભણે.

સારાંશ એ છે કે આના જેવા આપના બીજા મહાન હુકમોમાં ફસાહત અને બલાગત એટલી હદ સુધી કુટી કુટીને ભરી છે કે તે વિષયમાં ચિંતન કરવાથી અક્કલ વિવશ બની જાય છે. એક વખતે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! ﷺ આપનાથી વધીને ફસાહત વાણી અમે કોઈનામાં જોઈ નથી. ફખ્રે દો આલમ ﷺ જવાબ આપતાં ફર્માવ્યું : "ફસાહત અને બલાગતથી મારા માટે કઈ ચીજની અડચણ છે, જ્યારે કે કુર્આને કરીમ મારી ભાષામાં ઉતર્યું છે જે શુદ્ધ અને ચોખ્ખી અરબી ભાષામાં છે."

બીજી વખતે એક આવા જ સમયે આપે ફર્માવ્યું હતું :–

હું અરબનો સૌથી વધુ ફસીહ ‘‘ફસાહત અને બલાગતવાળો’’ છું કેમ કે મારી પૈદાઈશ કુરૈશમાં અને ઉછેર બની સઅદમાં થયો છે. એ માટે રસૂલલ્લાહ ﷺની ભાષામાં શહેરીઓની મિઠાસ અને ભાષાની ખૂબી અને ગામડાઓની શબ્દોની શુદ્ધિ આ બંને વસ્તુઓ એકઠી થઈ ગઈ હતી અને આપના કલામને વહીએ ઈલાહીએ રૌનક બક્ષી છે. એટલે અલ્લાહની વહી દ્વારા આપને મદદ મળતી રહી છે. જેણે આપની ફસાહતને એટલે હદ સુધી ઉચ્ચ બનાવી દીધી કે મનુષ્ય તેનો ઘેરાવ કરવાથી લાચાર છે.

હઝરત ઉમ્મે બઅદ رَضِيَ اللهُ عَنْهَا એ આપની પ્રશંસામાં ફર્માવ્યું છે કે રસૂલુલ્લાહ ﷺની ભાષા મીઠાસવાળી હતી, વાતચીતનો દરેક શબ્દ બીજાથી અલગ અલગ હતો. જરૂરિયાત વિના કલામ (વાતચીત) કરતા નહીં. આપનું દરેક બયાન એવું જોડાયેલું રહેતું હતું, જેવું કે એક લાકડીમાં પરોવેલાં મોતી. આપનો અવાજ બુલંદ અને દિલને ખુશ કરી દે તેવી હતી. (ﷺ)

દરેક મુસ્લિમે જાણવી જરૂરી હોય

એટલે

# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## કયામતનું વર્ણન અને એની નિશાનીઓ

એક દિવસ તમામ દુનિયા, મનુષ્ય, પશુ, પંખી, જીવ–જંતુ, જિન્નાત–ફરિશ્તા, જમીન–આસમાન અને એમાં જે કંઈ છે તે બધું જ નાશ પામશે, અલ્લાહના સિવાય કોઈ ચીજ બાકી નહીં રહે, તેનું નામ કયામત છે. કયામત આવતા અગાઉ કેટલીક નિશાનીઓ જાહેર થશે તેમાંથી અમુક અમે અહીં લખીએ છીએ :–

**(૧)** ખુશુફ એટલે કે ત્રણ જગ્યાએ માણસો જમીનમાં ધસી જશે, પૂર્વમાં, પશ્ચિમમાં અને અરબસ્તાનમાં.

**(૨)** ઈલ્મ ઉઠાવી લેવામાં આવશે. (એટલે કે આલિમો જલ્દી જલ્દી મરવા લાગશે.)

**(૩)** જહાલત, અજ્ઞાનતા વધી જશે.

**(૪)** દારૂ અને વ્યભિચાર ખૂબ વધી જશે અને **બેશરમી એટલી હદ સુધી વધશે કે ઘોડા, ગધેડાં અને જાનવરોની જેમ વ્યભિચાર થશે.**

**(૫)** પુરૂષો ઓછા હશે અને ઔરતો વધી જશે, એટલે સુધી કે એક પુરૂષ સાથે તેના આશરા હેઠળ ૫૦ ઔરતો હશે.

**(૬)** માલ દૌલત વધી જશે.

**(૭)** અરબમાં ખેતી, બાગ બગીચા અને નહેરો થઈ જશે. ફુરાત નદી પોતાના ખઝાનાઓ બહાર ફેંકી દેશે, અને તે સોનાના પહાડો થઈ જશે.

**(૮)** પુરૂષ પોતાની ઔરતનું કહેવું માનશે પણ માં બાપનું કહેવું નહીં સાંભળશે.

**(૯)** ગાવા–બજાવવાનું આમ થઈ જશે.

**(૧૦)** પોતાના પૂર્વજો, બાપ–દાદાઓને લોકો ભલું બુરૂં કહેશે.

**(૧૧)** નાલાયક અને ખરાબ કામ કરનારાઓ કૌમના લીડર–સરદાર બનશે.

**(૧૨) હલકા લોકો કે જેઓને શરીર ઢાંકવા પૂરું કપડું પણ ન મળતું હતું તે મોટી મોટી બિલ્ડીંગોમાં રહેશે અને અભિમાન કરશે.**

**(૧૩)** મસ્જિદમાં લોકો બૂમો પાડી મોટા અવાજે વાતો કરશે.

**(૧૪) ઈસ્લામ પર અડગ રહેવું એટલું મુશ્કિલ હશે કે પોતાની મુઠ્ઠીમાં આગનો અંગારો લેવો. એટલે સુધી કે આદમી કબ્રસ્તાનમાં જઈને એવી ઈચ્છા કરશે કે અફસોસ ! આ કબ્રમાં હું આવીને પહેલેથી સૂઈ ગયો હોત તો કેવું સારું થાત !** (અર્થાત મૌતને લોકો પસંદ કરશે)

**(૧૫)** સમયમાંથી બરકત ઉઠી જશે એટલે સુધી કે વર્ષ, મહિનાની જેમ, મહિનો અઠવાડિયાની જેમ, અઠવાડિયું દિવસની જેમ અને દિવસ જાણે કોઈ ચીજને આગ લાગી અને ભડકો થઈ હોલવાઈ ગયું એ રીતે વીતી જશે. અર્થાત સમય ખૂબ જલ્દી જલ્દી પસાર થઈ જશે.

**(૧૬)** પ્રાણીઓ માણસોથી વાતો કરવા લાગશે. ચાબુકનો છેડો અને જોડાનું તળિયું બોલશે અને ઘરમાં જે કંઈ બન્યું હશે તે બતલાવી આપશે. બલ્કે માણસની પોતાની જાંઘ પણ એને ખબર આપશે.

**(૧૭)** સૂરજ પશ્ચિમમાં નીકળશે અને તે એ રીતે કે કયામતના નજીકમાં પોતાની આદત પ્રમાણે સૂરજ અલ્લાહના દરબારમાં સિજદો કરી પૂર્વમાંથી નીકળવાની ઈજાઝત માંગશે. પરંતુ એને ઈજાઝત નહીં મળે અને હુકમ થશે કે પાછો જા, ત્યારે તે પશ્ચિમમાંથી ઉગશે અને અર્ધા આસમાનની ઉપર જઈ પાછો ફરી પશ્ચિમમાં જઈ આથમશે. એ પછી દરરોજ નિયમ પ્રમાણે પૂર્વમાંથી ઉગશે એટલે કે ફક્ત એક જ વખત પશ્ચિમમાંથી નીકળશે. એ દિવસથી જ તૌબાનો દરવાજો બંધ કરી દેવામાં આવશે. પછી ઈસ્લામ લાવવું કે તૌબા કરવી ફાયદામંદ રહેશે નહીં.

**(૧૮)** મોટા દજ્જાલ સિવાય કયામત સુધીમાં ૩૦ દજ્જાલો પેદા થશે. અને એ બધા પોતે નબી હોવાનો દાવો કરશે. જ્યારે કે નબુવ્વત આપણા નબી મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ પર ખતમ થઈ ચૂકી છે. આપણા નબી કરીમ ﷺ પછી કોઈ નબી નહીં થઈ શકે. આ દજ્જાલોમાંથી ઘણા થઈ ચૂક્યા છે. જેમ કે મુસૈલમા કઝ્ઝાબ, તલીહા બિન ખુવૈલદ, અસ્વદ ઉન્સી, સજ્જાદ, મિર્ઝા અલી મુહમ્મદ બાબ, મિર્ઝા અલી હુસૈન, બહાઉલ્લાહ, મિર્ઝા ગુલામ અહમદ કાદિયાની વગેરે અને જે બાકી છે તે પણ જરૂર થશે.

**(૧૯) દજ્જાલ** : એ કાણો હશે, એની એક આંખ હશે, અને એ પોતે ખુદાઈનો દાવો કરશે, એના માથા ઉપર કાફ, ફે, રે, એટલે કે કાફિર લખેલું હશે એને દરેક મુસલમાનો વાંચી શકશે. પરંતુ કાફિરોને દેખાશે નહીં. એ ખૂબ જ ઝડપી પ્રવાસ કરશે. ૪૦ દિવસમાં હરમૈન શરીફૈન (મક્કા–મદીના) સિવાય તમામ દુનિયામાં ફરી વળશે. એ ૪૦ દિવસોમાં પહેલો દિવસ, વર્ષ જેટલો, બીજો મહિના જેટલો, ત્રીજો અઠવાડિયા જેટલો અને બાકીના ચોવીસ, ચોવીસ કલાકના હશે. એનો ફિત્નો ઘણો ભયંકર હશે. એના એક હાથમાં આગ અને બીજા હાથમાં બાગ હશે, જેનું નામ જન્નત અને દોઝખ રાખશે. જ્યાં જશે ત્યાં એને સાથે લઈ જશે. એની દેખીતી જન્નત ખરેખર આગ હશે અને એની જહન્નમ ખરેખર આરામની જગા હશે. લોકોને એ કહેશે કે મને ખુદા કહો ! જે એને ખુદા કહેશે તેને એ જન્નતમાં નાંખશે અને જે એનો ઈન્કાર કરશે તેને જહન્નમમાં ફેંકી દેશે. મુડદાંઓને જીવતાં કરશે, વરસાદ વર્ષાવશે, જમીનને હુકમ કરશે તો તે લીલોતરી ઉઘાડશે. વેરાન જગ્યાઓમાં જશે તો ત્યાંના દટાયેલા ખજાનાઓ મધની માંખીઓની જેમ ઢગને ઢગ એની સાથે ચાલવા લાગશે. આવા કેટલાય ચમત્કારો બતાવશે, પરંતુ ખરી રીતે એ જાદૂઈ ચમત્કારો હશે, અસલમાં કશું જ નહીં હોય. અને તેથી જ એના ગયા પછી લોકોની પાસે કશું નહીં રહે. જ્યારે એ મક્કા–મદીના શરીફમાં જવા ચાહશે તો ફરિશ્તાઓ એનું મોઢું ફેરવી દેશે. દજ્જાલની સાથે યહૂદીઓનું લશ્કર હશે.


**બાકી લવાજમવાળા ગ્રાહકોને ચેતવણી**

**પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આપનું પ્યારું બરકાતે ખ્વાજા (માસિક) તમને નિયમિત મળે અને ઈલ્મી, ઈન્કિલાબી, ઈસ્લાહી લેખો જે બંને જહાનમાં લાભદાયી પુરવાર થાય એવા લેખો રજૂ કરવા અમે ભરપૂર કોશિશ તથા જદ્દો જેહદમાં રહીએ છીએ તો આપની અખ્લાકી ફર્ઝ બને છે કે ગ્રાહકોમાં વધારો કરવા કોશિશ કરો...ઉપરાંત ખાસ તો એ કે તમારું પોતાનું લવાજમ નિયમિત રવાના કરો.**

**જે ગ્રાહકોનું લવાજમ પૂરું થયેલું છે તેમને પેજ નં. ૧ ઉપર આ અંકમાં જાણ કરી દીધી છે. તેઓ તા. ૨૫/૧૨/૦૫ સુધીમાં લવાજમ નહીં મોકલે તો જાન્યુ–૦૬થી તેમનો અંક બંધ થઈ જશે. માટે સત્વરે લવાજમ મોકલવા અરજ છે.**

# फतवा
## -कार्यालय विभाग

### ચાલુ નમાઝે મસ્જિદમાં " મોબાઈલ" રણકે તો શું કરવું ?!

એક પત્ર અહમદભાઈ હારૂનભાઈ મોગલ (સત્ય સિમેન્ટ, ઉદ્યોગ નગર–ગોંડલ) તરફથી મળ્યો જેમાં મોબાઈલ ફોન મસ્જિદમાં સ્વીચ ઓફ કરવા સંબંધે ચર્ચા છે.

મોબાઈલ ચાલુ રહી જાય અને તેની રીંગ નમાઝની સ્થિતિમાં વાગે તો સૌનું ધ્યાન ચોક્કસ દોરાશે તેમજ જેના મોબાઈલની રીંગ વાગશે તે જો અદબનો તકાઝો સમજતો હશે તો બેચેન થશે જ અને નમાઝમાં પણ ૧૦૦% ખલેલ ઉભી થશે જ.

બીજું કે મોબાઈલ ભૂલથી ચાલુ રહી જાય અને તેના બચાવમાં જેઓ જે કાંઈ દલીલો કરે છે કે મસ્જિદ બહાર અવાજો થાય છે તેનાથી ખલેલ નથી થતી ! તો મોબાઈલ ચાલુ રહેવાથી શું થવાનું ?!... વગેરે દલીલો એ ન્યાયની વાત નથી. સ્વભાવિક છે કે ખાસ મસ્જિદમાં જ્યારે નમાઝ ચાલુ હોય અને રીંગ વાગે તો તદ્દન સ્વભાવિક છે કે ખલેલ પડે જ. માટે જે તે ભાઈઓ પોતાનો લૂલો બચાવ કરવા ગલત દલીલો ન કરે, બલ્કે પોતાની ભૂલની શર્મિંદગી જાહેર કરે અને હવે પછી ખ્યાલ રાખે કે મસ્જિદમાં જતાં બુટ ચંપલ કાઢે ત્યારે તે સાથે જ મોબાઈલ ઓફ કરે એવી આદત બનાવી લે.

તેમના કહેવા અનુસાર કે, "મોબાઈલ ચાલુ રહી જવાથી અમે કફ્ફારો તો આપી દીધો કે મસ્જિદના ગલ્લામાં પૈસા નાખ્યા !" એનો મતલબ કે પોતે ગલતીનો એહસાસ તો કર્યો ?! એટલે જ કે એનાથી મસ્જિદની અદબ, નમાઝીઓને ખલેલ પડે છે એ ભૂલને દિલથી માની લીધી ત્યારે તો કફ્ફારો સમજી દાન કરે છે.

ખૈર, જે હોય તે પણ એક વાત સમજી લો કે **ચાલુ નમાઝે મોબાઈલની રીંગ વાગે તો ફક્ત એક હાથે તેને બંધ કરી શકાશે, બે હાથનો ઉપયોગ કરીને બંધ કરે તો નમાઝ તૂટી જશે, એક હાથે બંધ કરે તો વાંધો નથી, એમાં નમાઝ તોડવાનો પ્રશ્ન ઉભો થતો નથી અને નમાઝ તોડવાની જરૂર જ નથી.** એના સંબંધે નીચેનો ફત્વો ધ્યાનથી વાંચી લો જેથી તમારી સમસ્યાનું નિવારણ થઈ જશે. **અનિવાર્ય બાબત છે કે મોબાઈલ ઓફ કરીને જ મસ્જિદમાં આવવું, પણ ભૂલથી રહી જાય તો શું કરવું ? એ સંબંધે એવા જ એક પ્રશ્નનો જવાબ જોઈ લો :-**

**સવાલ** : ભૂલથી મોબાઈલ ફોનની સ્વીચ ઓફ ન કરી હતી અને નમાઝ ચાલુ હતી તે હાલતમાં મોબાઈલની રીંગ તેજ અવાજમાં વાગવા લાગી જે ખૂદ તે નમાઝીના તથા અન્ય નમાઝીઓની નમાઝમાં ખલેલનો સબબ બની રહી છે, તો હવે નમાઝી શું કરે ? નમાઝની હાલતમાં એક હાથ વડે મોબાઈલ બંધ કરવાથી શું નમાઝ ફાસિદ થઈ (તૂટી) જશે ? અથવા નમાઝ તોડીને બંધ કરવી, શું કરવું ? ઝયદ કહે છે કે બેહતર છે કે નમાઝ તોડીને બંધ કરે પછી નિય્યત બાંધી લે. તો શું ઝયદનું કથન દુરુસ્ત છે ? બૈયનૂ તૂજરૂ.

*[**પ્રશ્નકર્તા** : સૈયદ મરગૂબ અહમદ ઝિયાઈ, સંગમ મેડીકોઝ, પાલી–રાજસ્થાન]*

## અલ્જવાબ

નમાઝમાં દિલની ખલેલ દૂર કરવી એ નમાઝની જરૂરિયાતમાંથી છે, જેના માટે **અમલે ક઼લીલ** (એક હાથ વડે કોઈ કામ)ની રજા છે, જેમ કે શરીરમાં ખંજવાળવાની જરૂરત છે કે એના વિના દિલમાં ખલેલ પડે છે અથવા કોઈ તકલીફવાળી ચીજથી તકલીફ થઈ રહી છે તો નમાઝની હાલતમાં એક હાથ વડે એક રુકન (સ્થિતિ)માં એક કે બે વાર સુધી ખંજવાળની જગાએ હાથ રાખી ખંજવાળવાની કે તકલીફ દૂર કરવાની રજા છે. (ત્રીજી વાર નહીં) જેથી એ બિના પર જો મોબાઈલની રીંગનો તેજ અવાજ જ્યારે પોતાના માટે તેમજ નમાઝ પઢી રહેલા નમાઝીઓ માટે ખલેલ તથા બેચેનીનો સબબ બને ત્યારે એક હાથથી બટન દબાવી દે, પણ એ સાવધાની રાખે કે **અમલે કષીર** (બે હાથ વડે કામ) ન થવા પામે નહીં તો નમાઝ ફાસિદ થઈ જશે. રદુલ મુહતાર, ભાગ–૧, પેજ–૬૯૦ (આ કૌલ હેઠળ (كره عبثه بثوبه وبجسده للنهى الالحاجة છે :–

قوله الالحاجة لحك بدنه شئى واضره وسئلت۔ عرق يؤلمه ويشغل قلبه، وهذا لو بدون عمل كثير، قال الفيض الحك بيد واحدة فى ركن ثلاث مرات يفسد الصلاة ان فرع يده فى كا مرة..... اه

ઝયદની વાત (નમાઝ તોડવા વિશેની) તદ્દન ગલત છે કેમ કે નમાઝને બાતિલ કરવું હરામ તથા ગુનોહ છે.

قَالَ اللّٰه تعالىٰ يٰأَيُّهَاالَّذِيْنَ آمَنُوْا اَطِيْعُوْا اللّٰهَ وَاَطِيْعُوْ الرَّسُوْلَ وَلَا تَبْطُلُوْ اَعْمَالَكُمْ *(પારા–૨૬, સૂરએ મુહમ્મદ)*

અલ્લાહ બેતર જાણનાર છે.

**લખનાર** : મુહમ્મદ સજ્જાદ આલમ રઝવી ષક઼ાફી *(શમ્સ તબરેઝ અરબી દર્સગાહ, ઉર્દૂ નગર, હુબ્લી, ૫–રબી ઉષ્ષાની, હિ.સ. ૧૪૨૬)*

**અલ્જવાબ સહીહ** : (મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી *(સદર મુફ્તી જામિઆ અશ્રફિયા–મુબારકપુર, યુ.પી.)*

**અલ્જવાબ સહીહ** : (મુફ્તી) મુહમ્મદ અબરાર અહમદ અમજદી બરકાતી

*[હવાલો : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા, નં. ૧૦, ફકીહે મિલ્લત એકેડમી, મર્કઝે તર્બિયતે ઈફતા દારુલ ઉલૂમ અમજદિયા અહલે સુન્નત અર્શદુલ ઉલૂમ, ઓઝાગંજ–યુ.પી.)*

## દવા તથા એહરામની હાલત વિશે ફત્વા

શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસ્અલામાં કે : **(૧)** કોઈ એવી દવાનો ઉપયોગ જેને જો પીવામાં આવે તો દિલ પર આડ અસર ઉભી થાય તો એનાથી બચવાના માટે એક એવી દવા બનાવવામાં આવી છે જે નખો પર લગાડવામાં આવે જેનાથી તે દવાની ગલત અસર (રિએક્શન) ન થાય. તો શું આવી દવા નખો પર લગાડીને નમાઝ પઢવાથી નમાઝ થઈ જશે ? **(૨)** એહરામની હાલતમાં સ્લીપીંગ બેગમાં સૂવું જાઈઝ છે કે નહીં ?

*[**પ્રશ્નકર્તા** : મૌલાના મુહમ્મદ ઈકબાલ મિસ્બાહી, બોલ્ટન–યુ.કે.]*

## અલ્જવાબ

**(૧)** જો દવા નાપાક નથી અને તેને લગાડવાથી નખો પર પડ નથી જામતુ તો એને લગાડવી જાઈઝ છે અને જો નાપાક છે અથવા તેને લગાડવાથી નખો પર પડ જામી જાય છે જે નખો સુધી પાણી પહોંચવામાં આડરૂપ હોય તો તેને લગાડવી નાજાઈઝ છે, કે એ પાક શરીરને નાપાક કરવું છે જે હરામ છે. બહર્રુર્રાઈકમાં બદાએઅના હવાલાથી છે :–

أما تنجيس الطاهر فحرام اه ذكره فى الماء المستعمل

રદુલ મુહતારમાં છે :–

مـافـی سرح المنیةفی الانجاس من ان التلوث بالنجاسة مکروه فالظاهر حمله علی ماإذاکان بلاعذروالوطئ عذر

એમાં જ છે :—

افتـی بعض الشافعیه بحرمة جماع من تنجس ذکره قبل غسلـه ألاأذاکان به سلس فیحل کوطی المستحاضة مع الـجریـان ویـظهر انـه عـندنا کذالك لمافیه من التضمخ بـالـنـجـاسة بـلاضـرورـة لامکان غسله بحلاف وطی المستحاضة ووطی السلس تامل۔

પડ જામી જવાથી વુઝૂ થશે નહીં જેથી જો પડ ઉખેડયા વિના વુઝૂ કરશે તો ન વુઝૂ થશે ન નમાઝ. હા ! જો એના રીએક્શનથી બચવા માટે કેવળ આ જ એક રસ્તો હોય અને બીમારીના ઈલાજ માટે એ જ દવા નિશ્ચિત હોય જે હૃદય તથા કલેજા પર અસર કરે છે તો હવે તેને લગાડવુ જાઈઝ થશે કે હવે જરૂરતે શરઈય્યહ મુતહક્કિક થઈ ચૂકી. અને ફકીહો ફર્માવે છે :— ألضرورات تبیح المحظورات

દુર્રે મુખ્તારમાં છે :—

لابـمـنـع الـطهارة خرء ذباب وبرغوث لم یصل الماء تحته وحناء ولوجرمه به یفی

એના હેઠળ રદ્દુલ મુહતારમાં છે :—

صرح به فی المنیة عن الذخیره فی مسلة الحناء والطین والدرن معللا بلضرورة(રદુલ મુહતાર, ભાગ–૧, પેજ–૨૮૮)

અલ્લાહ બેહતર જાણનાર છે.

(૨) એહરામની હાલતમાં સીવેલાં કપડાં પહેરવાં અથવા માથુ ઢાંકવું અથવા ચહેરો ઢાંકવો હરામ છે. ચાહે આખો ઢંકાય કે ચોથાઈ ભાગ ઢંકાઈ. (એહરામની હાલતમાં) સ્લીપીંગ બેગમાં સૂવુ હરામ તથા ગુનોહ છે. જો કોઈ એમાં એક દિવસ અથવા એક રાત સુધી સૂતો રહ્યો એટલે કે ૧૨ કલાક પહેરેલ રહ્યો તો તેના પર **દમ** થશે અને જો એક દિવસ કે એક રાતથી ઓછુ પહેરેલ રહ્યો તો **સદકો** વાજિબ થશે. ફતાવા આલમગીરીમાં છે :—

ولایلبس مخیطا تمیصااوقباء او عمامة...... اھ

*(ભાગ–૧, પેજ–૨૨૭)* દુર્રે મુખ્તારમાં છે :—

ای کل والربع منهما کالکل...اھ *(પેજ–૭૯૮, ભાગ–૧)*

ફતાવા હિંદિયામાં છે :—

المخیط علی الوجه المعتاد یوما الی لیل فعلیه دم....اھ

*(પેજ–૨૭૨, ભાગ–૧)* સદકાથી મુરાદ બે કિલો સુડતાલીસ ગ્રામ ઘઉં છે, ચાહે તો એની કિંમત મુસ્લિમ ફકીરોને વહેંચી આપે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી *(ખાદિમુલ ઈફતા દારુલ ઉલૂમ અશ્રફિયા, મુબારકપુર)*

૨૮–ઝીલ હજ્જ હિ.સ. ૧૪૨૫ ઈ.સ. પ્રમાણે ૮–૨–૨૦૦૫ ✪ ✪ ✪ ✪

## પતિ નશાની હાલતમાં તલાક આપે તો ?

**સવાલ** : ઝૈદ પોતાની પત્ની હિંદાને શરાબના નશામાં કહ્યું, "મેં તલાક આપી, તલાક આપી." દસ મિનિટ બાદ ફરી કહ્યું, "મેં તલાક આપી." આ સ્થિતિમાં શરીઅતનો શો હુકમ છે ?

**જવાબ** : પતિ જો નશાની હાલતમાં પણ તલાક આપે તો લાગુ થઈ જાય છે. દુર્રે મુખ્તારમાં છે :—

ویقع طالاق کل زوج بالغ و عاقل ولو تقدیرا "بدئع" لیدخل سکران

ફતાવા આલમગીરીમાં છે :—

وطـلاق السکران واقع اذاسکر من الخمر او النبیذ وهو مذهب اصحابنا رحمهم الله تعالی کذا فی المحیط

દર્શાવેલ સ્થિતિમાં જો ખરેખર ઝૈદે પોતાની પત્ની હિંદાને કહ્યું કે, "મેં તલાક આપી, તલાક આપી" પછી થોડીવારે કહ્યું, "મેં તલાક આપી" તો હિંદા પર ત્રણેવ તલાકો લાગુ થઈ ગઈ અને હમેશાં માટે તેણી ઝૈદ પર હરામ થઈ ગઈ. હવે હલાલા વિના હિંદાના ઝૈદ સાથે નિકાહ નથી થઈ શક્તા.

لقوله تعالی فان طلقها فلا تحل له من بعد حتیٰ تنکح زوجاغیره

અલ્લાહ બેહતર જાણનાર છે. *(**હવાલો** : સુન્ની દા'વતે ઈસ્લામી, ત્રિમાસિક, જૂલાઈથી સપ્ટે. ૨૦૦૫)*

# ઇસ્લામ અને આધુનિક શોધો

★ અરબી લેખક ★
અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની
★ ઉર્દૂ પરથી ગુજરાતી અનુવાદક ★
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## દરેક મામલામાં અંગ્રેજોનું અનુકરણ !

રસૂલુલ્લાહ ﷺ એ પેશનગોઈ ફર્માવી કે આપની ઉમ્મત દરેક મામલામાં અંગ્રેજોનું અનુકરણ કરશે જેમ કે થઈ રહ્યું છે. જેથી હવે મુસલમાનોની હાલત એવી છે કે તેઓ એક બાજુ તો કાફિરોથી મળતાપણુ કરે છે અને બીજી દરેક બુરી અને ઐબદાર ચીજમાં તેમની તકલીદ (અનુસરણ) તથા પયરવી કરે છે, એટલે સુધી કે કાફિરો કોઈ પણ બુરી રસ્મ કાઢે છે ભલે તે અત્યંત કક્ષાની ખરાબ હોય પણ મુસલમાન દોડીને તેનું અનુકરણ કરે છે બલ્કે એમનાથીય વધી જવાની કોશિશ કરે છે ! અને આ આગળ વધી જવામાં તેઓ પ્રથમ તો ઈસ્લામ ધર્મથી નીકળી જાય છે પછી અન્ય ધર્મો તથા શરીઅતોથી પણ આગળ વધી જાય છે, પછી મુરવ્વત તથા ઈન્સાનિયત તેમનાથી દૂર થઈ જાય છે એટલે સુધી કે તેમની બુદ્ધિ સુદ્ધાં બેકાર થઈ જાય છે (બહેર મારી જાય છે) અને એક સમય એવો આવે છે કે પછી એ લોકો જે હરકતો કરે છે તે કદાચ પૃથ્વીના પટ પર કોઈ પાગલે પણ આજ સુધી નહીં કરી હોય અને ન કિયામત સુધી કોઈ કરશે. આ પ્રકારના કાફિરોને અનુસરનારાઓની ઉઘાડી તથા સ્પષ્ટ દલીલો પુષ્કળ પ્રમાણમાં મૌજૂદ છે. એ દષ્ટાંતોને તે જ સમજી શકે છે જેને અલ્લાહે નૂરે ઈમાન અતા કર્યું હોય અને તેઓના અનુસરણથી મેહફૂઝ રાખ્યો હોય. હુઝૂર ﷺ એ સાફ સાફ ખબર આપી છે કે આપની ઉમ્મત તેમના આંધળા અનુકરણમાં એટલા પ્રમાણમાં અતિશયોક્તિ કરશે કે તેઓ એ સ્થાન સુધી પહોંચી જાય કે જ્યાંથી પાગલ પણ પનાહ માંગે ! સાંભળો અને આશ્ચર્ય અનુભવો ! બુખારી અને મુસ્લિમ અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરે છે. રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "તમે લોકો આગલાઓના તરીકાની ઈત્તેબાઅ (અનુસરણ) કરશો વેંત વેંત અને ગજ ગજ એટલે સુધી કે જો તેઓ કોઈ ગુફામાં પ્રવેશ્યા હશે તો તમે પણ એવું જ કરશો." સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું યહૂદી તથા નસારા (ઈસાઈ)ની ઈત્તેબાઅ કરશે ? તો ફર્માવ્યું કે, "તો પછી કોની ?"

તિબ્રાની ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત કરે છે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–

انتم اشبه الامم ببنى اسرائيل لتركبن طريقهم حذوالقذة بالقذة حتىٰ لايكون فيهم شىء الاكان فيكم مثله حتى ان القوم لتمر عليهم المرأة فيقوم ايها بعضهم فيجا معها ثم يرجع الى اصحابه يضحك اليهم ويضهكون اليه

"તમે બની ઈસ્રાઈલ સાથે અધિક મુશાબેહત (મળતાપણુ) રાખવાવાળી ઉમ્મત છો. તેમના તરીકાઓને ખૂબ અપનાવશો, એટલે સુધી કે દરેક તે ચીજ જે એમનામાં થઈ હોય તે તમારામાં જોવા મળશે. એટલે સુધી કે જો અમુક લોકો ક્યાંક બેઠેલા છે અને ત્યાંથી કોઈ સ્ત્રી પસાર થશે તો એક માણસ તે સ્ત્રીની સાથે બળાત્કારથી બદ્કારી કરશે પછી પોતાના મિત્રોની તરફ હસતો હસતો ચાલ્યો જશે અને તેઓ પણ એ કુકર્મ પર હસશે." *(બુખારી, મુસ્લિમ, ઈબ્ને માજહ, પેજ–૨૯૮, તિબ્રાની)*

જે માણસ આજે એ લોકોની હાલતનો અભ્યાસ કરે તો તે જાણી લેશે કે હુઝૂર ﷺ ની એક એક પેશનગોઈ દુરુસ્ત સાબિત થઈ રહી છે અને જો લખવામાં આવે તો મોટા મોટા બુદ્ધિવાળાઓ આશ્ચર્યમાં પડી જશે.

## અરબી જોડાઓનો ત્યાગ કરવું

અને ઘણા આશ્ચર્યની વાત છે કે લોકકો દરેક ચીજમાં અંગ્રેજોનું અનુકરણ કરવા લાગ્યા. જેમ કે પ્રથમ લિબાસનો નંબર આવ્યો અને સ્ત્રીઓ તથા પુરૂષોએ ઈસ્લામી લિબાસ કાઢી મૂક્યો, જો કે અમુકે તેને નથી છોડયા. પરંતુ જોડાના મામલામાં સૌ અંગ્રેજોના અનુકરણી બની ગયા. હુઝૂર ﷺ એ એના બારામાં પણ ખાસપૂર્વક ઈર્શાદ ફર્માવ્યો જેને તિબ્રાનીએ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે, ફર્માવ્યું :–

اذاتخفف امتى با لخفاف ذات المناقب الرجال والنساء وخصفو انعالهم تخلى الله عنهم

"જ્યારે ઉમ્મત વિવિધ પ્રકારના ચામડાના જોડા પહેરશે અને તેને ખૂબ ચમકાવશે, ચાહે પુરૂષ હોય કે સ્ત્રી. અલ્લાહ તેમને એકલા છોડી આપશે." *(તિબ્રાની)*

"ખિફાફુઝાતિલ્ મનાકિબ" એટલે કે વિવિધ ટૂકડા અથવા વિવિધ રંગ. જેમ કે શબ્દકોશની કિતાબોમાં છે કે "આ અંગ્રેજી જોડા છે." "ખસ્ફ" એટલે "ચમકાવવું" પોલિશ કરવું. કેમ કે રાગિબના કૌલના પ્રમાણે "ખસ્ફ"નો અર્થ વીજળી તથા ચમકનો છે. અથવા મતલબ એ છે કે તે જોડાઓમાં કેટલાય રંગોનાં ચામડાં હશે જેમ કે સામાન્યતઃ જોવા મળે છે.

## યૂરોપની ભાષાઓ અને અરબની ભાષાઓની વિવિધતા

હુઝૂર ﷺ એ પેશનગોઈ ફર્માવી કે લોકો યૂરોપની ભાષાઓ શીખશે અને અરબની ભાષાઓ નવી રહેણાંક પધ્ધતિના દેશોના હિસાબે વિવિધ થઈ જશે. તો ક્યાંક ફ્રેન્ચી બોલવામાં આવશે તો ક્યાંક હસ્પાનવી, ક્યાંક અંગ્રેજી અને ક્યાંક રૂસી તથા ચીની. અને એ જ પ્રમાણે જ્યાં કોઈ નવી આબાદી વસશે ત્યાંની ભાષા બદલાઈ જશે. તિબ્રાનીએ અવસત કબીરમાં રિવાયત કરી. સલ્માન ફારસી رضی اللہ عنہ એ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

اذاظهر القول وخزن العمل واختلفت الألسن وتبا غضت القلوب وقطع كل ذى رحم رحمه فعند ذالك لعنهم الله فاصمهم واعمى ابصارهم

જ્યારે વાતો રહી જશે અને અમલો ખત્મ થઈ જશે, ભાષાઓ બદલાઈ જશે અને દિલોમાં કીનો થઈ જશે અને લોકો સિલએ રહમી (સગાંનાં હક્કો) ત્યજી દેશે તો તે વખતે અલ્લાહ તઆલા તેમના પર લઅનૃત ફર્માવશે, તેમને બહેરા કરી દેશે અને તેમને આંધળા કરી દેશે." *(તિબ્રાની કબીર)*

એનાથી પહેલાં અમ્ર ઈબ્ને તુગ્લબની હદીષ (ટેલીફોનની ચર્ચામાં) આવી ગઈ છે જેમાં હુઝૂરે અકરમ ﷺ એ ફર્માવ્યું, "કિયામતની નિશાનીઓમાંથી એ છે કે માલની અધિક્તા થશે, વેપાર સર્વસામાન્ય (આમ) થઈ જશે, ફાઉન્ટન પેન જોવા મળશે, વેપારી વેચતી વખતે કહેશે કે ઉભા રહો ! પહેલાં ફલાણા માણસથી સલાહ લઈ લઉં (જે કોઈ અન્ય શહેરમાં રહે છે) અને મોટા મોટા કબીલાઓમાં શોધવા છતાંય કાતિબ (લહીયો) મળશે નહીં." *(નિસાઈ, ભાગ–૨, પેજ–૧૮૭)*

ભાષાઓના વિવિધતાનો મતલબ એ છે કે અરબો અરબી છોડીને અંગ્રેજી બોલવા લાગશે, નહીં તો ભાષાઓની વિવિધતા તો તે સમયથી છે જ્યારથી આદમનો વંશવેલો ફેલાવવાનો શરૂ થયો. એનું સમર્થન એના થકી પણ થાય છે કે અન્ય તે ચીજો જેનો ઉલ્લેખ આની સાથે હતો તે પણ એ જ દૌરમાં જ્યારથી નવી રહેણાંક પધ્ધતિનું ચક્કર ચાલી રહ્યું છે ત્યારથી જોવા મળે છે એના આ (Emperialism) નવી રહેણાંક પધ્ધતિથી અરબ તથા અન્ય મુસલમાનોના અખ્લાક બગડતા જઈ રહ્યા છે. કેમ કે અરબોએ અંગ્રેજો સાથે ખૂબ દોસ્તી વધારી અને તેમની ભાષા તથા આદતોને અપનાવી એટલા માટે તેમના દિલોમાં અદાવત અને સગાંઓ સાથે સંબંધોનું ખત્મ થવું પેદા થઈ ગયું. વાતો રહી ગઈ અને અમલ ખત્મ થઈ ગયા !

# ગુનાહોનો ઈલાજ

લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## બદ્અખ્લાકીનો ઈલાજ

જે માણસ કુટેવો તથા બુરા વર્તનથી છૂટકારો ઈચ્છતો હોય તો તેનો એક માત્ર ઈલાજ તથા તરીકો એ છે કે કુટેવો તેને જે વસ્તુ તરફ આકર્ષે તે માણસ હમેશાં તેની વિરૂધ્ધ કાર્ય કરે કારણ કે કુટેવો તથા બુરી ઈચ્છાઓનો તોડ એ જ છે કે તેનો વિરોધ કરવામાં આવે અને દરેક વસ્તુને તેના વિરોધાર્થી વડે જ પારખી શકાય છે. દા.ત. બીમારી ગરમીના કારણે થઈ હોય તેને ઠંડી વસ્તુના ઉપયોગથી જ દૂર કરી શકાય છે એ જ રીતે તે દરેક સ્વભાવિક બુરાઈ જે ક્રોધના કારણે જન્મી હોય તેનો ઈલાજ અને દવા સબર તથા સહનશીલતા જ છે અને જે બીમારી ઘમંડના કારણે જન્મી હોઈ તેનો ઈલાજ આજીજી તથા નરમી છે, બખીલીના કારણે જે બીમારી પેદા થઈ હોય તેની દવા તથા ઈલાજ સખાવત છે. અને બધી જ ટેવો આ જ પ્રમાણે હોય છે એટલે કે જે માણસ સારા કાર્યની આદત બનાવે છે તેના અખ્લાક પણ સારા હોય છે. શરીઅતે જે નેક કામોનો હુકમ કર્યો છે તેનું પણ આ જ કારણ છે કે દિલોથી બુરાઈ ખતમ કરવામાં આવે અને કોઈ પણ આદત ભલે ને તે બળપૂર્વક ઈખ્તિયાર કરવામાં આવે પછી તે સામાન્ય આદત બની જાય છે. જે રીતે બાળક શરૂઆતમાં મદ્રસે જવામાં કતરાય છે પરંતુ જો લગાતાર તેને મોકલતા રહો તો પછી તે બાળકની આદત બની જાય છે અને ખૌફ દૂર થઈ જાય છે, બલ્કે જેમ જેમ મોટો થાય છે તેમ તેમ ઈલ્મ સાથે તેનો રિશ્તો મજબૂત થતો જાય છે અને ઈલ્મ પ્રત્યે એટલો લગાવ થઈ જાય છે કે વાંચન વિના તેને ચૈન નથી મળતું. જેમ કે જે લોકો કબુતરબાજી, શતરંજ અથવા જૂગારની આદત ધરાવતા હોય છે ધીમે ધીમે આ આદત તેમની ફિતરત તથા તર્બિયત બની જાય છે અને દુનિયાભરની રાહતોની કોઈ જ હેસિયત નથી હોતી. અમુક સ્ત્રીઓને માટી ખાવાની આદત હોય છે તો તે વિના તેણીઓને સબર નથી વળતી, ભલે ગમે એટલી મોટી બીમારીમાં સપડાવવાનો ખતરો હોય, મતલબ કે જે વસ્તુ તબિયત વિરૂધ્ધ અને મુખાલિફ હોય છે તેની આદત પડી જતાં તે તબિયત મુજબ થઈ જાય છે અને તે જ વસ્તુ તેને સારી લાગે છે ભલે તેનાથી નુકસાન થવાનો ખતરો હોય. એ જ રીતે તે માણસ જેને શરીઅત અને અલ્લાહની ફર્માંબરદારી નહીં પણ બીજી વસ્તુઓ સાથે લગાવ તથા મહોબ્બત હોય છે. તે એક બીમાર દિલનો માલિક છે અને જે રીતે બીમાર બદનને હલાકીનો ખતરો હોય છે એ જ રીતે બીમાર દિલને માટે પણ આખેરતમાં હલાકીનો ખતરો રહે છે. અને જે રીતે બીમારી માટે તંદુરસ્તીની ઉમ્મીદ ત્યાં સુધી ન રાખી શકાય જ્યાં સુધી ડોકટરના કહેવા અનુસાર ન કરે અને સખત કડવી દવા ન પીએ. એ જ રીતે દિલની બીમારીથી ત્યાં સુધી છૂટકારો નથી મળી શક્તો જ્યાં સુધી પોતાના નફ્સનો વિરોધ ન કરે અને અને સાહિબે શરીઅતના હુકમ મુજબ અને તેના તકાઝા મુજબ ન ચાલે કારણ કે લોકોના દિલોના તબીબ સાહિબે શરીઅત ﷺ છે.

યાદ રાખો કે બદનના ઈલાજ અને દિલના ઈલાજનો રસ્તો અલગ અલગ નહીં પણ એક જ છે. અને જે રીતે ગરમીનો ઈલાજ ઠંડીથી અને ઠંડીનો ગરમીથી કરીએ છીએ એ જ રીતે ઘમંડી માણસનો ઈલાજ એ છે કે તે આજીજી અને નરમી અપનાવે અને બદ્અખ્લાકી હકીકતમાં ઘમંડની પેદાવાર છે.

# જેહાદ વિશે ઈસ્લામી દષ્ટિકોણ

*(રજૂકર્તા : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી)*

અલ્લાહ રબ્બુલ ઈઝઝત કુર્આને કરીમમાં ઈર્શાદ ફર્માવે છે :–

**૧.** અને અલ્લાહની રાહમાં તેઓ સાથે લડો જેઓ તમારી સાથે લડે છે, અને હદથી વધુ ન વધો, અલ્લાહ હદથી વધનારને પસંદ નથી ફર્માવતો. *(સૂરએ બકરહ–૧૯૦)*

**૨.**અને તેઓ સાથે લડો ત્યાં સુધી કે ફિત્નો બાકી ન રહે અને અલ્લાહની ઈબાદત થાય, ત્યાર પછી જો તેઓ માની લે તો માત્ર જાલિમો સાથે જ સખતી છે. *(સૂરએ બકરહ–૧૯૩)*

**૩.** જેઓ તમારા પર બળ પ્રયોગ કરે તેમના પર એટલો બળ પ્રયોગ કરો જેટલો તેઓએ તમારી સાથે કર્યો અને અલ્લાહથી ખૌફ કરતા રહો અને યાદ રાખો કે અલ્લાહ ખૌફ રાખનારાઓ સાથે છે. *(સૂરએ બકરહ–૧૯૪)*

ઉપરોક્ત આયતોના અનુસંધાનમાં મુફસ્સિરે કુર્આન અલ્લામા પીર કરમશાહ અઝહરી ફર્માવે છે :

''આ આયતમાં કમજોરો તથા મઝલૂમોને શક્તિ તથા બળનો જવાબ બળપૂર્વક આપવાની રજા આપવામાં આવી છે. જેમના પર લગાતાર તેર (૧૩) વરસ જુલમના પહાડ તોડવામાં આવ્યા અને રઝાએ ઈલાહી તથા સબરના આ પહાડ તેને ચૂપચાપ સહન કરતા રહ્યા અને તે પણ ખાસ શરતો તથા નક્કી કરેલ હદોમાં રહીને સહેતા રહ્યા.

કુર્આને કરીમના જેહાદના હુકમને સમજવા માટે નીચે વર્ણવેલ ત્રણ વસ્તુને સમજવું ખૂબ જ જરૂરી છે :

**૧.** જંગનો મકસદ શું હોય ? **૨.** કોની વિરૂધ્ધ લડવામાં આવે ? **૩.** કઈ શરતો અને બંધનો સાથે કુર્આને જેહાદની રજા આપી છે ?

ઉપરોક્ત આયતોમાં ત્રણેય વસ્તુઓનો ખુલાસો કરી આપવામાં આવ્યો છે જેહાદના મકસદ વિશે ફર્માવવામાં આવ્યું : અલ્લાહની રાહમાં, હક્ક તથા સચ્ચાઈની બુલંદી માટે લૂંટમાર, વ્યાપારિક અદાવત, ખાનદાની દુશ્મની અથવા આ પ્રકારની ખરાબ નિયતો જંગ કરનાર મો'મિન સમક્ષ નથી હોતી બલ્કે તેમની સાથે માત્ર اَلَّذِيۡنَ يُقَاتِلُوۡنَكُمۡ **"જેઓ તમારી સાથે જંગ કરે છે તમે તેમની સાથે લડવા માટે તૈયાર થઈ જાવ, એ શરતે કે કોઈ પર બળ પ્રયોગ ન કરો."** *(તફસીરે ઝિયાઉલ કુર્આન, ભાગ–૧, પેજ–૧૩૨)*

ઉપરોક્ત આયતમાં જ **હક્ક સમજવાની નિયતે ધ્યાન આપવામાં આવે તો** ઈસ્લામનો જેહાદી દષ્ટિકોણ તેનાં કારણો તથા મકસદ અને જંગ કરવાનો તે અંદાજ તથા આદાબ (નિયમો) જેના વિશે અલ્લાહ તઆલાએ ઉમ્મતને તાકીદી હુકમ આપ્યા તો બધી જ શંકા કુશંકાઓ દૂર થઈ જશે અને હક્કનો ચહેરો સ્પષ્ટ થઈ લોકોનાં દિલને આકર્ષી લેશે.

કુર્આનની આયત સિવાય વિવિધ હદીષો જેમાં રહમતે આલમ ﷺએ પોતાના ગુલામોને જેહાદના આદાબ શિખવ્યા તેમાંથી અમુકનો અહીં ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે.

રહમતે આલમ ﷺ એ મુજાહિદોના એક લશ્કરને અલ્વિદા કહેતાં અમુક વસિયતો ઈર્શાદ ફર્માવી, **"અલ્લાહનું નામ લઈ તેની બરકતો સાથે જેહાદ પર રવાના થઈ જાવ, કોઈ વૃધ્ધ, બાળક કે સ્ત્રીને કદી કતલ ન કરતા, ખયાનત ન કરશો, ગનીમત એકઠી ન કરશો, માહોલ સુધારવાની કોશિશ કરશો, દુશ્મન સાથે પણ ભલાઈ કરશો, બેશક ! અલ્લાહ એહસાન કરનારને દોસ્ત રાખે છે."**

એક બીજા લશ્કરને અલ્વિદા કહેતાં આ રીતે વસિયત ફર્માવી, અલ્લાહનું નામ લઈ તેની રાહમાં જેહાદ કરવા નીકળી જાવ, અલ્લાહના દુશ્મનોને નષ્ટ કરશો, ખયાનત ન કરશો, કોઈનો ધોકો ન ખાશો અને

ન કોઈને ધોકો આપશો, કોઈ મૃત્યુ પામેલાની લાશની બે ઈજ્જતી ન કરશો, અને કોઈ બાળકને કતલ ન કરશો.''

સરવરે આલમ ﷺ પોતાના મુજાહિદો તથા તેમના કમાન્ડરોને આ નિયમોનું પાલન કરવા કહેતા હતા, પોતાની ફૌજોને ખેતી ખરાબ કરવા, ઝાડોને વિના જરૂરત કાપવા, દૂધ આપનાર જાનવરોને કતલ કરવા અને કૂવામાં ઝહેર નાખવાથી પણ સખ્તીથી રોકતા.

નબીએ કરીમ ﷺ પોતાના લશ્કરને વસિયત કરતા હતા કે તેઓ હર્યા ભર્યા ખેતરોને બરબાદ ન કરે, વૃક્ષો ન કાપે, કમજોર બાળકો તથા સ્ત્રીઓને કતલ ન કરે તે પુરૂષોને પણ કતલ ન કરે જેઓ જંગ વિશે કોઈ ખયાલ નથી કરતા અને કોઈ પણ રીતે જંગમાં ભાગ નથી લેતા. *(ખાતિમુન્નબીયીન, ભાગ-૨, પેજ-૫૮૫)*

**આજના વૈજ્ઞાનિક સંશોધનાત્મક સમયમાં જ્યારે કે કેટલીયે કૌમો પોતાને તરક્કી પામેલ તથા સભ્ય અને ઉત્તમ કહેવડાવવા પર અટલ છે, તેમાંની કોણ છે જે પોતાના દુશ્મન સાથે આટલી નરમી અને નેક દિલીનો વર્તાવ કરતી હોય ?** આ અલ્લાહના પ્યારા મહબૂબ તથા તેના હબીબ ﷺની જ શાન છે કે જંગ જેવી સખત તથા ખતરનાક વસ્તુને પણ રહમતની આયનાદાર બનાવી દીધી. પ્યારા નબી ﷺએ સાચુ ફર્માવ્યું, ''હું રહમતનો પૈગંબર તથા જંગનો અલમબરદાર છું.''

અમન તથા શાંતિના મઝહબ ઈસ્લામે જંગને માત્ર એક જ મકસદ હેઠળ જાઈઝ રાખ્યો તે એ કે કોઈ પણ વ્યક્તિ બીજા સાથે જુલ્મ તથા જબરદસ્તી ન કરે. મુસ્તફા જાને રહમત ﷺએ જંગમાં બેકાર તથા બેમકસદ લૂંટફાટ તથા તોડફોડ તથા કતલ અને નિરર્થક ચઢાઈ કરવાથી પણ ભારપૂર્વક રોક્યા છે.

અલ્લામા પીર કરમશાહ અઝહરી તફસીરે ઝિયાઉલ કુર્આન, ભાગ-૧માં લખે છે : ઈસ્લામના ટીકાકારો (**Orientalist**) જેઓ ઈસ્લામના જેહાદી દષ્ટિકોણ પર વિવિધ વાંધાઓ કરે છે તેઓ જ ઈન્સાફથી બતાવે કે **જગતમાં એવી કોમ પણ થઈ છે અથવા આજના સભ્ય કહેવાતા સમયગાળામાં એવી કૌમ છે જેના જંગી કાનૂનમાં ઈસ્લામની જેમ આ રીતે ઈન્સાફ તથા નરમીનો આટલો લેહાઝ રાખવામાં આવ્યો હોય ? આજે તો જંગ શરૂ થાય છે તો શાંતિ ઈચ્છુક શહેરવાસીઓ અને આબાદ વસ્તીઓને ઉડાડી દેવામાં આવે છે અને બાળકો, સ્ત્રીઓ, વૃધ્ધો તથા બીમારોની કોઈ જ પરવા કરવામાં નથી આવતી, ત્યાં સુધી કે હોસ્પિટલો તથા ઈબાદતગાહોનો પણ કોઈ જ એહતેરામ કે કદર કરવામાં નથી આવતી.''**

ઈસ્લામ ધર્મને શરૂઆતના દિવસોમાં જેવા સખત હાલાતનો સામનો કરવો પડયો, સરવરે આલમ ﷺતે સમયે જો આ પ્રકારનાં પગલાં ન લેત તો તેનું પરિણામ શું હોત ? એ કે દુશ્મન આગળ વધી હિદાયત તથા સત્યની આ ચળવળ તથા કેન્દ્રને નેસ્તો નાબૂદ કરી નાખત, પોતાની ઈચ્છા મુજબ કોઈ પણ કલ્મો પઢનાર માણસને મૌતને ઘાટ ઉતારી આપત, હક્કના કોઈપણ ચાહકને જીવતો ન રહેવા દેત, અને એથી પણ વધુ ખતરનાક અને દર્દનાક પ્રસંગ એ થાત કે તૌહીદનો ચિરાગ પ્રગટાવવામાં પ્યારા નબી ﷺ અને આપના સહાબાએ જે કુર્બાનીઓ આપી હતી તે ચિરાગ ઓલવાઈ જાત અને આખી કાઈનાત કુફ્ર તથા શિર્કના અંધકારમાં કાયમ માટે ડૂબી જાત. કૌમના તે કાઈદ, રેહનુમા અને લશ્કર વિશે શું કહેવું જેમણે માત્ર સુલેહ પસંદ અને શાંતિદૂત કહેવાના શોખ તથા ઈચ્છામાં પોતાની ફોજ દુશ્મનોની તલવારોના હવાલે કરી પોતાની જાતને પણ હલાકીની ખાઈમાં ફેંકી, હદ તો એ કે પોતાના મિશનને પણ નાકામી અને નિષ્ફળતાની ગોદમાં મૌતની ઊંઘ સૂવડાવી દીધું.

કોઈ ચેમ્બરલીન અથવા નસરુદ્દીન તૂસી તો કૌમની સાથે આવી ગદારી કરી શકે છે પરંતુ

મુહમ્મદુર્રસૂલુલ્લાહના ગુલામથી આવી ઈચ્છા રાખે તો તે મહા મૂર્ખ ગણાશે.

ઈસ્લામના ટીકાકારો ઈસ્લામના આ જેહાદી દષ્ટિકોણને જોઈ તથા દુનિયાભરમાં ઈસ્લામના પ્રચાર પ્રસારને જોઈને મઝહબે ઈસ્લામ પર એવો આક્ષેપ લગાડે છે કે, ''ઈસ્લામ તલવારથી ફેલનાર ધર્મ છે !'' આ આક્ષેપનો સીધો જવાબ એ છે કે ઈસ્લામ જો તલવારના જોરે ફેલાવામાં આવત તો જે દેશોમાં પહેલી સદી હિજરીથી આજ સુધી મુસલમાનોને હુકૂમત હાંસલ છે તે દેશોમાંથી ઈસ્લામ સિવાય બીજા ધર્મનો નાશ થઈ ગયો હોત. આજે આપણે દુનિયાના નક્શા પર મુસલમાનોની વસ્તીના આધારે ધ્યાન દોરીએ તો પ્રકાશના જેમ એ વાત ઉપસી આવે છે કે ઈસ્લામ તેની તા'લીમના આધારે ફેલાયો છે, તલવારના જોરે નહીં, કારણ કે મુસલમાનોની ઘણી વસ્તી તે વિસ્તારમાં વસેલ છે જ્યાં પહેલી સદી હિજરીના મુસલમાનોની તલવાર નથી પહોંચી, ઈન્ડોનેશિયા, ભારત, ચીન અને આફ્રીકા ખંડના દરિયાઈ ઈલાકા તથા જંગલી ઈલાકા તે છે જ્યાં આજે કરોડોની સંખ્યામાં મુસલમાનો વસે છે. આ વિસ્તારોમાં ગૈર મુસ્લિમો સાથે ક્યાં તો બિલકુલ જંગ નથી થઈ અને થઈ છે તો પણ એટલા પ્રમાણમાં કે તેના કારણે એવું ન કહી શકાય કે કરોડો લોકો તલવારના કારણે મુસલમાન થયા અને બાપદાદાનો ધર્મ છોડયો. પોતાની તા'લીમના આકર્ષણના કારણે ઈસ્લામના ફેલાવાની મોટામાં મોટી દલીલ એ છે કે આજે અમેરિકા આખા જગતનું ચૌધરીપણુ કરી રહ્યું છે, **કદાચ જ દુનિયાનો કોઈ એવો દેશ હશે જેની આંત્રિક પોલીસીમાં માથુ મારવાને અમેરિકા પોતાનો હક્ક ન સમજતું હોય.** આજે દુનિયામાં કોઈપણ મુસલમાન હુકૂમત એવી નથી જે અમેરિકાના વતની તથા શહેરીઓને તલવારના જોરે મુસલમાન બનાવવાની શક્તિ રાખતી હોય, આટલુ બધું હોવા છતાં અમેરિકામાં ઈસ્લામ ખૂબ ઝડપભેર ફેલાય રહ્યો છે. યૂરોપનો કોઈ પણ દેશ એવો નથી જેમાં અઝાનની અવાજ ન ગુંજી હોય અને કોઈપણ કૌમ એવી નથી જેના પુષ્કળ લોકોએ કલ્મો પઢી ઈસ્લામના દામનમાં પનાહ ન લીધી હોય.

ઈસ્લામ તલવારના જોરે નથી ફેલાયો, આ એક ઈન્કાર ન કરાય તેવી હકીકત છે અને ઘણાયે ઈસ્લામના ટીકાકારો આ વાતને સ્વીકારે છે.

થોમ્સ કાર્લાઈલ આ વાંધો કે, ''ઈસ્લામ તલવારના જોરે ફેલાયો છે'' તેના વિશે પોતાની કિતાબ ''ઓન હીરોઝ એન્ડ વર્શિપ''માં નકારતાં લખે છે :–

''એ વાતને ખૂબ જ ફેલાવવામાં આવી છે કે મુહમ્મદ ﷺએ પોતાના મઝહબને તલવારના જોરે ફેલાવ્યો છે, આ ખરેખર આક્ષેપ છે અને ખોટો છે, જેનો અંદાજો મક્કાનો વિજય અને એના જેમ બીજા બનાવોથી લગાડી શકાય છે.'' *(ઝિયાઉન્નબી, ભાગ–૭, પેજ–૫૮૩, ૫૮૪ અલ્લામા પીર કરમશાહ અઝહરી)*

અલ્લાહના પ્યારા હબીબ ﷺના ગુલામોએ ઓછી જાનની કુર્બાનીઓ આપી ઈન્સાનિયત તથા માનવતાને જે અઢળક અને બહોળો ફાયદો તથા નફો પહોંચાડયો છે, તેનું દષ્ટાંત કદીયે નહીં મળી શકે. ખૂબ જ કોશિશો પછી પણ દુનિયાની કૌમો તથા વિ□ના જંગોમાં તમને તેનું દષ્ટાંત નહીં મળે, રસૂલના ગુલામોએ જંગને રહમતમાં ફેરવી દુશ્મનોનો મુકાબલો કર્યો હતો.

ઈસ્લામ, રસૂલ ﷺઅને આપના જાંનિષારોએ પોતાની કુર્બાનીઓની કિંમત પર ઈન્સાની વંશને શું આપ્યું તેનો સ્પષ્ટ તથા વ્યવસ્થિત જવાબ એ છે કે અશ્રફુલ મખ્લૂકાતને મૂર્તિપૂજાની લાનતથી બચાવી તૌહીદની અઝમતો ઓળખાવી, મદીનાના રહેવાસી જેઓ સદીઓથી એક બીજાનાં ખૂન વહાવી રહ્યા હતા તેમને ભાઈ ભાઈ બનાવ્યા, અરબ જેઓ પોતાના ઝઘડાળુ હોવાના કારણે જગતમાં કુખ્યાત હતા તેમનાં દિલોમાં મહોબ્બત તથા દોસ્તીના બીજ રોપ્યાં, તેહઝીબ તથા સભ્યતાથી દૂર રહેતા આરબોને તેહઝીબ તથા સભ્યતાનો એવો સબક આપ્યો કે દુનિયા સદીઓ સુધી તેમનાથી તેહઝીબ તથા સભ્યતા શીખતી રહી.

*–(કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી, દિલ્હી, ડિસે–૦૫)*

# બુઝુર્ગોની ઈબાદત

રજૂકર્તા

**મુહમ્મદ તૌફીક અહમદ ઉષ્માન રઝવી વ્હોરા**
*(તાલિબે ઈલ્મ : દારુલ ઉલૂમ કાદરિય્યહ રઝવિય્યહ–પેટલાદ)*

## ✪ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ અને નમાઝ ✪

પહેલાંના બુઝુર્ગોએ દીનને ખાતર દુનિયાને લાત મારી દીધી અને ફકીરીની જિંદગીમાં લાગી ગયા હતા જ્યારે આજે લોકો દુનિયા ખાતર દીનને છોડી દેવા માંડયા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ જ્યારે ઈમાન લાવ્યા અને કુર્આન શરીફ નાઝિલ થવાનું શરૂ હતું, નમાઝના હુકમો નાઝિલ થયા. આપે જોર જોરથી કુર્આન શરીફની તિલાવત શરૂ કરી. નમાઝમાં પણ અવાજથી કુર્આન શરીફ પઢવા લાગ્યા. આપના કુર્આન પઢવાની એ તાસીર હતી કે મુશ્રિકોની ઔરતો તથા બાળકોનાં ટોળાં આવીને એક ચિત્તે સાંભળતાં તો મુશ્રિકોને બીક લાગવા માંડી જેથી અબૂબક્ર (رضی اللہ عنہ)ની અવાજ પર અને તેમની ઈબાદત પર પાબંદી લગાડી કે આપના ધર્મની કોઈ વસ્તુ કોઈના ઉપર જાહેર ન થવી જોઈએ. આપે થોડા દિવસ તો સબ્ર કરી પરંતુ પછી આપથી ન રહેવાયું અને નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ની બારગાહમાં આવ્યા અને શિકાયત કરવા લાગ્યા. અય અલ્લાહના પ્યારા નબી ! صلی اللہ علیہ وسلم મારા માં બાપ આપ પર કુર્બાન ! કાફિરોએ મારા પઢવા ઉપર પાબંદી લગાડી દીધી છે અને મને એના વગર ચાલી શમે તેમ નથી. તો આપ મને ઈજાઝત અતા ફર્માવો કે હું મક્કા છોડી હબ્શા ચાલ્યો જાઉં. ત્યાં ઈત્મિનાનની સાથે બંદગીમાં લાગી જઈશ. ઈજાઝત આપી, આપ ઘર, વતન, રિશ્તેદાર બધાને છોડી અલ્લાહ તઆલાની ઈબાદત માટે જવા માંડયા. એટલામાં ઈબ્ને દકીનાની મુલાકાત થઈ. તેણે પૂછયું, "અબૂબક્ર ! તમે ક્યાં જવા નીકળ્યા છો ?!" જવાબ આપ્યો, "અહીંયાના લોકો મને મારા દીનના બારામાં હેરાન કરે છે અને મારા પરવરદિગારની ઈબાદત દિલ લગાડી નથી કરવા દેતા. જેથી હું હબ્શા જાઉં છું, ત્યાં જ રહીશ અને અલ્લાહને યાદ કરતો રહીશ. ઈબ્ને દકીનાએ કહ્યું, "અબૂબક્ર ! તમારી જેવા સંસ્કારવાળા લોકો ચાલ્યા જાય એ મને મંજૂર નથી. ચાલો ! હું તમને મારી અમાનમાં લઉં છું." ઈબ્ને દકીનાએ પબ્લિકમાં આવી એલાન કર્યું કે, "અય લોકો ! અબૂબક્રને હું મારી પનાહમાં લઉં છું." લોકોએ શર્ત લગાડી કે તેઓ અવાજથી કુર્આન ન પઢે અને એલાનથી ઈબાદત ન કરે તો જ અમે તારી અમાનમાં એમને કબૂલ કરીએ છીએ. ઈબ્ને દકીનાએ આપને સમજાવ્યા તો આપ માની ગયા.

થોડા દિવસ પછી આપે ફરી અવાજથી કુર્આન શરીફ પઢવાનું શરૂ કર્યું. પછી ઔરતો અને બાળકોનાં ટોળાં આપની તિલાવત સાંભળવા ભેગાં થવાં લાગ્યાં. વળી પાછા કાફિરોએ આપને તકલીફ આપવાનું શરૂ કર્યું. તો આપે જવાબ આપ્યો, ગમે તેમ થાય હું રબની ઈબાદત છોડી શક્તો નથી ! હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના આ શબ્દોથી શું જાણવા મળ્યું ? કે વતન છોડવું પડે તો છોડી દેવું, રિશ્તેદારોથી અલગ થવું પડે તો પડી જવું, મુસીબતો વેઠવાની થાય તો વેઠી લેવી, પણ અલ્લાહની ઈબાદત કોઈપણ હાલતમાં છોડી શક્તા નથી. (આપની વફાત ૨૨ જમાદીલ આખરમાં થઈ હતી.)

## ✪ આપણી નજરમાં ધંધો પહેલો કે નમાઝ પહેલી ?! ✪

આપણે આપણી જિંદગી પર નઝર કરીએ તો એનાથી વિરૂધ્ધ જોવા મળશે. દુનિયાનું પહેલું કરવાનું ! પછી નમાઝ છોડવી પડે કે હરામ કરવું પડે ! પાંચ પચ્ચીસ રૂપિયા સારું નમાઝ જેવો મહત્વનો ફર્ઝ છોડી દેશે પણ એવું નહીં વિચારે કે પહેલા નમાઝ પઢી લઉં, પૈસા તો જે નસીબમાં લખાયા છે, તે મળીને જ રહેશે. **અને જો આમ જેમ તેમ કરીને માલદાર થઈ જશે તો કહેશે કે અલ્લાહનો ઘણો કરમ છે ! હું તો ઘણો નસીબદાર છું ! મને તો સારું ખાવાનુ મળે છે. પણ એવું નથી વિચારતા કે હું આખેરતની હમેશાંની નેઅમતોને છોડી થોડા દિવસની દુનિયા પર રાજી થઈ ગયો છું ! મારું નસીબ ફૂટેલું છે ! કે મારી આખેરત મારા માટે વેરાન થવા લાગી છે !** અલ્લાહ તઆલા સાચી સમજ અતા ફર્માવે.

કુર્આન શરીફમાં આવ્યું છે : (તર્જુમો) : ''અય ગૈયબની ખબર આપનાર નબી ! તમે ફર્માવી આપો કે **દુનિયાનો સામાન થોડો છે અને આખેરત સારી અને હમેશાં રહેનાર છે.''** એટલે જ હદીષ શરીફમાં આવ્યું છે : નબીએ પાક ﷺ એ ફર્માવ્યું, **આ દુનિયાની હકીકત અલ્લાહ તઆલાની બારગાહમાં મચ્છરની પાંખો બરાબર હોત તો આ જગતમાં અલ્લાહ કાફિરોને ઘૂંટડો પાણી પણ ન આપત !** પણ તમારાથી પણ એમને વધારે એટલા માટે આપવામાં આવ્યું છે કે આ દુનિયા તો કેવળ આંખોનો ધોકો અને ફરેબ છે, એની કોઈ હકીકત નથી. ખરેખર ઈજ્જતને પાત્ર અને અપનાવવા લાયક તો આખેરત અને જન્નત છે. પરંતુ આજે આપણે આખેરતને ભૂલી દુનિયા પર રાજી થઈ ગયા છીએ. બુઝુર્ગોની નજર તો આખેરતની ખેતીની તરફ હતી અને તેઓ ત્યાંની ખેતી આબાદ કરવા ભરપૂર પ્રયત્ન કરતા અને જો એ રસ્તામાં દુનિયાવી કોઈ ચીજ વસ્તુની રૂકાવટ પેદા થાય તો ભલે ને ગમે તેટલી કિંમતી હોય પરંતુ એનાથી અલગ થવામાં જ નજાત અને કામયાબી યકીન કરતા.

## ✪ જે માલ યાદે ખુદાથી ગાફિલ કરે તો શા કામનો ?! ✪

હઝરત અબૂ તલ્હા رضي الله عنه નબીએ પાક ﷺ ના સહાબી છે. તેઓ પોતાના મેવા અને ફળ ફળાદીના બાગમાં નમાઝ પઢી રહ્યા હતા. ચાલુ નમાઝમાં એમની નજર એક પક્ષી પર પડી જે બાગમાંથી બહાર નીકળ વાનો રસ્તો શોધી રહ્યું હતું. પરંતુ બાગ એટલો સજ્જડ હતો કે એને બહાર નીકળવાનો રસ્તો ન મળ્યો અને ઊડીને એક જગ્યાએ પાછું આવ્યું. આ જોવામાં હઝરત અબૂ તલ્હા رضي الله عنه પોતાની નમાઝની રકાતો ભૂલી ગયા કે ત્રણ થઈ કે ચાર ! ઈસ્લામી નિયમ પ્રમાણે નમાઝ પૂરી કરી. ઘણી ફિક્ર ચિંતામાં મૂકાઈ ગયા કે મને મારી નમાઝમાં શક શુબોહ આવ્યો એનું કારણ એ જ કે મેં દુનિયા પર નજર કરી, તો પછી એ દુનિયા શું કામની ? જેનાથી અલ્લાહની ઈબાદતમાં દિલ ન લાગે ! હવે એ રાખવાનો લાયક જ નથી. અશ્રુમય આંખે કરમાયેલા ફૂલ જેવા ચહેરા સાથે, બદનમાં કપ કપી અને હદ દરજા અફસોસની સાથે બારગાહે નબી ﷺ માં જવા નીકળ્યા. ખિદમતમાં હાજર થઈ અતિશય અદબની સાથે સલામ પેશ ફર્માવી અને ચૂપચાપ બેસી ગયા. મારા આકા ﷺ એ ફર્માવ્યું, અય અબૂ તલ્હા ! હું તમને ઘણી ફિક્ર ચિંતામાં જોઈ રહ્યો છું, તમારો ચહેરો ઉતરેલો કેમ લાગે છે ? એટલી મોટી તો કઈ મુસીબત આવી ગઈ છે ? અદબની સાથે જવાબ આપ્યો, મારા આકા ! ﷺ મારાં માં બાપ આપ પર કુર્બાન ! હું મારા ફળ અને ફુટના બાગમાં નમાઝ પઢી રહ્યો હતો, એટલામાં મારી નઝર એક પક્ષી ઉપર પડી જે બહાર નીકળવા રસ્તો શોધી રહ્યું હતું. પરંતુ મારા બાગનાં ઝાડો એટલાં સજ્જડ છે કે એને રસ્તો ન મળ્યો. અને એ ચારે બાજુ ચક્કર મારવા લાગ્યુ. એ જોવામાં મને મારી નમાઝોની રકાતોમાં શક થઈ ગયો, મને ખબર ન રહી કે મેં કેટલી રકાત પઢી ! તો મને થયું મારી નમાઝમાં શક મારી આ દુનિયાની ચીજ વસ્તુ ખાતર જ આવ્યો ! તો પછી એ વસ્તુ શું કામની જેનાથી અલ્લાહની યાદ અને એની ઈબાદતમાં દિલ ન લાગે ! એટલા માટે હું તમારી બારગાહમાં હાજર થયો છું કે આ બાગ હું અલ્લાહના રસ્તામાં વકફ કરી આપું છું અને તમે ગવાહ રહો કે અબૂ તલ્હાએ ઈબાદતમાં અને યાદે અલ્લાહમાં દિલ લગાડવા ખાતર દુનિયાને છોડી આપી છે !

સાંભળ્યું ! કેવળ બાગમાં પક્ષીને જોઈ નમાઝની રકાતોમાં શક આવ્યો તો આપે આખો બાગ જ છોડી દીધો ! કે **એવી દુનિયાની જરૂરત જ નથી જેનાથી ઈબાદતમાં દિલ ન લાગે** અને અને આપણે દિલ લગાડવું ન લગાડવું તો અલગ કામ છે, દુનિયા ખાતર બે પૈસા ખાતર થોડા કામ કે થોડી બીમારી કે તકલીફ ખાતર નમાઝ જ છોડી દઈએ છીએ ! અને એક નહીં ! કેટલાક તો એવા પણ હોય છે કે જેમને વરસમાં એક વખત પણ માથુ નમાવવાનો ટાઈમ નથી મળતો ! અલ્લાહ ! અલ્લાહ ! આપણે દીનથી કેટલા દૂર થઈ ગયા છીએ અને દુનિયાને છાતી પર લગાડી રાખી છે અને આખેરતની તો બિલકુલ ફિક્ર જ નથી ! અલ્લાહ جل جلاله પોતાના હબીબ ﷺ ના સદકામાં આપણને પાંચ ટાઈમની નમાઝ પઢવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

# રહમતે દારૈન ﷺના શયદાઈ

**રજૂકર્તા** : ફરજાનાબેન અલી પટેલ (દયાદરા)

## હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ (અમીનુલ ઉમ્મત)

સ. હિ. ૮માં મક્કા મોઅઝ્ઝમા પર ઈસ્લામનો ઝંડો ઊંચો થયો અને પછી ગઝવએ હુનૈનમાં બનૂ હવાઝનને ઈબ્રતનાક હાર થઈ તો બધા અરબના કબીલાઓ પર ઈસ્લામની તાકાતની ધાક બેસી ગઈ અને અરબના ખૂણે ખૂણેથી જુદા જુદા કબીલાઓના પ્રતિનિધિમંડળો ટોળે ટોળા બારગાહે રિસાલત ﷺમાં હાજર થવા લાગ્યા. કોઈ ઈસ્લામના વર્તુળમાં આવવા માટે અને કોઈ સુલેહ તથા અમનના કરાર માટે. ૯ હિજરીમાં તો એટલા બધા પ્રમાણમાં પ્રતિનિધિમંડળો આવ્યાં કે એ વર્ષનું નામ જ આમુલ વફદ (પ્રતિનિધિઓનું વર્ષ) પડી ગયું. એ પ્રતિનિધિ મંડળોમાં નજરાનવાળાઓનું પણ પ્રતિનિધિમંડળ હતું જેને ઈસ્લામના ઈતિહાસમાં અસામાન્ય ખ્યાતિ પ્રાપ્ય છે. નજરાન મક્કા મોઅઝ્ઝમાથી યમનની તરફ સાત મંઝિલ પર એક વિશાળ જિલ્લો હતો જ્યાં ઈસાઈ અરબ આબાદ હતા. એમણે નજરાનમાં એક અઝીમુશ્શાન ચર્ચ બનાવી રાખ્યું હતું જેને આખા અરબમાં ઈસાઈઓનું સૌથી મોટુ ધાર્મિક કેન્દ્ર સમજવામાં આવતું હતું. એ ચર્ચમાં ઈસાઈઓના બે મોટા મઝહબી પેશવા રહેતા હતા. જેમનામાંથી એકનો લકબ આકિબ હતું અને બીજાનો સૈયદ. સ. હિ. ૯ માં સાઈઠ માણસોનું એક પ્રતિનિધિમંડળ નજરાનવાળાઓનું આકિબ અને સૈયદની સરદારીમાં ઘણા જ ઠાઠ માઠ સાથે મદીના આવ્યું. સરવરે આલમ ﷺ એ લોકોની સાથે ઘણી જ ઈજ્જતની સાથે પેશ આવ્યા અને એમને ઘણા જ ભારપૂર્વક ઈસ્લામની દા'વત આપી પરંતુ હક્ક કબૂલવાના બદલે એમણે ઉલ્ટી વાત શરૂ કરી દીધી. એના પર બારગાહે ખુદાવંદીથી કુર્આનમાં નાઝિલ થયું કે :–

(અય રસૂલ !) જે વ્યક્તિ ઈલ્મ આવ્યા પછી આપનાથી ઝઘડો કરે છે એને કહી દો કે આવો ! અમે અમારી ઔલાદને બોલાવીએ છીએ તમે તમારી ઔલાદને બોલાવો, એવી રીતે અમારી સ્ત્રીઓ અને તમારી સ્ત્રીઓ, અમે જાતે પણ અને તમે જાતે પણ ભેગા થઈએ, પછી મુબાહિલો કરીએ અને ખુદાથી દુઆ કરીએ કે અમારામાં જે જૂઠો હોય એના પર ખુદાની લા'નત થાય. *(સૂરએ આલે ઈમરાન, રુકૂઅ : ૬)*

એ હુકમના પ્રમાણે હુઝૂર ﷺ હઝરત ફાતિમતુઝ્ઝોહરા رضی اللہ عنہا અને હઝરત હસન અને હુસૈન (رضی اللہ عنہما)ને લઈને મુબાહિલાના માટે નીકળ્યા તો નજરાનના સરદારોમાંથી એકે કહ્યું કે, મુબાહિલા હરગિઝ ન કરશો ! એટલા માટે કે જો તે સાચા જ નબી છે તો પછી આપણે કાયમના માટે તબાહ તથા બર્બાદ થઈ જઈશું. જેથી નજરાનવાળાઓએ હુઝૂર ﷺની ખિદમતમાં અરજ કરી કે અમે આપ ﷺની પેરવી કરીએ છીએ, આપ ﷺ અમારાથી જે વેરો ઈચ્છો લઈ લો, અમે કાયમ દેતા રહીશું. આપ ﷺ કોઈ અમાનતદાર માણસને અમારી સાથે કરી દેશો.

હુઝૂર ﷺએ ફર્માવ્યું, "હું તમારી સાથે એવા અમીનને મોકલીશ જે આખરી દરજાના (સાચા અર્થમાં) અમાનતદાર છે."

હુઝૂર ﷺનો ઈર્શાદ સાંભળીને ત્યાં હાજર તમામ સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ઘણા જ શોખથી જોવા લાગ્યા કે આ મોકો કયા નસીબદારને નસીબ થાય છે.

રહમતે આલમ ﷺએ પોતાના એક જાંનિષારની તરફ શફકતભરી નજરોથી જોયું અને એમનું નામ લઈને ફર્માવ્યું, "ઊભા થઈ જાવ !"

લાંબા કદવાળા એ દુબળા પાતળા રસૂલના સાથી જેમના ચેહરા પર નૂરનો વરસાદ વરસી રહ્યો હતો, ઈર્શાદે નબવી ﷺના પાલનમાં તરત ઊભા થઈ ગયા.

હુઝૂર ﷺએ એ સાહબ તરફ ઈશારો કરતાં

નજરાનવાળાઓને કહેતાં ફર્માવ્યું : "હાઝા અમીનુ હાઝિહિલ ઉમ્મહ" આ ઉમ્મતના અમીન છે.

એ સાહબ જેમને રિસાલતની ઝબાનથી "અમીનુલ ઉમ્મત"નો મહાન લકબ પ્રાપ્ત થયો તે સૈયદના હઝરત અબૂ ઉબૈદ બિન જર્રાહ رضی اللہ عنہ હતા.

**(૨)** સૈયદના હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ, ખૈરુલ બશર ﷺના જાંનિષારોમાંથી છે, જેમની ગણના અસાતીને ઉમ્મત (ઉમ્મતના થાંભલાઓ)માં થાય છે. તેઓ અસ્સાબેકૂને અવ્વલીન, મુહાજેરીને અવ્વલીન (પહેલા હિજરત કરનારાઓ), અસ્હાબે બદર (જંગે બદરમાં સામેલ સહાબાઓ), અસ્હાબે અશરાએ મુબશ્શિરહ અને અસ્હાબે શજરહમાંથી એક છે. બેશક ! રિસાલતકાળનો કોઈ મોટામાં મોટો મોકો એવો નથી જે એમને પ્રાપ્ત ન થયો હોય. એમના ફઝાઈલ તથા ખૂબીઓ અને નોંધપાત્ર કાર્યોના બયાન વાંચીને અકીદતનું માથુ અનાયાસે એમની મહાનતા સામે ઝુકી જાય છે.

અસલ નામ આમિર હતું પરંતુ એમણે પોતાની કુન્નિયત અબૂ ઓબૈદાથી પ્રસિદ્ધિ મેળવી. એ જ પ્રમાણે વાલિદનું નામ અબ્દુલ્લાહ હતું પરંતુ તેઓ દાદાના સંબંધથી "ઈબ્ને જર્રાહ"થી પ્રખ્યાત થયા.

હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ નો લકબ "અમીનુલ ઉમ્મત" છે જે એમને રિસાલત ﷺની ઝબાનથી અતા થયો અને "અમીન" એ લકબ છે જે કુર્આને હકીમમાં મોટા મોટા ઉલૂલ અઝમ પૈગંબરોના નામની સાથે વાપરવામાં આવ્યો છે. ખાનદાની તઅલ્લુક "બનૂ ફહર"થી હતો જે ઈબ્ને સઅદ કુરૈશની છેલ્લી શાખ છે. વંશાવળી આ પ્રમાણે છે :–

આમિર બિન અબ્દુલ્લાહ બિન જર્રાહ બિન હિલાલ બિન અહીબ બિન ઝબ્તા બિન હારિષ બિન ફહર.

ફહર પર વંશવેલો રસૂલે અકરમ ﷺથી મળી જાય છે.

વાલિદાનું નામ અમીમા બિન્તે ગનમ ફહર આ હતું, એમને પણ ઈસ્લામની કબૂલાત અને સહાબિયતનો મોકો પ્રાપ્ત થયો. (رضی اللہ عنہا)

રિવાયતની સાથે ઈબ્ને ઈસ્હાક رضی اللہ عنہ હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ હિજરતે નબવીથી ૨૩ વર્ષ પહેલાં પૈદા થયા પરંતુ વાકેદીનું બયાન છે કે તેઓ હિજરતથી ચાલીસ વર્ષ પહેલાં પૈદા થયા. ઈબ્ને મદહ رضی اللہ عنہ એ અને મોટા ભાગના સિયરના લેખકોએ પણ એ રિવાયતને અગ્રતા આપી છે.

હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ એલાને નબુવ્વતના શરૂઆતના જમાનામાં કબૂલે ઈસ્લામનો શર્ફ પ્રાપ્ત કર્યો એ સમય સુધી ગણતરીના થોડાક બુઝુર્ગોએ જ હક્કની દા'વત કબૂલ કરી હતી અને રસૂલે અકરમ ﷺએ હજુ દારે અરકમમાં રોકાણ ન ફર્માવ્યું હતું. ઈબ્ને સઅદ رحمۃ اللہ علیہનું બયાન છે કે હઝરત અબૂ ઓબૈદા સિદ્દીકે ઉમ્મત હઝરત અબૂબક્ર رضی اللہ عنہની દા'વત પર ઈસ્લામથી માલામાલ થયા. આ એ જમાનો હતો જ્યારે હક્કની દા'વત કબૂલ કરવી આગથી ખેલવાના સમાન હતું. આ દા'વત પર લબ્બૈક કહેનારા મુશ્રિકોના જુલ્મો જોરના શિકાર થઈ જતા હતા અને એમના માટે જીવવું મુશ્કેલ થઈ જતુ હતું. હક્ક કબૂલ્યા પછી હઝરત ઓબૈદા رضی اللہ عنہ અચકાયા વિના ઈસ્લામની સફમાં સામેલ થઈ ગયા. જ્યારે હુઝૂર ﷺએ મઝલૂમ સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને હબશાની તરફ હિજરત કરવાની રજા આપી તો ઈબ્ને ઈસ્હાક અને વાકેદી رحمۃ اللہ علیہ ના કૌલ મુજબ હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ પણ હબશા જનારા મુહાજેરીનના બીજા કાફલામાં સામેલ થઈ ગયા અને ત્યાં કેટલાય વર્ષો સુધી વતનથી દૂરીની જિંદગી પસાર કરતા રહ્યા. છેવટે હુઝૂર ﷺની હિજરત મદીનાની હિજરતથી થોડાક સમય પહેલાં મક્કા પાછા આવી ગયા. નબુવ્વતના એલાન પછી સન હિજરી ૧૩માં સરવરે આલમ ﷺએ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને મદીનાની તરફ હિજરત કરવાની ઈજાઝત આપી તો હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ પણ બીજા મુહાજેરીનની સાથે મક્કાની જમીનને અલ્ વિદાઅ કહીને મદીના આવી ગયા. વાકેદી رحمۃ اللہ علیہનું બયાન છે કે હિજરતના પછી એમણે થોડોક સમય કા'બામાં હઝરત કુલષૂમ બિન અલહકમ رضی اللہ عنہا ના મકાનમાં રોકાણ કર્યું. –*(ક્રમશઃ)*

# મનઘડત તથા બનાવટી રિવાયતો

**રજૂકર્તા** : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવા
(નાયબ સદર મુદર્રિસીન દા.ઉ. ગુલશને અજમેર, ભરૂચ)

વર્તમાનકાળમાં ઘણા જાહિલ મુકર્રિરો તથા જાહિલ પીરો કોઈકની સાંભળેલી અથવા કોઈ અવિ□સનીય કિતાબમાં વાંચીને તકરીરમાં રંગ જમાવવા, લોકોમાં છાપ જમાવવા તથા અજ્ઞાનતામાં મનઘડત રિવાયતો તેમજ હિકાયતો બયાન કરતા હોય છે અને ગલત માન્યતાઓના લોકો શિકાર બનતા બનાવતા હોય છે.

હદ તો એ છે કે એવા લોકોને કુર્આન, હદીષ તથા ઉલમાના કૌલ થકી તેમની વાત ગલત છે એવું દર્શાવી સ્પષ્ટ કરવામાં આવે છતાં અડી પકડીને બેસી રહી ગુમરાહીની ખાઈમાં ઔર ઊંડે ઉતરતા જાય છે પણ તૌબાની તૌફીક તેમને નથી થતી !

એવી જ કેટલીક મનઘડત, બનાવટી રિવાયતોમાંની એક અત્રે રજૂ કરું છું જે મેં મારા કાનોથી સાંભળી અને જે તે મુકર્રિર મોલ્વીને તેની રદ આ સાથે નીચે જણાવ્યા પ્રમાણે સ્પષ્ટતા કરી છતાં તેમણે તૌબા ન કરી, ન એ રિવાયત ગલત હતી તેનું એલાન કર્યું. જેથી મુસ્લિમ કૌમ સત્ય શું છે તે સમજે અને ગુમરાહીથી બચે એટલા માટે અત્રે એ બનાવટી રિવાયત રજૂ કરું છે :–

### ★ મનઘડત રિવાયત ★

આજકાલ જે હાથી, ઘોડા, વાંદરા, બિલાડી છે તે પહેલાં ઈન્સાન હતાં ! જ્યારે એમણે અલ્લાહ તથા રસૂલની નાફર્માની કરી તો અલ્લાહ તઆલાએ એમને જાનવર બનાવી દીધાં ! જે જાનવરો તમે જોઈ રહ્યા છો ! તે પહેલાં ઈન્સાન હતાં ઈન્સાન ! વગેરે....

**ખુલાસો** : આ રિવાયત **તદ્દન બનાવટી** છે એની કોઈ અસલ (દલીલ) નથી. હદીષ શરીફમાં છે કે એક શખ્સે આપ ﷺ થી અર્ઝ કરી કે વાનર (વાંદરો), સુવ્વર મન્સૂખ (જેમના ઉપર અઝાબ આવ્યો હતો)માંથી છે ? તો આપ ﷺ એ ફર્માવ્યું, ના ! આ તે કૌમ નથી બલ્કે આ નસલ તો પહેલાંથી મૌજૂદ હતી. અને જે કૌમ પર અલ્લાહનો અઝાબ આવ્યો અને એમને મસ્ખ (વાનર વગેરે) કરી દેવામાં આવ્યા હતા. એમનાથી નસ્લ (વંશ) ચાલી નથી. *(હયાતુલ હૈવાન, ભાગ–૨, પેજ–૬૧૧, અઝ : અલ્લામા કમાલુદ્દીન અદ્દમેરી)*

જુઓ ! કુર્આને પાકની સૂરએ બકરહ, આયત નં. ૬૫ : فَقُلْنَا لَهُمْ كُوْنُوا قِرَدَةً خٰسِئِيْنَ "તો અમે કહ્યું કે ધુતકારેલા વાનર બની જાવ !"

આ આયતની તફસીરમાં અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી ફર્માવે છે, શહેર ઈલામાં બની ઈસ્રાઈલ વસતા હતા. એમને શનિવારે શિકાર કરવાનો હુકમ ન હતો પરંતુ એમણે શિકાર કર્યો. ચાલીસ અથવા સિત્તેર વર્ષ નાફર્માની કરી શનિવારે શિકાર કરતા. જ્યારે દાઊદ عليه السلام ની નુબુવ્વતનો દૌર આવ્યો તો આપે રોક્યા કે આવાં કાર્યો ન કરો પણ તેઓ રોકાયા નહીં. આપે અલ્લાહની બારગાહમાં દુઆ ફર્માવી તો અલ્લાહ તઆલાએ એમને વાનર બનાવી દીધા.

અક્કલ તો હતી પણ બોલી શક્તા ન હતા. પોતાની હાલત પર રડતાં રડતાં ત્રણ દિવસમાં હલાક થઈ ગયા. એમની નસલ (અવલાદ બાકી

નથી રહી. આ સિત્તેર હજાર જેટલા હતા. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

આથી સાબિત થયું કે ઉપરોક્ત રિવાયત બનાવટી છે અને આજકાલ જે સુવર, વાનર વગેરે છે તે પહેલાંથી હતા અને જેમના પર અઝાબ આવ્યો હતો તે નથી અને ન એમની ઔલાદ છે.

આ વિષયે વધુ જાણકારી માટે હઝરત મૌલાના કૌષર ઈમામ કાદરી (દા.ઉ. કુદૂસિયહ્ અહલે સુન્નત ફખ્રુલ ઉલૂમ મહરાજગંજ, યુ.પી.)નો લેખ આપની સમક્ષ રજૂ કરું છું. ઉમ્મીદ છે ઘણી ગલત રિવાયતોની ગુમરાહીથી, લોકો બચી શક્શે અને રાહેરાસ્ત પામશે. (ઈન્શાઅલ્લાહ !)

*-મોહસિન મક્કી મિસ્બાહી*

દીન તથા મઝહબની તબ્લીગ માટે તકરીર અને તહરીર ઘણો જૂનો ફાયદાકારક વસીલો છે, અંબિયાએ કિરામ તથા રસૂલાને ઈઝામે તકરીર તથા ખિતાબથી તબ્લીગી ફર્ઝને પૂરો પાડયો. અલ્લાહના પ્યારા નબી મુહમ્મદ ﷺ એ પોતાના બયાનથી જ કુફ્ર તથા શિર્કની દુનિયામાં ઈન્કિલાબ પૈદા કર્યો તો થોડાક સમયમાં મૂર્તિપૂજાના રણોમાં અલ્લાહ તઆલાની તૌહીદનો લીલોછમ ગુલશન ખીલી ઉઠયો.

તકરીર તથા બયાનથી તબ્લીગ, તા'લીમ, સમાજની ઈસ્લાહ મઝહબનો પ્રચાર તથા સૂતેલી કૌમમાં જાગૃતિની રૂહ ફૂંકવા માટે મજલિસો મેહફિલો કાયમ કરવાનો રિવાજ પૂરાણા જમાનાથી ચાલી આવ્યો છે અને દિવસે દિવસે પ્રગતિ પર છે. આવી મેહફિલોની મહત્વતા તથા ફાયદાઓ પર દેશના નામવર અક્લમંદ કલમકાર અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી લખે છે :-

''મઝહબી મેહફિલો તથા પ્રસંગોને કાયમ કરવાનો રિવાજ દરેક (દૌરમાં) અલગ અલગ પ્રકારથી થતો આવ્યો છે આજે પણ આ ખૈર તથા બરકતનો સિલસિલો ચાલુ છે અને વધારે પ્રગતિ પર છે. દીની જલ્સાઓ હિંદ તથા પાક.માં ઘણા શોખથી થાય છે. દરેક જગ્યાએ દરેક મોસમમાં થાય છે અને હજારો મુસલમાનો એનાથી ફયૂઝ હાંસલ કરે છે આમ જનતાને આવા જલસાઓથી ખાસ દિલચસ્પી રહે છે તથા તેઓ આ જલ્સાઓમાં હાજરી આપી ઘણી બધી દીનની વાતો સાંભળે છે અને મસ્અલાઓ તથા હુકમોથી બાખબર થાય છે પોતાના મઝહબ સાથે જોડાવાનો જઝબો એમના અંદર પૈદા થાય છે અને પોતાના ઉલમા તથા ખતીબોનાં બયાનોથી એમની રૂહાની પ્યાસ દૂર થાય છે. આ એવી સ્પષ્ટ વાતો છે જેના પર વધારે લખવાની જરૂરત નથી. આ જ જલ્સાઓ આમ જનતા સુધી પહોંચવાનો બેહતરીન વસીલો છે અને વર્ષોથી એમની હિદાયત તથા રહનુમાઈનો ફર્ઝ આ જ જલ્સાઓની મદદથી પૂરો કરવામાં આવે છે. *(જામે નૂર, ફેબ્રુઆરી-૨૦૦૪)*

પરંતુ આ મુબારક મેહફિલોમાં અમુક અયોગ્ય લોકોના આવવાથી પોતાના ફાયદાઓથી દૂર થઈ રહી છે અને તેનો અસલ મકસદ પણ ઘણે દૂર જઈ રહ્યો છે તેનો વકાર તથા પાકીઝગી ખરાબ થઈ રહી છે. તથા અક્લમંદોનું એક ગૃપ જલ્સા જુલૂસના નામ પર ખર્ચને બેકાર ખ્યાલ કરે છે જે સો ટકા સહીહ છે.

મઝહબ તથા મિલ્લતનું દર્દ રાખનાર, કિતાબ તથા સુન્નત પર, મજબૂતીથી અમલ કરનાર ઈલ્મો હિકમતના શહનશાહો આ ફાની દુનિયાથી કૂચ કરી રહ્યા છે અને દુનિયાદારો, હવસ પરસ્ત (લાલચી) જાહિલ, બેલગામ લોકો ખિતાબતની કુર્સી અને રુશ્દો હિદાયતના અમીન બની ગયા ! અને ધીરે ધીરે આ અયોગ્ય લોકો આમ જનતાના દિલોમાં પોતાનો મુકામ તથા મર્તબો બનાવવામાં કામયાબ પણ થઈ ગયા. કુર્આન, સુન્નત, સહાબાનાં કથનો, અવલિયાના ઈર્શાદોની જગ્યાએ કિસ્સા કહાની, બનાવટી પ્રસંગો, મનઘડત રિવાયતોની બયાનબાઝીનો માહોલ બની ગયો.

આ ટૂંકા લેખમાં એ અમુક ફર્ઝી (બનાવટી) રિવાયતોની ઓળખ મકસદ છે જેને આપણા ખતીબો જલ્સાઓ તથા મેહફિલોમાં બેરોક ટોક બયાન કરે છે અને એવું વિચારે છે કે દીનની તબ્લીગીનો હક્ક અદા કરી દીધો !

જ્યારે કે મનઘડત રિવાયતો, ઘડેલા વાક્યાઓ, કિસ્સા કહાનીઓ વગેરેથી મજમાને હસાવવો અને તે પણ મિમ્બરે રસૂલ પરથી ! એ કેટલા અફસોસની વાત છે !

ઉલમાએ ઈસ્લામે તથા ફુકહાએ ઈઝામે જેવી રીતે જૂઠી રિવાયતોને બયાન કરવું હરામ બતાવ્યું છે તેવી રીતે એ વાત પણ સ્પષ્ટ કરી આપી કે ગૈર આલિમનું વાઈઝ તથા બયાન દુરુસ્ત નથી કારણ કે જાહિલ પોતાની જહાલતથી ઈસ્લામનો સહી પરીચય કરાવી શક્તો નથી.

હઝરત સદરુશ્શરીઅહ્ અલ્લામા અમજદઅલી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"વાઅઝ કરવા માટે ઈલ્મ જરૂરી છે, બેઈલ્મથી શી ઉમ્મીદ કે સહી મસાઈલ બયાન કરી શકે, સહી વાતને પણ ગલત તરીકાથી બયાન કરી ગલત બનાવી દેશે. પછી આવા લોકોની આદત હોય છે કે જ્યારે એમનાથી મસાઈલ પૂછવામાં આવે છે તો અમને ખબર નથી એવું પણ કહેશે નહીં ! કારણ કે એમાં પોતાનું હલકાપણુ સમજે છે અને લોકોની સમક્ષ અમારું બેઈલ્મ હોવું સ્પષ્ટ થઈ જશે ! એટલે ઉલ્ટુ સીધુ જે મનમાં આવે કહી દીધું ! જો એમને બયાન કરવાનો શોખ હોય તો પહેલાં ઈલ્મ હાંસલ કરે." *(ફતાવા અમજદિયહ્, ભાગ–૪, પેજ–૩૩)*

ફકીહે મિલ્લત મુફ્તી જલાલુદ્દીન અમજદી ફર્માવે છે :–

"જો નામનો સનદ ધરાવતો આલિમ હોય પણ દીની માલૂમાત અને શરીઅતના હુકમો વિશે ખબર નથી રાખતો તો એને બયાન કરવું જાઈઝ નથી." *(ફતાવા ફૈઝુર્રસૂલ, ભાગ–૨, પેજ–૫૩૫)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"જાહિલનું બયાન કરવું પણ ગુનોહ છે, બયાનમાં કુર્આન શરીફની તફસીર, રસૂલે પાક ﷺ ની હદીષ અથવા શરીઅતનો મસ્અલો અને જાહિલને એમાંથી કોઈ એકનું પણ બયાન જાઈઝ નથી. રસૂલે અકરમ ﷺ ફર્માવે છે :–

**قال فی القرآن بغیر علم فلیتبوا معقده من النار**

જે ઈલ્મ વગર કુર્આનની તફસીર બયાન કરે તે પોતાનું ઠેકાણુ જહન્નમમાં બનાવી લે." *(ફતાવા રઝવિય્યહ્ (તર્જુમા), ભાગ–૨૩, પેજ–૭૨૭)*

દર વર્ષે બે ચાર જલ્સાઓમાં હાજરી આપવાની થાય છે અને નવા નવા ખતીબોની નવી નવી વાતો તથા રિવાયતો સાંભળવા મળે છે અમુક એવી તકરીરોથી પણ સામનો થાય છે જે બિલકુલ ઈલ્મ વગરની હોય છે. સાચુ ફર્માવ્યું અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી સાહબે કે; " તકરીર તથા બયાનના વિષયો, એક વર્તુળમાં ચક્કર મારતા રહે છે અને ક્યાંક નુક્તાઓ તથા લતીફાઓ પર ધ્યાન આપવામાં આવે છે, ક્યાંક ગંભીરતા વિહોણો અંદાઝ અપનાવવામાં આવે છે જેનો મકસદ બધાને જ ખબર છે. વાત એટલે સુધી પહોંચી કે ગૈર ઈલ્મી તકરીરોનો રંગ જામવા લાગ્યો છે અને કદી કદી તો એવા વાક્યાઓ તથા મસ્અલા બયાન કરવામાં આવે છે જે સખ્ત શરઈ પકડ તથા વાંધાજનક છે." *(જામેનૂર, ફેબ્રુઆરી–૨૦૦૪)*

અમુક જલ્સાઓમાં ફકીરે (લેખકે) આપણા ખતીબો થકી જે દુર્લભ (જેનો પતો ન હોય) વાક્યાઓ સાંભળ્યા અથવા તકરીરોની કિતાબોમાં જે અનોખી રિવાયતો વાંચી એમાંથી અમુકની નોંધ કરતાં પહેલાં એ જણાવવું યોગ્ય સમજુ છું કે જૂઠી રિવાયતો વગેરેને બયાન કરવી, સાંભળવી, રદ વગર ઝિક્ર કરવી ખુલ્લમ ખુલ્લા નાજાઈઝ તથા હરામ છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"એવી જ રીતે બેઅસલ તથા જૂઠી રિવાયતોનો અભ્યાસ કરવો તથા સાંભળવું હરામ છે, જેના માટે ઉલ્માના કથનો તથા હદીષોથી નસ (દલીલ) સાબિત છે."

વધુ ફર્માવે છે :–

"તે બાબતોને વાંચવી, સાંભળવી જે શરીઅતના વિરૂધ્ધ હોય નાજાઈઝ છે. દા.ત. જૂઠી રિવાયતો, જૂઠી ઘડેલી હિકાયતો તથા એવા શેઅરો જે શરીઅત ખિલાફ હોય, ખાસ કરીને જેમાં અંબિયા તથા ફરિશ્તાઓની તૌહીન થાય કે આજકાલ જાહિલ શાઈરો (જાહિલ મુકર્રિરો)ના કલામમાં આ મોટી બલા વધુ પ્રમાણમાં છે, જ્યારે કે તે ખુલ્લુ કુફ્ર છે."

વધુ ફર્માવે છે :–

"જૂઠી રિવાયતો વાંચવી, સાંભળવી, આવી મેહફિલોથી અલ્લાહ તઆલા તથા રસૂલુલ્લાહ ﷺ નારાજ છે, આવી મજલિસો, એને પઢવાવાળા, જૂઠી રિવાયતોની ખબર છતાં હાજર થનારા સૌ અઝાબના હક્કદાર છે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨૩, પેજ–૭૩૪)*

હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ ફર્માવે છે :–

"એ લોકો જે મનઘડત જૂઠી રિવાયતો બકે છે જો કે તે પોતાને આલિમ બતાવે પણ તેઓ કદી પણ મિમ્બરના લાયક નથી અને એમની બયાન કરેલ રિવાયતોનું ઝિક્ર કરવું તથા સાંભળવું જાઈઝ નથી." *(ફતાવા મુસ્તફાઈય્યહ્, પેજ–૪૩૭)*

## બનાવટી રિવાયતો

આપણા અમુક ખતીબો ઘણા જોશ જઝબા સાથે નીચે મુજબની રિવાયતોને બયાન કરી લોકોથી વાહ વાહ હાંસલ કરે છે :–

**૧.** હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ફર્માવ્યું, જે શખ્સ નબી ﷺ ની મીલાદ શરીફ પઢવામાં એક દિરહમ ખર્ચ કરે તે જન્નતમાં મારી સાથે હશે.

**૨.** હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જે શખ્સે હુઝૂરની મીલાદની તા'ઝીમ કરી એણે ઈસ્લામને ઝિંદા કર્યો.

**૩.** હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ફર્માવે છે : જેણે નબી ﷺ ની મીલાદ શરીફ પઢવામાં એક દિરહમ ખર્ચ કર્યો તો તે જાણે બદ્ર તથા હુનૈનના ગઝવામાં શરીક થયો.

**૪.** હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું, જે શખ્સે હુઝૂર ﷺ ની મીલાદની તા'ઝીમ કરી તથા મીલાદ પઢવાનો સબબ બન્યો તે દુનિયાથી ઈમાન સાથે જશે અને જન્નતમાં હિસાબ વગર દાખલ થશે.

### ★ સત્યનો નિર્દેશ ★

કેટલાક કારણોથી આ રિવાયતોનું ફઝી (મનઘડત) હોવું સાબિત છે.

**પ્રથમ કારણ** : ખુલ્ફાએ રાશિદીનની બધી જ રિવાયતો જે મોહદ્દિષોને મળી તે બધી જ રિવાયતો હદીષ તથા સીરતની કિતાબોમાં મૌજૂદ છે. દા.ત. મુસન્નફ ઈબ્ને અબ્દુર્રઝ્ઝાક, મુસન્નફ ઈબ્ને અબી શયબહ, મુસ્નદ ઈમામ અહમદ વગેરેમાં પણ આ રિવાયતોની કોઈ પણ જગ્યાએ ઝલક પણ નથી. ઝઈફથી ઝઈફ (કમજોર) રિવાયતોને ભેગી કરવામાં આવી છે. જો આ રિવાયતો ઝઈફ (કમજોર) પણ હોત તો હદીષના ઈમામો જરૂર એને બયાન કરતા.

આ પરથી ખબર પડી કે બધી હદીષે, સીરત તથા ઈતિહાસની કિતાબોમાંથી કોઈમાં પણ એનો ઉલ્લેખ ન હોવો એનું મનઘડત હોવાનું બતાવે છે.

**બીજુ કારણ** : મીલાદ શરીફ જાઈઝ હોવા તથા મુસ્તહસન હોવા પર ઘણી કિતાબો જૂના જમાનાના ઉલ્માથી લઈને હાલના મુહક્કિકોએ પણ

લખી છે, ફતાવાઓ લખ્યા પણ આવી રિવાયતોને હાથ પણ ન લગાડયો. ઈમામ અહમદ રઝા બરેલ્વી, શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષે દહેલ્વી, અલ્લામા યૂસુફ નબ્હાની, મુજદ્દિદ અલ્ફેષાની, મુલ્લા અલી કારી, અલ્લામા સયૂતી તથા અન્ય અનેક ઈલ્મો હિકમતના શહેનશાહોથી આ રિવાયતોનું છુપાયેલું રહેવું પણ એના મનઘડત (જૂઠી) હોવાની ઓળખ છે.

**ત્રીજુ કારણ** : સહાબાએ કિરામના સમયમાં આજકાલ જેવી મેહફિલો તથા મજલિસો કાયમ ન થતી જેમાં દિરહમો દીનાર ખર્ચ કરવાની જરૂરી પડતી હોય એટલે એ સમયે આ હઝરાતનું આવું બયાન અક્કલથી દૂર છે.

**ચોથુ કારણ** : જે કિતાબમાં આવી રિવાયતો તથા બુઝુર્ગોનાં કથનો લખેલાં છે એનુ નામ ''નેઅમતુલ કુબરા અલલ આલમ મૌલુદે સૈયદ વુલ્દે આદમ'' લેખક અલ્લામા ઈબ્ને હજર અલ મક્કી (વફાત : ૯૪૭) અને આ એક જૂઠી મનઘડત કિતાબ છે એટલે કે અલ્લામા ઈબ્ને હજરે આ નામથી જે કિતાબ પોતે લખી છે તેનો ખુલાસો હઝરત અલ્લામા યૂસુફ નબ્હાનીએ પોતાની કિતાબ, ''જવાહિરુલ બિહાર''ના ત્રીજા ભાગમાં પેજ ૩૨૮થી પેજ ૩૩૭ સુધી લખ્યો છે પણ એમાં ઉપરોક્ત રિવાયતોનો કોઈ પતો નથી.

સાથે સાથે હઝરત ઈબ્ને હજરની કિતાબ ''નેઅમતુલ કુબરા''ની સમજૂતી હઝરત સૈયદ અહમદ અલ્લામા શામીએ કરી જેના ઘણા પ્રકરણો અલ્લામા યૂસુફ નબ્હાનીએ જવાહિરુલ બિહારમાં લખેલાં પણ એમાં આ રિવાયતો નથી.

આ બધાં કારણોસર હઝરત અલ્લામા અબ્દુલ હકીમ શરફ કાદરી ફર્માવે છે :–

''આથી આ પરિણામ કાઢવામાં કોઈ વાંધો નથી કે આ એક બનાવટી કિતાબ છે જેને અલ્લામા ઈબ્ને હજર તરફ નિસ્બત કરી દેવામાં આવી છે.''

*(માહનામા અશરફિયા, નવેમ્બર–૧૯૯૧)*

## ★ મનઘડત રિવાયત ★

**(૫)** હુઝૂર સૈયદુના ગૌષે આ'ઝમ رضی اللہ عنہના એક મુરીદનો ઈન્તેકાલ થયો. મરનારના છોકરાએ સરકાર ગૌષ પાકની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરી, મારા વાલિદનો ઈન્તેકાલ થઈ ગયો. સરકાર ગૌષે પાકને રહમ આવી ગઈ. આપે હઝરત ઈઝરાઈલને મુરાકેબા કરી પૂછયું, શું તમે અમારા મુરીદની રૂહ કબ્ઝ કરી છે ? ફરિશ્તાએ હા માં જવાબ આપ્યો. આપે ફર્માવ્યું, એને છોડી દે ! ફરિશ્તાએ કહ્યું, મેં અલ્લાહના હુકમથી રૂહ કબ્ઝ કરી છે ! આથી ઝઘડો થયો અને સરકાર ગૌષ પાકે ફરિશ્તાને તમાચો માર્યો તો એની આંખ નીકળી ગઈ ! આપે (ગૌષે આ'ઝમે) એનુ ઝંબીલ (ટોકડી) લઈ એ દિવસની જેટલી રૂહો કબ્ઝ થઈ હતી બધાને છોડી આપી. હઝરત ઈઝરાઈલે અલ્લાહ તઆલાની બારગાહમાં શિકાયત કરી તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મારા મહબૂબે આવું કર્યું ! કશો વાંધો નહીં !

## ★ સત્યનો નિર્દેશ ★

આ વાક્યાના મનઘડત હોવાનું કારણ એ છે કે એમાં એક ખતરનાક કુફ્રની નિસ્બત હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ તરફ છે જેનાથી આપનો દામન પાક છે. એની તફસીલ એ કે હઝરત ઈઝરાઈલ علیہ السلام ખાસ ફરિશ્તાઓમાંથી છે એ ફરિશ્તાઓમાંથી જે મુર્સલીન (રસૂલો) તથા મુકર્રબીન છે અને ઉમ્મતે મુસ્લિમાની એ વાત પર એકમતી છે કે મુર્સલીન (રસૂલ) ફરિશ્તાઓ ગૈર નબી ઈન્સાનોથી અફઝલ તથા આ'લા છે. એ પણ સાબિત છે કે દરેક રસૂલ તથા નબીની તા'ઝીમ મુસલમાનો પર લાઝિમ છે, થોડી પણ ગુસ્તાખી કુફ્ર છે. ગૈર નબી તથા ગૈર રસૂલનું કોઈ નબી તથા રસૂલને તમાચો મારવું એ ગુસ્તાખી તથા બેઅદબી છે જે કુફ્ર છે. જો આ વાક્યાને સહી માની લેવામાં આવે તો સાબિત થશે કે ગૌષે

આ'ઝમે રસૂલ, ફરિશ્તાની તા'ઝીમ ન કરી બલ્કે એમની શાનમાં બેઅદબી તથા ગુસ્તાખી કરી ! જ્યારે કે આ બધી વસ્તુથી સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નો દામન પાક છે. તો બેશક ! આ રિવાયત મનઘડત છે.

આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે :–

આ રિવાયત ઈબ્લીસની બનાવેલી છે, એનું વાંચવું, સાંભળવું બંનેવ હરામ, બેવકૂફ જાહિલે એ ન જાણ્યું કે એમાં હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની સખ્ત સખ્ત તૌહીન કરી રહ્યો છે ! કોઈ આલિમ મુસલમાનની આથી વધુ તૌહીન શી હશે કે મઆઝલ્લાહ ! એને કુફ્ર તરફ નિસ્બત કરવામાં આવે. સૈયદુના ઈઝરાઈલ علیہ الصلوٰۃ والتسلیم રસૂલ ફરિશ્તાઓમાંથી છે અને રસૂલ ફરિશ્તા એકમતીથી ગૈર નબીથી અફઝલ છે. કોઈ રસૂલ સાથે આવી હરકત કરવી રસૂલની તૌહીનના કારણે એના માટે કુફ્રનો ઝરીયો છે. અલ્લાહ તઆલા જહાલત તથા ગુમરાહીથી બચાવે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૨, પેજ–૧૯૯)*

## ★ મનઘડત રિવાયત ★

**(૬)** હઝરત શમ્સ તબ્રેઝ رحمۃ اللہ علیہ એ એક મુડદા સામે ફર્માવ્યું قم باذنی મારા હુકમથી ઊભો થઈ જા ! આ સાંભળી મુડદુ જીવતુ થઈ ગયું ! વગેરે....

## ★ સત્યનો નિર્દેશ ★

આ વાત પણ મનઘડત છે. આ'લા હઝરત عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :– "હઝરત શમ્સ તબ્રેઝ قدس سرہ થી આ વાત સાબિત નથી." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૨, પેજ–૧૯૬)*

## ★ મનઘડત રિવાયત ★

**(૮)** હઝરત હુસૈન ઈબ્ને મન્થૂર હલ્લાજે અનલ હક્કનો નાઅરો લગાડયો, હું હક્ક છું.

## ★ સત્યનો નિર્દેશ ★

આ વાક્યો અમુક અંશે સહી છે પણ લોકોએ એને બગાડીને ક્યાંથી ક્યાં પહોંચાડી આપ્યો. જે એમણે કહ્યું એનો ઉલ્ટો અર્થ સમજી બેઠા જેના કારણે એમને સૂળી પર ચઢાવી દેવામાં આવ્યા. આ'લા હઝરત عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ફર્માવે છે : એમની બહેન મોટા ઔલિયામાંથી હતા. દરરોજ રાતના અંતિમ પહોરે જંગલ તરફ ચાલી નીકળતાં અને અલ્લાહ તઆલાની ઈબાદતમાં મગ્ન થઈ જતાં. એક દિવસ હઝરત હુસૈન ઈબ્ને મન્થૂર رحمۃ اللہ علیہ ની આંખ ઉઘડી તો બહેનને ઘરમાં ન જોતાં શૈતાને શંકા આપી. બીજા દિવસે જાગતા રહ્યા અને જ્યારે એમનાં બહેન ટાઈમ પ્રમાણે ઉઠીને બહાર ચાલી નીકળ્યાં તો આપ સંતાઈને એમનાં પાછળ ચાલવા લાગ્યા. જંગલમાં પહોંચીને તે બહેન ઈબાદતમાં મશ્ગૂલ થઈ ગયાં. આપ વૃક્ષોની પાછળ સંતાઈને જોતા રહ્યા. છેલ્લા પહોરે સવાર થવાની નજીકમાં એમણે જોયું કે આકાશથી સોનાની જંઝીરોમાં યાકૂતનો જામ ઉતર્યો અને એમની બહેનના મોઢા પાસે આવી ગયો. બહેને પીવાનું શરૂ કર્યું તો આપ બેચેન થઈને પુકારી ઉઠયા, બહેન ! તમને અલ્લાહ તઆલની કસમ ! મારા માટે થોડુ રહેવા દો ! એમણે પોતાના ભાઈ માટે એક ઘુંટ રહેવા દીધો જેને પીતાં જ એમને વૃક્ષો તથા પથ્થરોથી અવાજ આવવા લાગ્યો કે કોણ એનો વધારે હક્કદાર છે કે અમારી રાહમાં કત્લ કરવામાં આવવે ! આપ એનો જવાબ આપતા, "અનલ અહક انا الاحق" "બેશક ! હું હક્કદાર છું." લોકોએ ઉલ્ટુ સાંભળ્યું અને જે મુકર્રર હતું તે થયું. *(ફતાવા રઝવિય્યા, ભાગ–૧૨, પેજ–૧૯૭)*

આ પરથી જણાયું કે એમણે (હું હક્ક) انا الحق નથી કહ્યું બલ્કે انا الاحق (હું વધારે હક્કદાર) કહ્યું હતું, તે પણ સવાલના જવાબમાં કહ્યું હતું પરંતુ અમુક લોકોએ બીજુ સમજી

લીધું અને આજે પણ તે જ બયાન કરવામાં આવે છે જે કોઈપણ રીતે સહી નથી.

### ★ મનઘડત રિવાયત ★

(૮) હુઝૂર ﷺ શબે મેઅરાજમાં અર્શે આ'ઝમ પર તશરીફ લઈ ગયા અને આપે નાલૈન ઉતારવાનું વિચાર્યું તો અલ્લાહ તઆલાએ હુકમ ફર્માવ્યો, નાલૈન પહેરીને તશરીફ લાવો જેથી અર્શે આ'ઝમને આપની નાલૈનથી નિસ્બત થઈ જાય... વગેરે.

### ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત ગૈર મોઅતબર અમાન્ય છે તથા જૂઠી છે. હુઝૂર ﷺ નું નાલૈન પહેરી અર્શ પર તશરીફ લઈ જવું સાબિત નથી.

આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :

''આ રિવાયત જૂઠી અને બનાવટી છે.'' *(અહકામે શરીઅત, ભાગ–૨, પેજ–૧૪૬)*

### ★ મનઘડત રિવાયત ★

(૯) હુઝૂર ﷺ એ મેઅરાજની રાતે બુરાક પર સવાર થતી વખતે અલ્લાહ તઆલાથી એ વાયદો લીધો કે કયામતના દિવસે જ્યારે બધા જ લોકો કબ્રોથી ઉઠશે તો દરેક શખ્સ માટે એની કબ્ર પાસે એક એક બુરાક અલ્લાહ તઆલા મોકલશે.

### ★ સત્યનો નિર્દેશ ★

આ વાક્યો પણ બનાવટી છે. આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ ફર્માવ્યું :–

''આ વાક્યો બેઅસલ (દલીલ વિનાનો) છે.'' *(અહકામે શરીઅત–૨, પેજ–૧૪૩)*

### ★ મનઘડત રિવાયત ★

(૧૦) ખાતૂને જન્નત હઝરત ફાતેમા رضی اللہ عنہا કયામતના દિવસે ઉઘાડા પગે ઉઘાડા માથે ઈમામ હસન તથા હુસૈનના ખૂન તથા ઝહેરવાળાં કપડાંઓ ખભા પર મૂકી હુઝૂર ﷺ ના મુબારક દાંતો જે ઓહદમાં શહીદ થયા હતા હાથોમાં લઈ ખુદાની બારગાહમાં હાજર થશે, અને અર્શનો પાયો પકડી હલાવશે અને ખૂનના બદલામાં ઉમ્મતને બખ્શાવશે, વગેરે....

### ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ બનાવટી છે. આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

''આ બધું તદન જૂઠ, આક્ષેપ તથા ગુસ્તાખી અને બેઅદબી છે.'' *(અહકામે શરીઅત, ભાગ–૨, પેજ–૧૪૫)*

### ★ મનઘડત રિવાયત ★

(૧૧) હઝરત ફાતેમા رضی اللہ عنہا નો જ્યારે ઈન્તેકાલ થયો તો હઝરત અલી, ઈમામ હુસૈન, હસન અને અબૂઝર ગફ્ફારીએ આપનો જનાઝો ઉઠાવ્યો. જ્યારે કબ્ર પાસે ગયા તો હઝરત અબૂઝર ગફ્ફારીએ કહ્યું કે, હે કબ્ર ! તને ખબર છે આ ફાતેમા બિન્તે રસૂલ, હઝરતે અલીની બીવી, હસનો હુસૈનની વાલિદા છે ? કબ્રથી અવાજ આવ્યો, હું હસબ નસબ (વંશ)ની જગ્યા નથી બલ્કે અમલની જગ્યા છું ! મારાથી એને જ નજાત મળશે જેના નેક અમલો તથા ખાલિસ અમલો વધારે હશે.

### ★ સત્યનો નિર્દેશ ★

આ રિવાયત પણ ગલત અને સહીહ હદીષોના વિરૂધ્ધ છે. સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદ અલી قدس سرہ ફર્માવે છે :–

''આ રિવાયત સાબિત નથી બલ્કે એક હદીષની વિરૂધ્ધ છે. كل نسب وصهر ينقطع الا نسبى وصهرى ''દરેક હસબ નસબ (વંશ) ખત્મ થઈ જશે, પરંતુ મારો વંશ ખતમ થાય નહીં.'' આ હદીષને ઈમામોએ સાબિત રાખી છે અને એનાથી સનદ લીધી છે. *(ફતાવા અમજદિયહ, ભાગ–૪, પેજ–૨૧૪)*

*(વધુ આવતા અંકે....)*

# મુસ્લિમો પર પશ્ચિમી ગુનાહિત હવાની ખરાબ અસરો અને તેનો ઈલાજ

રજૂકર્તા : મલેક સઈદ અશરફ ભાલેજવાળા *(મુતઅલ્લિમ દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ–બાલાસીનોર)*

**લેખ હરિફાઈમાં પ્રથમ નંબર લાવનાર લેખ**

આજના ફિત્નાઓથી ભરપૂર યુગમાં પશ્ચિમી દેશોએ પોતાનો પંજો આખી દુનિયામાં ફેલાવી દીધો છે. આખી દુનિયા પશ્ચિમના નેજા હેઠળ છે. જ્યાં નજર દોડાવીએ ત્યાં પશ્ચિમિયતનાં કીટાણું જરૂર જોવા મળશે, અને આ ખતરનાક કિટાંણુઓથી મુસલમાનો પણ બચી નથી શક્યા. મુસ્લિમોમાં પણ પશ્ચિમી રહેણી કરણીની અસર થઈ છે. પશ્ચિમની એશ પરસ્તી અને બિભત્સતા તથા અશ્લિલતા હવે મુસલમાનોમાં પણ આમ થઈ રહી છે. આજના સમયમાં મુસ્લિમો પર પશ્ચિમી ગુનાહિત હવાની ખરાબ અસરો ખૂબ જ ઝડપથી ફેલાઈ રહી છે.

આજે મુસલમાનો પોતાના ધર્મના કાર્યો, નીતિ નિયમોને ભૂલીને વિધર્મીઓ (પશ્ચિમી દેશોના લોકો)નું અનુકરણ કરે છે. અને પશ્ચિમી દેશો જેવા કે અમેરિકા, યૂરોપ વગેરે દેશોની રહેણી કરણી, પહેરવેશ, ખાવુ, પીવું, નાચવું, ગાવું, દારૂ, જૂગાર, વ્યભિચાર (ઝિના), પર્દા વગર સ્ત્રીઓએ ખુલે આમ બજારોમાં ફરવું અને મોજ મજા કરવી અને આજે જેવી રીતે યૂરોપ અને અમેરિકાના દરેક શહેરમાં એ સ્થિતિ છે કે ત્યાં છોકરી, પુરૂષો સાથે લગ્ન કર્યા વિના જાતિય સંબંધ જોડી બેસે છે તે કુમાર્ગ અપનાવી રહ્યા છે. અને દરેક પ્રકારના ગુનાહોમાં સપડાઈ જાય છે. અને મુસલમાન આજે પશ્ચિમી દેશોના પહેરવેશ જોઈને ઈસ્લામી લિબાસ છોડીને પેન્ટ, શર્ટ, ટાઈ અને પાર્ટી શૂટ બૂટ પહેરીને ફરે છે. જ્યારે સ્ત્રીઓ પણ ઈસ્લામી લિબાસ બુરખો છોડીને અમેરિકન લિબાસ પહેરતી થઈ ગઈ છે. અને મોઢા (ચહેરા) પર મેકઅપ, લાલી, નખ ઉપર નિલ પોલિશ લગાડીને બેધડક બજારમાં ફરે છે. લિબાસ પણ એટલો બારીક અને પાતળો હોય છે કે પોતાના શરીરનાં બધાં જ અંગો કપડાં પહેરવા છતાંય આરપાર દેખાય છે. આજે મુસલમાનો પર પશ્ચિમી દેશોની ખૂબ ખરાબ અસરો પડી છે.

આજે સ્ત્રીઓ કહે છે કે ઈસ્લામે પર્દાનો હુકમ આપીને સ્ત્રીઓને કેદમાં રાખી છે. અફસોસની વાત છે. ઈસ્લામ સાચો જ ધર્મ છે. કુર્આનમાં અલ્લાહ તઆલા ફર્માવે છે :– اِنَّ الدِّیۡنَ عِنۡدَاللّٰهِ الۡاِسۡلَامُ ؕ

"બેશક ! અલ્લાહ તઆલાના ત્યાં ઈસ્લામ જ ધર્મ છે." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૯)*

આજે ઈસ્લામે સ્ત્રીઓને પર્દામાં રાખીને તેની આબરૂ, ઈજ્જતને બચાવી લીધી છે. તમે જાણો છો કે આજે સમાચારોમાં પેપરોમાં રોજ રોજ નવી નવી ખબરો સાંભળો છે કે આજે (૧૬) સોળ વર્ષની છોકરી પર (૩૦) ત્રીસ વર્ષના પુરૂષે બળાત્કાર કર્યો. મામાએ તેની ભાણી પર બળાત્કાર કર્યો. બાપે પોતાની છોકરી પર બળાત્કાર કર્યો. આ સર્વ બેપર્દગીનું જ પરીણામ છે. જ્યારે ઈસ્લામે તો સ્ત્રીઓને મોટો (સ્થાન) દરજ્જો અને માન આપ્યું છે કેદમાં નથી રાખી. અને પાતળાં કપડાં પહેરવાથી અને બીજા માટે શણગાર કરવા માટે ના પાડી છે કારણ કે સ્ત્રીઓ જો પર પુરૂષો માટે શણગાર કરશે અને એવાં કપડાં પહેરીને જેવી રીતે પશ્ચિમી દેશોમાં સ્ત્રીઓ પહેરે છે, ફક્ત છાતી પર અને શરમગાહ પર નામનાં કપડાં પહેરીને ફરે છે કે જેથી લોકો એમની તરફ જુએ તો એવાં કપડાં ઈસ્લામમાં હરામ

છે. કારણ કે એનાથી જ આવા બનાવો બને છે.

મુસ્લિમો પર પશ્ચિમી દેશોની ખરાબ અસર ટી.વી. અને દાઢી કાપવાની પણ પડી છે. અફસોસની વાત છે કે આજે મુસલમાન પશ્ચિમી દેશોના લોકો જેવી દાઢી રાખે છે, તે પોતાની ઓળખ ગુમાવી ચૂક્યો છે અને ફ્રેન્ચ કટ એક મુઠ્ઠીથી પણ નાની રાખે છે અને અલગ અલગ સ્ટાઈલ અને ડિઝાઈનવાળી દાઢી રાખે છે. અને મુસલમાન ટી.વી., વી.સી.આર. પર ફિલ્મ, નાટક સિરિયલ જુએ છે. અને કેટલાય લોકોની નજરમાં મઆઝલ્લાહ ! આ બધું અયબ નથી રહ્યું. અને કોઈ વ્યક્તિ સમજાવે તો પણ કેટલીક વાર જવાબ મળે છે કે ફિલ્મ જોવાનો કોઈ શોખ નથી પણ આ ટી.વી. તો બાળકો માટે છે, અને ઘરમાં ટી.વી. ન લાવીએ તો અમારાં બાળકો પાડોશીના ઘરમાં જઈને ટી.વી. જુએ છે. તો મુસલમાનો ! શું તમારો આ જવાબ મેદાને મેહશરમાં કામ આવશે ?! શું તમને છૂટકારો અપાવી શક્શે ?!

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يَا يُّهَا الَّذِيْنَ اٰمَنُوْا قُوْا اَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ نَارًا۔۔۔الخ

**ભાવાર્થ** : અય ઈમાનવાળાઓ ! પોતાની જાનો અને પોતાનાં ઘરવાળાંઓને તે આગથી બચાવો જેનું બળતણ (ઈંધન) લોકો અને પથ્થર છે. તેના પર સખ્ત અઘરા ફરિશ્તાઓ નિયુક્ત છે, અને જે લોકો અલ્લાહની વાત નથી ટાળતાં અને જે હુકમ તેમને મળે છે તે જ કામ કરે છે. *(સૂ. તેહરીમ, આ. ૬, પા. ૨૮)*

યાદ રાખો મુસલમાનો ! કે તમારા ઉપર તમારાં પોતાનાં બીવી બચ્ચાંને સુધારવાની જિમ્મેદારી છે. તો મુસલમાનો તમે પણ અને તમારાં બીવી બચ્ચાંને પશ્ચિમી દેશોની ખરાબ અસરોથી બચાવો અને ઈસ્લામ ધર્મ પ્રમાણે પોતાની જિંદગી ગુજારો જેથી તમારી દુનિયા અને આખેરત સુધરી જાય.

હવે આપણે જોઈએ કે મુસ્લિમો પર ખરાબ વાતાવરણની જે અસરો પડી છે તેના ઈલાજ કયા કયા છે. આપણે ઉપરની બધી જ વાતોનો અને મુસ્લિમો પર જે ખરાબ અસરો પડી છે તેનો ઈલાજ એ છે કે આપણે ચૌદસો વર્ષ આગળ જવાની જરૂર નથી આપણે ચૌદસો વર્ષ પાછળ જવાની જરૂર છે. આપણે આપણા પ્યારા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની જિંદગી અને તેમની સુન્નતો પર અમલ કરવાની જરૂરત છે.

મુસલમાન પુરૂષો અને સ્ત્રીઓ આજે પશ્ચિમી ગુનાહિત ખરાબ અસરોમાં સપડાઈ ગયા છે. પુરૂષ સ્ત્રી જેવી સૂરત બનાવે છે અને સ્ત્રીઓ પુરૂષો જેવી સૂરત બનાવે છે અને લિબાસ પણ પશ્ચિમી દેશો જેવો પહેરે છે. પુરૂષો પેન્ટ, શર્ટ, ટાઈ, પહેરીને પોતાને ઈજ્જતદાર પુરૂષ ગણે છે અને સ્ત્રીઓ પાતળાં કપડાં પહેરીને પોતાની જાતને ઈજ્જતદાર ગણે છે. લિબાસ પુરૂષ અને સ્ત્રી બંને માટે શણગાર છે પણ મુસલમાનનો ઉત્તમ લિબાસ કયો છે ? :–

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يٰبَنِيْٓ اٰدَمَ قَدْ اَنْزَلْنَا عَلَيْكُمْ لِبَاسًا۔۔۔الخ

**ભાવાર્થ** : અય આદમની ઔલાદ ! બેશક ! અમે તમારી તરફ એક લિબાસ એવો ઉતાર્યો કે તમારી શરમની વસ્તુ (ચીજો) છુપાવે અને એક લિબાસ તે કે તમારી સજાવટ થાય, અને પરહેઝગારીનો લિબાસ તો સૌથી સારો, એ અલ્લાહની નિશાનીઓમાંથી છે કે ક્યાંક તેઓ નસીહત માને. *(પારા–૧૮, રુકૂઅ–૧૦)*

ઉપરની આયતે કરીમામાં તકવા અને પરહેઝગારીના લિબાસ પ્રતિ આકર્ષ્યા છે અને જાહેર છે કે લિબાસે તકવા ફક્ત તે જ છે જેની આપણા હુઝૂર ﷺ એ આપણને તા'લીમ આપી. હવે આજે હુઝૂર ﷺની સુન્નત પ્રમાણે પોતાની જિંદગી ગુજારે કોણ ?! પશ્ચિમી દેશોના લોકો ઈસ્લામ ધર્મ મુજબ ચાલે કે ન ચાલે પણ મુસલમાન પશ્ચિમી દેશોની ફેશન, વ્યભિચાર, દારૂ, જૂગાર, નાચવું, ગાવું, મોજ મજા કરવી કેવી રીતે છોડી શકે છે ?

હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, દુનિયામાં જેણે પણ નામનાનો લિબાસ પહેર્યો કયામતના દિવસે અલ્લાહ તઆલા તેને ઝિલ્લતનો લિબાસ પહેરાવશે. *–(તિર્મિઝી શરીફ)*

આજે મુસલમાનો પશ્ચિમી ગુનાહિત હવાની ખરાબ અસરોમાં આવી ગયા છે કે દાઢી પણ કાપી નાખે છે અને રાખે છે તો એક મુટ્ઠીથી પણ નાની રાખે છે તથા ફ્રેન્ચ કટ રાખે છે. મુસલમાનો દાઢી રાખો તો હુઝૂર ﷺની પસંદ પ્રમાણે જ રાખો.

કિમીયાએ સઆદતમાં હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હુઝૂર ﷺનો ઈર્શાદ પાક છે : બેશક ! અલ્લાહ તઆલાના કેટલાક એવા ફરિશ્તાઓ છે કે જેમની તસ્બીહ આ છે :–

سُبْحَانَ مَنْ زَيَّنَ الرِّجَالَ بِاللُّحٰى وَزَيَّنَ النِّسَآءَ الذَّوَائِب

**ભાવાર્થ** : પાકી છે એને જેણે પુરૂષોને શોભા આપી દાઢીથી અને સ્ત્રીઓને વાળોથી.

જ્યારે દાઢી મુસલમાનો માટે શોભા છે અને અલ્લાહ તઆલાએ દાઢીથી પુરૂષોના ચહેરાને ઝીનત બખ્શી આપી અને આ કમનસીબ મુસલમાન પશ્ચિમી દેશોની ખરાબ અસરમાં આવી દાઢીને મૂંડાવી નાખે છે ! અથવા તો ખસખસી, ફ્રેન્ચ કટ રાખીને અલ્લાહ તઆલાએ બનાવેલી વસ્તુ (ચીજ)ને બગાડી નાખે છે. માટે એવું ન કરતાં પ્યારા મદની આકા ﷺની સુન્નત મુજબ દાઢી રાખવી જોઈએ.

મુસલમાનો પણ પશ્ચિમી દેશોના લોકોની જેમ નકલમાં (બૂફે ડિનર) ઊભા ઊભા ખાય છે. લગ્ન પ્રસંગ હોય કે ખુશીનો દિવસ હોય બુટ ચંપલ પહેરીને ખાય છે અને અલગ અલગ વાડકી અને થાળીમાં લઈને ઊભા ઊભા ચમચીથી ખાય છે. આજે મુસલમાનો સરકાર ﷺનું ફર્માન ભૂલી ગયા છે કે સરકાર ﷺ ફર્માવે છે કે ભેગા મળીને ખાઓ, અલગ અલગ કદી પણ ન ખાઓ કે બરકત ભેગા મળીને ખાવામાં છે કે તે પોતાના કોઈ પણ નેક બંદાને પોતાની પત્ની (બીવી) બાળકો સાથે દસ્તરખ્વાન પર સાથે બેસતાં જુએ અને બધા ખાવાનું ખાતા હોય, એટલે કે જ્યારે બધા જ દસ્તરખ્વાન પર ભેગા થાય છે તો અલ્લાહ તઆલા તેમને રહમતની નજરોથી જુએ છે અને અલગ (જુદા) થવાથી પહેલા જ તેમને માફ (બખ્શી) કરી દે છે.

મુસલમાનો ! પશ્ચિમી ગુનાહિત ખરાબ અસરોનો ઈલાજ એ છે કે આપણે, ઈસ્લામના નીતિ, નિયમો મુજબ અને સરકાર ﷺની સુન્નતો મુજબ જિંદગી ગુજારીએ અને અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺની ઈતાઅત કરીએ.

સાર : અય ઈસ્લામના માનવાવાળાઓ ! હુઝૂર ﷺના ફર્માનોને જો સાચા માનતા હોય તો પશ્ચિમી દેશોની ખરાબ હવામાં આવશો નહીં તમારા કુટુંબોને, સમાજને તેનાથી બચાવવા ટી.વી.ને ઘરમાંથી બહાર નાખી દો નહીં તો અફસોસ કરવાથી કોઈ જ ફાયદો થવાનો નથી. અમેરિકા, યૂરોપ વગેરે પશ્ચિમી દેશોની નૈતિક રીતે નીચ કક્ષાએ ઉતરેલી અને ઉપરથી ઉજળી લાગતી કૌમોની ખરાબ અસરોમાં ન પડો. એઈડ્સ જેવી ખતરનાર બીમારી પશ્ચિમી દેશોના લોકો ફેલાવી રહ્યા છે તેમની જેમ જિંદગી ગુજારવાના બદલે ઈસ્લામનાં ફર્માનો મુજબ ચાલીએ તેમાં જ આપણી બંને જહાનની ભલાઈ છે. આપણી સ્ત્રીઓને પર્દો અપનાવવા, નૌજવાન પુરૂષોએ દાઢી રાખવા, ઈસ્લામી લિબાસ પહેરવા અને ઈસ્લામના બતાવ્યા મુજબ હુસ્ને અખ્લાક તથા ઈસ્લામી સભ્યતા અપનાવી દરેક કામ રહેણીકરણી, ખાવું, પીવું જોઈએ, ઉઠવું, બેસવું જોઈએ. અને પ્યાર તથા મહોબ્બતથી મુસ્લિમોને સમજાવી અને હુઝૂર ﷺની સુન્નતોને જીવંત કરી એક પવિત્ર સમાજને વજૂદમાં લાવવા કોશિશ કરીએ. પશ્ચિમી ગુનાહિત હવાની ખરાબ અસરોથી આપણે અને બીજા મુસલમાન ભાઈઓને બચાવીએ. રબ્બે કરીમ સૌને નેક હિદાયત આપે. (આમીન)

યહૂદી અને ક્રિશ્ચન દેશોને "ઈમાન તન્ઝીમ" નાગપુરનો ખુલ્લો પડકાર....!

# "ઈમામ અહમદ રઝાખાં" જેવા સાયન્ટીસ્ટ (વૈજ્ઞાનિક) બતાવો અને રૂપિયા પાંચ લાખ મેળવો !

રજૂકર્તા : અલી મુહમ્મદ અહમદ બાબી-પોરબંદર

આજે સમગ્ર વિ□માં 'સાયન્સ' અને 'સાયન્ટિસ્ટો'ની બોલબાલા છે. પશ્ચિમના દેશો પોતાને સાયન્સ (વિજ્ઞાન) ક્ષેત્રે ઘણા જ આગળ અને પ્રગતિશીલ માને છે. એટલું જ નહીં પોતાની વિવિધ પ્રયોળશાળાઓમાં કામ કરતા અને જુદા જુદા સંશોધનોમાં પ્રવૃત એવા વૈજ્ઞાનિકો, ડોક્ટરોને સર્વશ્રેષ્ઠ સાબિત કરવાની દિશામાં તેઓ હમેશાં સક્રિય રહે છે. પરંતુ વિજ્ઞાનની પ્રત્યેક શોધ અને સંશોધનોમાં મુસલમાનોનો જે ફાળો રહ્યો છે તેને નઝર અંદાઝ કરી દેવામાં આવ્યો છે. ઈતિહાસનાં પાનાંઓ પર એવી અનેક શોધો અને આવિષ્કારો કે જે અંગ્રેજો અને અમેરિકનોના નામે ચડી ચૂકી છે, તેની પાછળ અને તેના પાયાના અભ્યાસમાં એ સમયના વિદ્વાન મુસ્લિમોનું સંશોધન રહેલું, જે બાબત ધીરે ધીરે પ્રકાશમાં આવી રહ્યું છે.

વીસમી સદીના મહાન મુજદ્દિદ ઈમામ અહમદ રઝા ખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہની શખ્સિયત, માત્ર ઉચ્ચકોટીના આલિમે દીન જ નહીં બલ્કે આપ, આપના સમયના સૌથી મોટા વૈજ્ઞાનિક (સાયન્ટિસ્ટ) પણ છે. ચોપન વર્ષના આપના આયુષ્ય દરમ્યાન આપે વિવિધ વિષયો ઉપર લગભગ ૧૩૦૦ જેટલી કિતાબો લખી છે. જેમાં ફિઝીક્સ (ભૌતિકશાસ્ત્ર), કેમિસ્ટ્રી (રસાયણશાસ્ત્ર), બાયોલોજી, મેથેમેટીક્સ, એસ્ટ્રોલોજી, જિઓલોજી, મેડીસીન, એનાટોમી અને એવા બીજા શાસ્ત્રો કે જેના વિષયો ૨૫૦ થી વધુ જોવા મળે છે, એ તમામ વિષયોમાં આપે હાંસલ કરેલા સંશોધનોને કિતાબો (પુસ્તકો)ના સ્વરૂપમાં આપે રજૂ કર્યા. માત્ર મેથેમેટીક્સ (ગણિત)ના વિષય પર આપના સંશોધનો અને અભ્યાસ ૬૩ જેટલી દળદાર કિતાબોમાં સમાવેશ પામ્યા છે, જે બતાવે છે કે એકી સાથે અનેક વિષયો ઉપર જો કોઈ સાયન્ટિસ્ટને મહારત (સિદ્ધિ) હાંસલ હોય તો તે માત્ર આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رضی اللہ عنہ ની ઝાતે પાક જ છે. આપની કિતાબોનો સહારો લઈ, આપના સંશોધનો પર નવેસરથી રિસર્ચ પશ્ચિમી વૈજ્ઞાનિકો એ હાથ ધર્યા છે અને નજીકના દિવસોમાં આ સાયન્ટિસ્ટો આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہએ વર્ષો પહેલાં રજૂ કરી દીધેલાં સંશોધનોને, પોતાની ભાષામાં, પોતાના નામે રજૂ કરીને, નોબલ પારિતોષિક મેળવવા સક્રીય બની ગયા છે. ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہની કિતાબોની ડિમાન્ડ પશ્ચિમના શિક્ષણશાસ્ત્રીઓ તથા પ્રોફેસરો તરફથી થઈ રહી છે. જે બતાવે છે કે આપના જેવો વૈજ્ઞાનિક આજના યુગમાં બીજો કોઈ પૈદા થયો નથી અને આ બાબત માટે આપણે એશિયનો જેટલો ફખ્ર કરીએ તેટલો ઓછો છે.

આ સંદર્ભે, "ઈન્ડિયન મુસ્લિમ એશોસિએશન નૂરી ઈમાન તન્ઝીમ" (નાગપુર)ના રાષ્ટ્રીય અધ્યક્ષ જનાબ એન્જીનિયર મુહમ્મદ હમીદ સાહબ તથા આ "તન્ઝીમ"ના હોદ્દેદારોએ પશ્ચિમના દેશો, યહૂદી અને ક્રિશ્ચયન સત્તાધિશો અને તેમના વૈજ્ઞાનિકોને તાજેતરમાં ખુલ્લી ચેલેન્જ

કરી છે કે તમે લોકો ઈમામ અહમદ રઝા ખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ જેવો બીજો કોઈ સાયન્ટિસ્ટ બતાવો કે જે આટલા બધા વિષયો અને શાસ્ત્રોમાં મહારત ધરાવતો હોય ! બલ્કે તમે લોકો એ ફિઝિક્સ, કેમેસ્ટ્રી વગેરે મુશ્કેલ (અઘરા) વિષયો માટે જેમને "નોબલ" પારિતોષિકોથી નવાજયા છે, એવા પાંચ વૈજ્ઞાનિકોને સાથે ભેગા કરીને પણ જો ઈમામ અહમદ રઝાના ઈલ્મની તોલે આવી શકે એવો આધુનિક યુગનો કોઈ સાયન્ટિસ્ટ પેદા કરી બતાવો તો "ઈમાન તન્ઝીમ" તેવા દેશ, સંસ્થા કે વ્યક્તિને આ માટે **રૂપિયા પાંચ લાખ રોકડા** "ઈનામ" સ્વરૂપે આપશે, એવી ઘોષણા કરી છે. અને આ રકમ ગમે ત્યારે કોઈપણ પૂર્વ શરત વિના આપવા તૈયાર છીએ.

અમારું આહવાન ફક્ત એટલું જ છે કે, ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہના દરજાનો તથા આપે સિદ્ધ (હાંસલ) કરેલા ઉલૂમો અને વૈજ્ઞાનિક સંશોધનોની તોલે આવી શકે, તેવો હોવો જોઈએ. –*(**હવાલો** : "ધી ઈમાન ટાઈમ્સ" (વીકલી) અંક નં. ૧૨, પેજ નં. ૧, સને ૨૦૦૫)*

કાર્યાલય

# બાળકોનો તર્બિયતી ગુલશન

## કફન ચોર

હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہ એક ઘણા જ મોટા બુઝુર્ગ અને અલ્લાહના વલી થઈ ગયા. જ્યારે કોઈ જગ્યાએ આપ વઅઝ ફર્માવતા તો આપની વઅઝની મજલિસમાં ઘણા જ દૂર દૂરથી લોકો આવીને શરીક થયા કરતા હતા.

એક વખતની વાત છે કે બલખના શહેરમાં આપ વઅઝ ફર્માવી રહ્યા હતા. વઅઝ કરતાં આપે ફર્માવ્યું કે અય અલ્લાહ ! મારી આ વઅઝની મજલિસમાં જે વ્યક્તિ બધાથી વધારે પાપી અને ગુનેહગાર છે તું એના પર તારો ફઝલો કરમ ફર્માવ અને એને બખ્શી દે.

સંજોગોવસાત એ જ મજલિસમાં એક કફન ચોર પણ હાજર હતો જેનો ધંધો જ એ હતો કે રાત્રે જ્યારે લોકો સૂઈ જાય તો તે કફન ચોર રાતના અંધારામાં કબ્રસ્તાન જતો અને તાજી કબ્ર ખોદીને મુડદાના શરીરથી એનો છેલ્લો લિબાસ એટલે કફન ચોરી લેતો અને એને બજાર લઈ જઈ યોગ્ય ભાવમાં વેચી દેતો.

એણે પણ ઘણા ધ્યાનથી વઅઝ સાંભળી. જ્યારે વઅઝની મહફિલ છૂટી પડી ગઈ તો લોકો પોત પોતાના ઘરે પાછા ફર્યા. જ્યારે રાત થઈ તો કફન ચોર પોતાની આદતના પ્રમાણે કબ્રસ્તાનમાં ગયો અને એણે જેવી એક કબ્ર ખોદવી શરૂ કરી તો ગૈબથી અવાજ આવ્યો, અય કફન ચોર ! તને તો આજે દિવસે હઝરત હાતિમ અસમની મજલિસમાં બખ્શી દેવામાં આવ્યો છે પછી આ ગુનોહ તેં આજે જ રાતથી ફરીવાર કેમ શરૂ કરી દીધો ?! આ સાંભળી કફન ચોર રડવા લાગ્યો, અને એણે સાચા દિલથી તૌબા કરી લીધી.

**ફાયદો :** પ્યારાં બાળકો ! આનાથી જાણવા મળ્યું કે બુઝુર્ગો અને આલિમોની વઅઝની મજલિસથી મોટા મોટા ફાયદાઓ પ્રાપ્ત થાય છે અને એનાથી એ પણ જાણવા મળ્યું કે અલ્લાહવાળાઓની મજલિસમાં હાજરીથી માણસ ખુદાની બખ્શિશ મેળવી લે છે, અને ગુનાહોથી પાક તથા સાફ થઈ જાય છે.

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ "બરકાતે ખ્વાજા" ગમ્યું ! ★

મોહતરમુલ મકામ હઝરત શબ્બીરભાઈ રઝવી સાહબ, સલામે અકીદત બાદ અર્ઝો ગુઝારિશ કે, ''બરકાતે ખ્વાજા'' નિયમિત રીતે મળી રહ્યું છે. વર્તમાન સમયમાં કલમી જેહાદમાં ગુજરાતી ભાષામાં આપનું માહનામુ અવ્વલ દરજ્જે જઈ રહ્યું છે. તે આપની નિખાલસતાનું પરિણામ છે. આપની શખ્સિયતથી હજુ વધુ પ્રમાણમાં સુન્નિયત અને મસ્લકે આ'લા હઝરત رضی اللہ عنہની ખિદમત થાય તેવી આ નાચીઝ એહલે બૈતની દિલી દુઆ છે. દુઆમાં યાદ રાખશો.

**–લિ.** *સૈયદ સિકંદર બાપુ કાદરી (ખલીફએ હુઝૂર અઝહરી મિયાં مدظلہ العالی)* [સૈયદ સાહબ કિબ્લા ! સલામ મસ્નૂન, આપે જે લખ્યું આપની ખુશફહમી છે, આ નાચીઝ બસ દુઆઓનો મોહતાજ છે. દીનનું રચનાત્મક કામ થતુ રહે, એ દુઆ કરતા રહેશો.*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*]

## ★ મદદની અપીલ ★

પાકી વિના નમાઝ નથી તો એ અહમ કામ માટે રાજપીપળા જુમ્આ મસ્જિદ ખાતે વુઝૂ ખાનાનું તથા પેશાબખાનુ, જાજરૂ, બાથરૂમ વગેરેના બાંધકામમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે મદદ કરશો. અંદાજે બે લાખનો ખર્ચ થાય એમ છે સંસ્થાનું કોઈ એવું ભંડોળ નથી જેથી સખીદાતાઓ આ કામે જરૂરથી સહકાર કરી સવાબના હક્કદાર બને એવી નમ્ર ગુઝારિશ છે.

**સંપર્ક કરો : રાજપીપળા જુમ્આ મસ્જિદ ટ્રસ્ટ**, પોલીસ સ્ટેશન સામે, કસ્બા, રાજપીપળા, મો. ૯૪૨૬૪ ૭૨૭૪૨ શરીફખાન તથા મન્સૂરી ફઝલભાઈ

**અલીઆબાડા** : મુકામે હઝરત સૈયદ હાજી અલી પીર બાબા رحمۃ اللہ علیہનો ઉર્સ તા. ૨૦ શાબાન હિ.સ. ૧૪૨૬ તા. ૨૫/૯/૨૦૦૫ ઈશા બાદ શાનો શૌકત સાથે મનાવાયો જેમાં હઝરત મૌલાના અન્વાર અહમદ કાદરી તથા હઝરત મૌલાના સગીર અહમદ જોખનપૂરીએ ઈમાન અફરોઝ બયાનો કર્યાં હતાં. જલ્સાનું સંચાલન મૌલાના અબ્દુર્રશીદે કર્યું હતું. સમગ્ર આયોજન અલીયા મેમણ જમાત તથા હાજી અલી પીર ઉર્સ કમિટીના સહકારથી થયું હતું.

## ★ શાદી મુબારક ★

**જંબુસર** : અબ્બાસભાઈ ગુલામભાઈ નેકીની નેક દુખ્તર નઝમાબાનુની શાદી તા. ૧૩–૪–૨૦૦૫ બુધવારે મુહમ્મદ અનીસ (S\o. ગુલામ રસૂલ ગુલામ મુસ્તફા મલેક) સાથે થઈ જેની ખુશીમાં ૫૧ રૂા. **''બરકાતે ખ્વાજા''** માસિકને મદદ મોકલી છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ધોરાજી** : થી જનાબ મુહમ્મદ રઝા વલીમિયાં બાપુ પટેલ હસ્તે મર્હૂમા જુબેદાબેન ઈબ્રાહીમ ગાજરાના સવાબ અર્થે રૂા. ૨૫૧/– મળ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ અમારા પેટ્રન ગ્રાહક બન્યા ! ★

''બરકાતે ખ્વાજા'' માસિકના ગ્રાહક નં. (૧૪૬૮) જે. ઈ. મંધરા, ચિશ્તિયા ટાઉનશીપ–ભરૂચ તા. ૧૯/૧૦/૨૦૦૫ના રોજ રૂા. ૧,૦૦૦/– ભરી પેટ્રન ગ્રાહક બન્યા છે. જઝાકલ્લાહ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈંતેકાલ પુરમલાલ ! ★

**દયાદરા** : ખાતે લાયલાબીબી અહમદ લાકડાવાળા તા. ૬/૧૧/૨૦૦૫ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં. મર્હૂમાની દફન વિધિ રવિવારના સવારના ૧૦ વાગ્યે રાખવામાં આવી હતી. મૌલા તઆલા તેમની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

**-કાર્યાલય** વિષય : મુસ્લિમો પર પશ્ચિમી ગુનાહિત હવાની ખરાબ અસરો અને તેનો ઈલાજ

### લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો

**દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ-બાલાસીનોર**

- મલેક સઈદ અશરફ ભાલેજવાળા
- સૈયદ મુહમ્મદ અખ્તર દહીઅપવાળા-કપડવંજ

**દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી-દયાદરા**

- હાફેઝ સુહેલ અબ્દુલ્લાહ મોટલી-દયાદરા

### આ સુસ્તી નહીં ચાલે !

ખૂબ જ દુઃખની વાત છે કે છેલ્લા લેખની હરિફાઈમાં રજબ, શાબાન, રમઝાન પછી શવ્વાલની ૧૫ મી સુધી મેં રાહ જોઈ પણ ફક્ત ત્રણ જ તલબાએ લેખો મોકલ્યા. હે આવતી કાલના દીનના સિપાહીઓ ! આવો ઠંડો પ્રતિસાદ રહ્યો તો દીનનું કામ મંદ પડી જશે ! ખુદારા ! ખુદારા ! દીન તથા સુન્નિયતનું દર્દ પેદા કરો અને આરામને છોડો અને કલમની તલ્વારને કાટ ન લગાડો ! લખવાનું ચાલુ રાખો. ***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

### ★★★★ સૂચના ★★★★

**લેખ લખનારા તલબા ધ્યાન રાખે કે....**

★ પઢાઈ સિવાય સમય કાઢીને વિવિધ ગુજરાતી-ઉર્દૂ રિસાલા તથા વર્તમાન પત્રોનો અભ્યાસ રોજની આદત બનાવે જેથી દિમાગ વિશાળ થશે. જાણકારી વધશે, લખવાનો ઢંગ મળશે વગેરે.

★ કુર્આનની આયતો લખે કે ન લખે પણ તર્જુમાની પાછળ સૂરતનું નામ તથા આયત નંબર જરૂર લખે.

★ હદીષ ટાંકયા બાદ કે શરૂમાં કિતાબનો હવાલો અને બહવાલા કઈ કિતાબમાંથી લખ્યું તે દર્શાવે.

★ વાકયા બયાન કરે તેમાં પણ પેજ નં. સાથે જે તે કિતાબનો હવાલો લખે.

★ જ્યાં વાત બદલાય ત્યાં **પેરેગ્રાફ** પાડે.

★ ડાબી બાજુ હાશિયાની જગા છોડીને લખાણ લખો.

★ લખાણ સુવ્યવસ્થિત લાગે તેમ સ્પષ્ટ શક્ય તેટલા સુઅક્ષરોમાં લખે.

★ જોડણી માટે બુક સ્ટોલ પરથી ગુજરાતી ડિક્ષનરીઓ મેળવી લે જેથી સરળતા રહે.

### ★ લેખ હરીફાઈમાં પ્રથમ ત્રણ નંબર મેળવનારાઓનાં નામો ★

| | | | |
|---|---|---|---|
| **નંબર ૧ :** | **મલેક સઈદ અશરફ ભાલેજવાળા** | રૂા. ૩૦૦/- | (પ્રથમ ઈનામ) |
| **નંબર ૨ :** | **સૈયદ મુહમ્મદ અખ્તર દહીંઅપવાળા** | રૂા. ૨૦૦/- | (બીજુ ઈનામ) |
| **નંબર ૩ :** | **હાફેઝ સુહેલ અબ્દુલ્લાહ મોટલી-દયાદરા** | રૂા. ૧૦૦/- | (ત્રીજુ ઈનામ) |

### ✪ હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?! ✪

## દીને હક્ક માટે સહાબાની કુર્બાનીઓ અને આપણે

તા. **૧૨-૨-૨૦૦૬** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

**✪ નોંધ ✪**

**લેખ હરીફાઈમાં ભાગ લેનાર દરેકને એક કિતાબ તથા બરકાતે ખ્વાજા અંક માર્ચ-૦૬નો ભેટમાં આપવામાં આવશે.**